# आराधक बनवानो मार्ग

लें० पू० पंन्यासजी महाराज श्री भद्रंकरविजयजी गणिवर

**[ १ ]**

[ आ एक अमारा महान सद्‌भाग्यनी वात छे के श्री कापरड़ाजी तीर्थ स्वर्ण जयंती महोत्सव ग्रन्थना प्रारंभमां ज अमें श्री नमस्कार महामंत्र आदि तात्त्विक विषयोना खास चिंतक परम पूज्य पंन्यासजी म० श्री भद्रंकर विजयजी गणिवरश्रीना मननपूर्ण बे निबंधो मेलववा भाग्यशाली थया छीए। प० पू० पंन्यासजी महाराजश्रीना हृदय मंथनमांथी नीतरेली आ अमृतोद्‌गारनी परंपरा आजे चारे बाजू जड़वादनी आगमां संतप्त जीवोने अमृत-स्नान करावी परम समता भावनी प्राप्तिमां जरूर हेतु भूत बनशे एवी अमने संपूर्ण श्रद्धा छे। ]

### सहजमलनो ह्रास अने भव्यत्वनो विकास

कर्मना संबंधमां आववानी जीवनी पोतानी योग्यताने सहजमल कहेवाय छे अने मुक्तिना संबंधमां आववानी जीवनी योग्यताने भव्यत्व स्वभाव कहेवाय छे। दरेक जीवनी योग्यता भिन्न भिन्न होय छे तेने तथाभव्यत्व कहेवाय छे।

सहजमलनो ह्रास अने तथाभव्यत्वनो विकास त्रण साधनोथी थाय छे। तेमां पहेलुं दुष्कृतगर्हा छे, बीजुं सुकृतानुमोदन छे अने त्रीजुं अरिहंतादि चारनुं शरणगमन छे।

दुष्कृतगर्हानो प्रतिबंधक मुख्यत्वे रागदोष छे, सुकृतानुमोदननो प्रतिबंधक द्वेष दोष छे अने शरण गमननो प्रतिबंधक मोह दोष छे। राग दोष ज्ञान गुण वडे जीताय छे। द्वेष दोष दर्शन गुण वडे जीताय छे अने मोह दोष चारित्र गुण वडे जीताय छे।

ज्ञान गुणनी पराकाष्ठा 'नमो' भावमां छे। दर्शन गुणनो पराकाष्ठा 'अर्हं' भावमां छे, अने चारित्र गुणनी पराकाष्ठा 'शरण' भावमां छे। ज्ञान गुण मंगलरूप छे, दर्शन गुण लोकोत्तम स्वरूप छे अने चारित्र गुण शरणागतिरूप छे। ए रीते रत्नत्रयीनो विकास आत्मानी मुक्तिगमन योग्यतानो परिपाक करे छे अने संसारभ्रमण योग्यतानो नाश करे छे।

### स्वदोष दर्शन अने परगुण दर्शन

चार वस्तु मंगल छे, चार वस्तु लोकमां उत्तम छे अने चार वस्तु शरण करवा योग्य छे। मंगलनी भावना ज्ञान स्वरूप छे। उत्तमनी भावना दर्शन स्वरूप छे। शरणनी भावना

चारित्र स्वरूप छे। ज्ञानवड़े राग दोष जाय छे। दर्शन वड़े द्वेष दोष जाय छे। चारित्र वड़े मोह दोष जाय छे।

राग जवाथी पोताना दोष देखाय छे। द्वेष जवाथी बीजाना गुण देखाय छे अने मोह जवाथी शरणभूत आज्ञानु स्वरूप जणाय छे।

स्वदोष दर्शन दोषनी गर्हा करावे छे। परगुण दर्शन परनी अनुमोदना करावे छे अने आज्ञानु स्वरूप समजवाथी आज्ञाना शरणे रहेवानी वृत्ति पेदा थाय छे।

गुणवाननी आज्ञा ज स्वीकारवा योग्य छे। दोष जवाथी ज गुण प्रगटे छे। आज्ञानु आराधन करवाथी ज दोष जाय छे, तेथी आज्ञानु आराधन मोक्षने माटे थाय छे अने आज्ञानी विराधना संसार ने माटे थाय छे।

स्वमति कल्पनानो मोह आज्ञापालनना अध्यवसायथी ज जाय छे। अने ते जवाथी शरण स्वीकारवामां बल पेदा थाय छे।

अरिहंतनु शरण, सिद्धनु शरण, साधुनु शरण अने केवली प्रज्ञप्त धर्मनु शरण ए अरिहंतादि चारनी लोकोत्तमताना ज्ञान ऊपर आधार राखे छे। ए चारनी लोकोत्तमता ए चारनी मंगलमयताना स्वीकार ऊपर आधार राखे छे। ए चारनी मंगलमयता तेमना ज्ञान, दर्शन, चारित्रनी मंगलमयताना आधारे छे। अने ज्ञान, दर्शन, चारित्रनी मंगलमयता राग, द्वेष अने मोहनो प्रतिकार करवाना सामर्थ्यमां रहेली छे।

## योग्यनुं शरण लेवाथी योग्यता विकसे छे

जीवने सौथी अधिक राग स्वजात ऊपर होय छे। ते रागना कारणे पोतामां रहेला अनंतानंत दोषोनु दर्शन थतु नथी। स्वजातनो राग पर प्रत्ये द्वेषनो आविर्भाव करे छे। ए द्वेषना प्रभावे पर गुण दर्शन थतु नथी। स्वदोष दर्शन अने परगुण दर्शन न थवाना कारणे मोहनो उदय थाय छे। मोहनो उदय थवाथी बुद्धि अवराय छे। बुद्धिनु आवरण शरण करवा योग्यनु शरण स्वीकारवामां अंतरायभूत थाय छे।

योग्यनु शरण न स्वीकारवाथी पोतानी अयोग्यता उपर काबू आवतो नथी पोतानी अयोग्यता कर्मबंधनना हेतुओ प्रत्ये दुर्लक्ष्य करावे छे अने कर्मक्षयना हेतुओनु सेवन करवामां प्रतिबंधक थाय छे, कर्म बंधना हेतुओथी पराङ्मुख थवा माटे अने कर्मक्षयना हेतुओनी सन्मुख थवा माटे योग्यता विकसाववी जोईए।

योग्यनु शरण लेवाथी योग्यता विकसे छे। योग्यनु शरण लेवानी योग्यता स्वदोष दर्शन अने परगुण ग्रहणथी पेदा थायछे। रागद्वेषनी मंदता थवाथी परगुण अने स्वदोषदर्शन थाय छे। अने रागद्वेषनी मंदता ज्ञान-दर्शन गुणनो विकास थवाथी थाय छे।

ज्ञानदर्शन गुणनो विकास अरिहंतादिनी मंगलमयता अने लोकोत्तमताने जोवाथी अने तेमनुं शरण स्वीकारवाथी थाय छे ।

**दुष्कृत एटले स्वकृत अनंतानंत अपराध**

**अने**

**सुकृत एटले परकृत अनंतानंत उपकार**

वीतराग परमात्मा निग्रहानुग्रह सामर्थ्ययुक्त अने सर्वज्ञसर्वदर्शित्व गुणने धारण करनारा होवाथी सर्व पूज्य छे ।

राग दोष जवाथी करुणागुण प्रगटे छे । द्वेष दोष जवाथी माध्यस्थ्य भाव प्रगटे छे । करुणा गुणनो स्थायी भाव अनुग्रह छे अने माध्यस्थ्य गुणनो स्थायी भाव निग्रह छे । जातनो पक्षपात ते राग छे । पोतानी जात सिवाय सर्वनी उपेक्षा ते द्वेष छे ।

राग ए स्वदुष्कृत गर्हानो प्रतिबन्धक छे अने द्वेष ए पर सुकृतानुमोदननो प्रतिबंधक छे । अहीं दुष्कृत एटले स्वकृत अनंतानंत अपराध अने सुकृत एटले परकृत अनंतानंत उपकार । पोताना अपराधनी गर्हा अने बीजाना उपकारनी प्रशंसा तोज थाय के अप्रशस्त रागद्वेष जाय । ज्ञान दर्शन गुण रागद्वेषना प्रतिपक्षी छे। एटले रागद्वेष जवाथी एक बाजु अनंत ज्ञान दर्शन गुण प्रगटे छे अने बीजी बाजु निग्रहानुग्रह सामर्थ्य प्रगटे छे । अने ते बंनेना कारणभूत करुणा अने माध्यस्थ्य भाव जागे छे ।

वीतराग एटले करुणाना निधान अने माध्यस्थ्य गुणना भंडार तथा वीतराग एटले अनंत ज्ञान दर्शन स्वरूप केवलज्ञान अने केवल दर्शनना मालिक, सर्व वस्तुने जाणनारा अने जोनारा छतां सर्वथी अलिप्त रहेनारा । सर्व ऊपर पोतानो प्रभाव पाड़नारा पण कोईना पण प्रभाव नीचे कदी पण नहीं आवनारा ।

**आत्मामां रहेली अचिन्त्य शक्तिनो स्वीकार**

वीतरागता ए आ रीते निष्क्रियता स्वरूप नहीं पण सर्वोच सक्रियतारूप ( Most Dynamic ) छे । ते क्रिया अनुग्रह-निग्रहरूप छे अने अनुग्रह-निग्रह ए रागद्वेषना अभाव-मांथी उत्पन्न थयेल आत्मशक्तिरूप छे ।

आपणे जोयुं के आत्मानी सहज शक्ति ज्यारे आवरण रहित थाय छे त्यारे तेमांथी एक बाजु सर्वज्ञता-सर्वदर्शिता प्रकटे छे । अने बीजी बाजु निग्रह अनुग्रह सामर्थ्य प्रगटे छे । ते बन्नेने प्रगटाववानो उपाय आवरण रहित थवुं ते छे । आवरण रागद्वेष अने अज्ञानरूप छे । अज्ञान टालवा माटे स्व अपराधनो स्वीकार अने परकृत उपकारनो अंगीकार अने ए बन्ने पूर्वक अचिन्त्य शक्तियुक्त आत्मतत्वनो आश्रय अनिवार्य छे ।

आत्म तावनो आश्रय एटले प्रथम आत्मामां रहेली अचिन्त्य शक्तिनो स्वीकार। (Consciousness of the Eternal Soul Power) ए स्वीकार थवाथी अनंतानुबंधी राग-द्वेष टली जाय छे। पूर्वे कदी न अनुभवेलो एवो समत्व भाव प्रगटे छे। ए समत्व भाव अपक्षपातिता अने मध्यस्थवृत्तितारूप छे।

मोटामां मोटो पक्षपात स्वदोष छे। पोते निर्गुण अने दोषवान होवा छतां पोताने निर्दोष अने गुणवान मानवानी वृत्तिरूप पक्षपात समत्व भावथी टली जाय छे।

## वीतराग अवस्था ज परम पूजनीय छे

पोते करेला उपकारना महत्त्व जेटलुं ज के तेथी अधिक परकृत उपकारोनुं महत्व छे, एवो मध्यस्थवृत्तितारूप समत्व भाव ए द्वेष दोषना प्रतिकार स्वरूप छे। उभय प्रकारनुं समत्व रागद्वेषने निर्मूल करी आत्माना शुद्ध स्वभावरूप केवलज्ञान-केवलदर्शनने उत्पन्न करे छे। तेमां लोकालोक प्रतिभासित थाय छे, परंतु ते कोईथी प्रतिभासित थतुं नथी, केमके ते स्वयंभू छे। तेथी वीतराग अवस्था ज परम पूजनीय छे अने तेने प्राप्त करवाना उपायभूत दुष्कृत गर्हा, सुकृतानुमोदन अने शरण गमन ए परम उपादेय छे।

वीतरागोऽप्यसौ देवो, ध्यायमानो मुमुक्षुभिः।
स्वर्गापवर्गफलदः, शक्तिस्तस्य हि तादृशी ॥१॥

आ देव वीतराग होवा छतां मुमुक्षु वडे ज्यारे ध्यान कराय छे त्यारे ते स्वर्गापवर्गरूपी फलने आपे छे केमके तेमनी निश्चित तेवा प्रकारनी शक्ति छे।

वीतरागोऽप्यसौ ध्येयो, भव्यानां स्याद् भवच्छिदे।
विच्छिन्नबन्धनस्यास्य, तादृग् नैसर्गिको गुणः॥

आ ध्येय वीतराग होवा छतां भव्य जीवोना भवोच्छेदने माटे थाय छे। बंधन जेओना छेदाई गयां छे, तेओमां आ नैसर्गिक गुण होय छे।

वीतराग आत्माओनो स्वभाव ज तेमनुं ध्यान करनाराओना रागद्वेष छेद करवानो छे 'स्वभावोऽतर्कगोचरः।' स्वभाव तर्कनो अविषय छे। वस्तु स्वभावना नियम मुजब वीतराग वस्तुनो स्वभाव ज स्व पर भवोच्छेदक छे। कोई पण वस्तुस्वभाव तर्कथी अग्राह्य छे।

## परार्थभाव ए ज साची दुष्कृत गर्हा
## अने
## कृतज्ञता गुण ए साचुं सुकृतनुं अनुमोदन

दुष्कृत मात्रनुं प्रायश्चित्त परार्थवृत्ति छे। केमके परपीड़ाथी दुष्कृतनुं उपार्जन छे तेथी तेनी विपक्ष परार्थवृत्तिनुं सेवन तेना निराकरणनो उपाय छे।

कृति मात्र मन वचन कायाथी थाय छे। तेमां दुष्टत्व लावनार परपीडानो अध्यवसाय छे, अने ते अध्यवसाय राग भावमांथी, स्वार्थभावमांथी जन्मे छे। स्वार्थभावनो प्रतिपक्षीभाव परार्थभाव छे, तेथी परार्थभाव ए ज भव्यत्व परिपाकनो तात्त्विक उपाय छे, परन्तु ते परार्थभाव परपीडाना प्रायश्चित्त रूप होवो जोईए।

परार्थभावथी एक तरफ नूतन परपीडानुं वर्जन थाय छे अने बीजी तरफ पूर्वे करेली परपीडानुं शुद्धिकरण थाय छे। तेथी परार्थभाव ए ज साची दुष्कृतगर्हा छे। दुष्कृत गर्हणीय छे, त्याज्य छे, हेय छे, एवी साची बुद्धि तेने ज उत्पन्न थयेली गणाय के जेने सुकृत ए अनुमोदनीय छे, उपादेय छे, आदरणीय छे, एवो भाव स्पष्ट थयेलो होय।

परपीडा ए दुष्कृत छे, तो परोपकार ए सुकृत छे, परोपकारमां कर्त्तव्यबुद्धि पेदा थवी ए ज दुष्कृत मात्रनुं साचुं प्रायश्चित्त छे। परोपकार जेने कर्त्तव्य लागे तेनामां एक बीजो गुण उत्पन्न थाय छे, तेनुं नाम कृतज्ञता छे।

बीजानो पोता ऊपर थयेलो उपकार जेने स्मरण पथमां नथी ते परोपकार गुणने समज्यो ज नहि। कृतज्ञता गुण सुकृतनुँ अनुमोदन करावे छे तेथी परोपकार वृत्ति दृढ थाय छे। एटलुं ज नथी पण परार्थकरणो अहंकार तेथी विलीन थईजाय छे। पोते जे कंई परार्थकरण करे छे, ते पोता ऊपर बीजाओनो जे उपकार थई रह्यो छे तेनो शतांश, सहस्रांश के लक्षांश भाग पण होतो नथी परार्थभावनी साथे कृतज्ञता गुण जोडायेलो होय तो ज ते परार्थभाव तात्त्विक बने छे।

## अरिहंतादिनुं शरण गमन

परार्थवृत्ति अने कृतज्ञता गुण बड़े दुष्कृतगर्हा अने सुकृतानुमोदनरूप भव्यत्व परि-पाकना बे उपायोनुं सेवन थाय छे। त्रीजो उपाय अरिहंतादि चारनुं शरण गमन छे। अहिं शरण गमननो अर्थ ए छे के जेओ परार्थभाव अने कृतज्ञता गुणना स्वामी छे, तेओने ज पोताना एक आदर्श मानवा, तेमना ज सत्कार, सन्मान, आदर बहुमानने पोतानां कर्त्तव्य मानवा।

परार्थ भाव अने कृतज्ञता गुणना साचा अर्थी जीवोमां ते बे भावनी टोचे (Climax) पहोंचेलाओनी शरणागति, भक्ति, पूजा, बहुमान वगेरे सहजपणे आवे छे। जो ते न आवे तो समजवुं के तेने अंतरथी दुष्कृतगर्हा के सुकृतानुमोदन थयेलुं नथी। एटलुं ज नहीं पण दुष्कृतगर्हा के सुकृतानुमोदननो भाव तेनामां उत्पन्न थयो होय तो पण ते सानुबंध नथी। ज्ञान श्रद्धापूर्वकनो नथी।

ज्ञान अने श्रद्धाथी विहीन एवो दुष्कृतगर्हा अने सुकृतानुमोदननो भाव निरनुबंध बने छे। क्षणवार टकीने चाल्यो जाय छे। तेथी तेने सानुबंध बनाववा माटे ते बे गुणोने पामेला अने तेनी टोचे पहोंचेला पुरुषोनी शरणागति अपरिहार्य छे।

ए शरणागति परार्थभाव अने कृतज्ञता गुणने सानुबंध बनाववा माटेनुं सामर्थ्य पुरुं पाडे छे, वीर्य वधारे छे, उत्साह जगाडे छे अने तेमनी जेम ज्यां सुधी पूर्णत्व प्राप्त न थाय अर्थात् ते बे गुणोनी क्षायिक भावे सिद्धि न थाय त्यां सुधी साधनामां विकास थतो रहे छे। तेने अनुग्रह पण कहेवाय छे। साधनामां उत्तरोत्तर विकास वधारी सिद्धि सुधी पहोंचाडनार श्रेष्ठ प्रकारना आलंबनो प्रत्ये आदरनो परिणाम अने तेथी प्राप्त थती सिद्धि ए तेमनो अनुग्रह गणाय छे। कह्युं छे के :—

आलंबनादरोद्भूतप्रत्यूहक्षययोगतः।
ध्यानाद्यारोहणभ्रंशो, योगिनां नोपजायते ॥

—अध्यात्मसार-

ऊँचे चढवामां आलंबनभूत थनारा तत्त्वो प्रत्ये आदरना परिणामथी सिद्धिनी आडे आवतां विघ्नोनो क्षय थाय छे अने ते विघ्नक्षयथी योगी पुरुषोने ध्यानादिना आरोहणथी भ्रंश थतो नथी।

आलंबनोना आदरथी थता प्रत्यक्ष लाभने ज शास्त्रकारो अरिहंतादिनो अनुग्रह कहे छे।

## अरिहंतादि चारनुं अवलम्बन स्वरूपना बोधनुं कारण छे

जेनुं आलंबन लइने जीव आगल वधे छे तेनो उपकार हृदयमां न वसे तो ते पाछो पतनने पामे छे। एटले परार्थवृत्तिरुपी दुष्कृत गर्हा, कृतज्ञता गुणना पालन स्वरूप सुकृतानुमोदना अने ते गुणोनी सिद्धिने वरेला महापुरुषोनी शरणागति, ए त्रणे उपायो मलीने जीवनी मुक्तिगमन योग्यता विकसावे छे अने भवभ्रमणनी शक्तिनो क्षय करे छे।

साची दुष्कृत गर्हा अने सुकृतानुमोदना दुष्कृत रहित अने सुकृतवान तत्त्वोनी भक्ति साथे जोडायेली ज होय छे। तेथी एक भक्तिने ज मुक्तिनी दूती कहेली छे।

कृतज्ञता गुण सुकृतनी अनुमोदना रूप छे। परार्थ वृत्ति दुष्कृतनी गर्हा रूप छे। दुष्कृतनी गर्हारूप परार्थ वृत्ति अने सुकृतनी अनुमोदनारूप कृतज्ञताभावथी विशुद्ध थयेल अंतःकरणमां शुद्ध आत्मतत्त्वनुं प्रतिबिंब पड़े छे। शुद्ध आत्मताव अरिहंत, सिद्ध, साधु अने केवली कथित धर्मथी अभिन्नस्वरूपवालुं छे।

अरिहंतादि चारनुं शरण गमन ए मुक्तिनुं अनन्य कारण छे। मुक्ति ए स्वरूपलाभरूप छे। स्वरूपनो बोध ए अरिहंतादि चारना अवलंबनथी थाय छे। अरिहंतादि चारनुं अवलंबन स्वरूपना बोधनुं कारण छे। आत्मामां आत्माथी आत्माने जाणवानुं साधन अरिहंतादि चारनुं शरण-स्मरण छे। ए चारनुं स्मरण ए ज तत्त्वथी आत्मस्वरूपनुं स्मरण छे।

आत्मानुं स्वरूप निश्चयथी परमात्म तुल्य छे, एवो बोध जेने थयेलो छे, तेने परमात्म स्मरण ए ज वास्तविक शरण गमन छे।

## આત્મતત્ત્વનું સ્મરણ વિશુદ્ધ અંતઃકરણમાં થાયછે

આત્મતત્ત્વનું સ્મરણ વિશુદ્ધ અંતઃકરણમાં થાય છે। અંતઃકરણની વિશુદ્ધિ દુષ્કૃત-ગર્હા અને સુકૃતાનુમોદનથી થાય છે।

દુષ્કૃત પરપીડારૂપ છે। તેની તાત્ત્વિક ગર્હા ત્યારે થાય છે કે જ્યારે પરપીડાથી ઉપાર્જન કરેલાં પાપકર્મને પરોપકાર વડે દૂર કરવાનો વીર્યોલ્લાસ જાગેછે।

પરાર્થકરણનો વીર્યોલ્લાસ એ જ પરપીડાકૃત પાપની સાચી ગર્હાના પરિણામ સ્વરૂપ છે। દુષ્કૃત ગર્હામાં પરાર્થકરણની વૃત્તિ છુપાએલી છે। સુકૃતાનુમોદનમાં પરાર્થકરણનું હાર્દિક અનુમોદન છે। ચતુઃશરણ ગમનમાં પરાર્થકરણ સ્વભાવવાળા આત્મતત્ત્વનો આશ્રય છે।

આત્મતત્ત્વ પોતે જ પરાર્થકરણ અને પરપીડાના પરિહાર સ્વરૂપ છે। આત્માનો તે મૂલ સ્વભાવ પ્રાપ્ત કરવા માટે જ પરપીડાનું ગર્હણ અને પરોપકાર ગુણનું અનુમોદન છે।

શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થયેલા અરિહંતાદિ ચાર સર્વથા પરાર્થકરણોદ્યત હોય છે। તેથી તે સ્વરૂપનું શરણ સ્વીકારવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે, ઉપાસના કરવા લાયક છે।

શુદ્ધ આત્મતત્ત્વ હંમેશાં પોતાના સ્વભાવથી જ શુદ્ધિકરણનું કાર્ય કરે છે તેથી તે જ પુનઃ પુનઃ સ્મરણીય છે, આદરણીય છે, જ્ઞેય છે શ્રદ્ધેય છે અને ધ્યેય છે। સર્વ ભાવથી શરણ્ય છે-શરણ લેવા લાયક છે।

જ્યાંસુધી સ્વકૃત-પોતેકરેલા દુષ્કૃતની ગર્હા થતી નથી, એક નાનું પણ દુષ્કૃત ગર્હાના વિષય વિનાનું રહે છે, ત્યાં સુધી સ્વપક્ષપાતરૂપી રાગદોષનો વિકાર વિદ્યમાન છે એમ સમજવું। ગર્હાના સ્થાને અનુમોદના હોવાથી તે મિથ્યા છે, તેથી વાસ્તવિક અનુમોદનાનું સ્થાન જે પર સુકૃત તેની અનુમોદના પણ સાચી થતી નથી।

પરકૃત અલ્પ પણ સુકૃતનું અનુમોદન બાકી રહી જાય છે ત્યાં સુધી અનુમોદનના સ્થાને અનુમોદનના બદલે ઉપેક્ષા કાયમ રહે છે અને તે ઉપેક્ષા પણ એક પ્રકારની ગર્હા જ બને છે। સુકૃતની ગર્હા અને દુષ્કૃતનું અનુમોદન અંશે પણ વિદ્યમાન હોય ત્યાં સુધી સાચું શરણ પ્રાપ્ત થતું નથી। દુષ્કૃતનું અનુમોદન રાગરૂપ છે અને સુકૃતનું ગર્હણ દ્વેષરૂપ છે। તેના પાયામાં મોહ યા અજ્ઞાન યા મિથ્યાજ્ઞાન રહેલું છે।

એ મિથ્યાજ્ઞાનરૂપી મોહનીય કર્મની સત્તામાં અરિહંતાદિનું શુદ્ધ આત્મ સ્વરૂપ ઓળખાતું નથી કેમકે તે રાગદ્વેષ રહિત છે।

## વીતરાગ અવસ્થાની સૂઝ-બૂઝ

રાગદ્વેષ રહિત શુદ્ધ સ્વરૂપની સાચી ઓળખાણ થવા માટે દુષ્કૃત ગર્હા અને સુકૃતાનુ-મોદન સર્વાંશ શુદ્ધ થવું જોઈએ। એ થાય ત્યારે જ રાગદ્વેષ રહિત અવસ્થાવાનની સાચી

शरणागति प्राप्त थई शके छे अने ए शरणागति प्राप्त थाय तो ज भवनो अंत आवी शके छे।

भवनो अंत लाववा माटे रागद्वेष रहित वीतराग अवस्थानी अंतःकरणमां सूझ-बूझ थवी जोईये। सूझ एटले शोध अर्थात् जिज्ञासा अने बूझ एटले ज्ञान। वीतराग अवस्थानी सूझ-बूझ दुष्कृतगर्हा अने सुकृतानुमोदननी अपेक्षा राखे छे। वीतराग अवस्थानुँ माहात्म्य पिछाणवा माटे हृदयनी भूमिका तेने योग्य थवी जोईये।

ए योग्यता गर्हणीयनी गर्हा अने अनुमोदनीयनी अनुमोदनाना परिणामथी प्रगटे छे। गर्हा दुष्कृत मात्रनी होवी जोईए। अनुमोदना सुकृत मात्रनी होवी जोईये। ए बे होय त्यारे रागद्वेषनी तीव्रता घटी जाय छे। रागंनो राग न होवो अने द्वेष प्रत्ये द्वेषनी वृत्ति होवी ए रागद्वेषनी तीव्रतानो अभाव छे। दुष्कृत गर्हा अने सुकृतानुमोदननी हयातिमां तेनी सिद्धि थाय छे। एथी वीतरागतानी कदर थाय छे, वीतरागताना शरणे जवानी वृत्ति जागे छे, वीतरागता ए ज श्रद्धेय, ध्येय अने शरण्य लागे छे। पछी वीतरागता अचिन्त्यशक्तियुक्त छे, तेनो अनुभव थाय छे। रागद्वेष रहित वीतराग अवस्था अचिन्त्य-शक्तियुक्त छे, तेनाथी विमुख रहेनारनो निग्रह अने तेनी सन्मुख थनारनो ते अनुग्रह करे छे।

लोकालोक प्रकाशक केवलज्ञान अने केवल दर्शन के जे आत्मानुं सहज स्वरूप छे, ते वीतराग अवस्थामां ज प्रकाशी उठे छे, अन्य अवस्थामां ते विद्यमान होवा छतां अप्रगट रहे छे। केवलज्ञान-केवलदर्शन वड़े लोकालोकना भाव हस्तामलकवत् प्रतिभासे छे। सर्व द्रव्योना त्रिकालवर्ती सर्व पर्यायोनुं ते ग्रहण करे छे। समये समये ज्ञानवडे सर्वने जाणे छे अने दर्शन वडे सर्वने जुए छे।

वीतरागताना शरणे रहेनारने तेमना ज्ञानदर्शननो लाभ मले छे। ए ज्ञानदर्शनवडे प्रति-भासित सर्व पदार्थोना सर्व पर्यायादिनी क्रमबद्धता निश्चित थाय छे। तेथी जगतमां बनी गयेला बनीरहेला अने भविष्यमां बननारा सारा नरसा बनावोमां रागद्वेष अने हर्षशोकनी कल्पनाओ नाश पामे छे।

## शरणगमन वडे चित्तनुं समत्व

समग्र विश्वतंत्र प्रभुना ज्ञानमां भासे छे अने ते ज रीते प्रवर्तित थाय छे। तेथी प्रभुने आधीन रहेनारने विश्वनी पराधीनता मटी जाय छे। विश्व ने आधीन प्रभु नथी पण प्रभुना ज्ञानने आधीन विश्व छे। एवी प्रतीति थाय छे तेथी चित्तनुं समत्व अखंडपणे जलवाई रहे छे।

समत्व जलवाई रहेवाथी आत्मा अखंड संवर भावमां रहे छे। नवा आवतां कर्म रोकाई जाय छे अने जुनां कर्म भोगवाई जाय छे। तेथी कर्म रहित थई आत्मा अव्याबाध सुखनो भोक्ता थाय छे। अरिहंतादि चारना शरणनो आ अचिन्त्य प्रभाव छे।

अरिहंत अने सिद्धनुं वीतराग स्वरूप छे। साधुनुं निर्ग्रन्थस्वरूप छे अने केवलिकथित धर्मनुं दयामय स्वरूप छे। धर्म ए ध्रुव छे, नित्य छे, अनंत अने सनातन छे। तेनुं प्रधान लक्षण दया छे।

दयामां पोताना दुःखना द्वेष जेटलो ज द्वेष बीजानां दुःखो प्रत्ये पण जागे छे। पोताना सुखनी इच्छा जेटली ज इच्छा बीजाना सुखो प्रत्ये पण उत्पन्न थाय छे। ए इच्छा रागात्मक होवा छता परिणामे रागने निर्मूल करनारी छे।

दयामां बीजा बधानां दुःखो प्रत्ये पोताना दुःख जेटलो ज द्वेष छे। छतां ते द्वेष, द्वेषवृत्ति ने अंते निर्मूल करे छे। जेम कांटाथी ज कांटो नीकले छे अने अग्निथी अग्नि शमे छे तथा विषथी विष नाश पामे छे, ए न्याये रागद्वेषनी वृत्ति रूपी कांटाने काढवा माटे सर्व जीवोना सुखनो राग अने सर्व जीवोना दुःखनो द्वेष अन्य कांटानुं काम करे छे।

अप्रशस्त कोटिना राग द्वेषरूपी विषने शमाववा माटे बीजा विषनुं काम करे छे। स्वजातना सुख विषयक राग अने स्वजातना दुःख विषयक द्वेषरूपी आर्त्तध्याननी अग्निने बुझाववा माटे सर्वजीवोना सुखनी अभिलाषारूपी राग अने सर्व दुःखी जीवोना दुःख प्रत्येनो द्वेष धर्मध्यान रूपी अग्निनी गरज सारे छे।

## धर्मवृक्षना मूलमां दया छे तेथी धर्मवृक्षना फलमां पण दया ज प्रकटे छे

दया लक्षण धर्म ए रीते अप्रशस्त रागद्वेषनुँ शल्य दूर करवामां साधनरूप बनी, जीवने सदाने माटे रागद्वेष रहित वीतराग अवस्था पमाडनार थाय छे।

वीतराग अवस्था अवश्य सर्वज्ञता अने सर्वदर्शिता अपावनारी होवाथी दया प्रधान धर्म, सर्वज्ञता अने सर्वदर्शिताने पमाडनार पण थाय छे। दया छे प्रधान जेमा एवो केवलिकथित धर्म जे कोई त्रिकरणयोगे यावज्जीवित प्रतिज्ञा पूर्वक साधनारा छे, तेओ साधु-निर्ग्रन्थ गणाय छे। रागद्वेषनी गांठथी घणा छूटेला होवाथी अने शेष अंशथी स्वल्प कालमां ज अवश्य छुटनारा होवाथी तेओ पण शरण्य छे।

निर्ग्रन्थ अवस्था वीतराग अवस्थाने अवश्य लावनारी होवाथी ते प्रच्छन्न वीतरागता ज छे। दया प्रधान धर्मनुँ प्रथम फल निर्ग्रन्थता छे अने अंतिम फल वीतरागता छे। क्षयोपशम भावनी दयानुँ परिपूर्ण पालन ते निर्ग्रन्थता छे अने क्षायिक भावनी दयानुँ प्रकटीकरण ते वीतरागता छे।

निर्ग्रन्थता (साधु धर्म) ए प्रयत्न साध्य दयानुँ स्वरूप छे अने वीतरागता ए सहज साध्य दयामयता छे। दया सर्वमां मुख्य छे, पछी ते धर्म हो के धर्मने साधनारा साधु हो के साधुपणाना फलस्वरूप अरिहंत के सिद्ध परमात्मा हो।

धर्म वृक्षना मूलमां दया छे तेथी धर्म वृक्षना फलमां पण दया ज प्रकटे छे। साधु दयाना भंडार छे तो अरिहंत अने सिद्ध ए दयाना निधान छे। दयावृत्ति अने दयानी प्रवृत्तिमां तारतम्यता भले हो पण बधानो आधार एक दया ज छे, ते सिवाय बीजुँ कशुँ ज नथी।

## अरिहंत अने सिद्ध परमात्मानुं ध्यान ए कर्मक्षयनुं असाधारण कारण छे

जीवनुँ रूपांतर करनार रसायणना स्थाने एक दया छे, ते कारणे तीर्थंकरोए दयाने ज वखाणी छे। धर्मतत्त्वनुँ पालन पोषण अने संवर्धन करनारी एक दया ज छे अने ते दुःखी अने पापी प्राणीओना दुःख अने पापनो नाश करवानी वृत्ति अने प्रवृत्तिरूप छे तथा क्षायिक भावमां सहज स्वभावरूप छे। ते स्वभाव दुःखरूपी दावानलने एक क्षणमात्रमां शमाववा माटे पुष्करावर्त्त मेघनी गरज सारे छे। पुष्करावर्त्त मेघनी धारा जेम भयंकर दावानलने पण शांत करी दे छे, तेम आत्मानो सहज शुद्ध स्वभाव जेओने प्रगट थयो छे, तेओना ध्यानना प्रभावथी दुःख दावानलमां दाझता संसारी जीवोना दुःख दाह एक क्षणवारमां शमी जाय छे।

शुद्ध स्वरूपने पामेला अरिहंतादि आत्माओनुँ ध्यान तेमना पूजन वडे, स्तवन वडे, तेमनी आज्ञाना पालन आदि वडे थाय छे। शुद्ध स्वरूपने पामेला आत्माओनुं ध्यान ए ज परमात्मानुँ ध्यान छे अने ए ज निज शुद्धात्मानुं ध्यान छे।

ध्यान वडे ध्याता ध्येयनी साथे एकतानो अनुभव करे छे ते समापत्ति छे। अने ते ज एक कर्मक्षयनुं असाधारण कारण छे। निज शुद्ध आत्मा द्रव्य, गुण अने पर्यायथी अरिहंत अने सिद्ध समान छे, तेथी अरिहंत अने सिद्ध परमात्मानुँ ध्यान द्रव्य, गुण अने पर्यायथी पोताना शुद्ध आत्माना ध्याननुँ कारण बने छे। कारणमांथी कार्य उत्पन्न थाय छे, ए न्याये अरिहंत अने सिद्ध परमात्माना ध्यान वडे सकल कर्मनो क्षय थवाथी पोतानुँ शुद्ध स्वरूप प्रगटे छे।

कर्मक्षयनुँ असाधारण कारण शुद्ध स्वरूपनुँ ध्यान छे। कह्युं छे के—

मोक्षः कर्म क्षयादेव,
स चाऽत्मज्ञानतो भवेत्।
ध्यानसाध्यं मतं तच्च,
तद्ध्यानं हितमात्मनः ॥१॥

सकल कर्मना क्षयथी मोक्ष उत्पन्न थाय छे। अने सकल कर्मनो क्षय आत्मज्ञानथी थाय छे। आत्मज्ञान परमात्माना ध्यानथी प्रगटे छे, तेनी पोतान शुद्ध आत्मस्वरूपना

लाभरूप मोक्ष मेलववा माटे परमात्माना ध्यानमां लीन थवुं जोईये केमके ते ध्यान ज आत्माने मोक्षसुखनुं असाधारण कारण होवाथी अत्यंत हित करे छे।

## स्वरूपनी अनुभूति

अरिहंतादि चारनुं शरण ए शुद्ध आत्मस्वरूपनुं स्मरण करावनार होवाथी अने तेना ध्यानमां ज तल्लीन करनार होवाथी तत्त्वतः शुद्ध आत्मस्वरूपनुं ज शरण छे। अने शुद्ध आत्मस्वरूपनुं शरण एज परम समाधिने अर्पनार होवाथी परम आदेय छे। ते माटेनी योग्यता दुष्कृत गर्हा अने सुकृतानुमोदनथी प्राप्त थाय छे तेथी दुष्कृत गर्हा अने सुकृतानुमोदना पण उपादेय छे।

दुष्कृत गर्हा अने सुकृतानुमोदना सहित अरिहंतादि चारनुं शरण ए भव्यत्व परिपाकना उपाय तरीके शास्त्रमां वर्णवेलुं छे, ते युक्ति अने अनुभवथी पण गम्य छे।

दुष्कृतगर्हा अने सुकृतानुमोदन परार्थवृत्ति अने कृतज्ञता भावने उत्तेजित करनार होवाथी अंतःकरणनी शुद्धता करे छे, ए युक्ति छे अने शुद्ध अन्तःकरणमां ज परमात्म स्वरूपनुं प्रतिबिंब पडी शके छे, एवो सर्व योगी पुरुषोनो छे पण अनुभव छे।

समुद्र के सरोवर ज्यारे निस्तरंग बने छे त्यारे ज तेमां आकाशादिनुं प्रतिबिंब पड़ी शके छे। तेनी जेम अन्तःकरणरूपी समुद्र के सरोवर ज्यारे संकल्प विकल्परूपी तरंगोथी रहित बने छे त्यारे ज तेमां अरिहंतादि चारनुँ अने शुद्धात्मानुँ प्रतिबिंब पड़े छे।

अंतःकरणने निस्तरंग अने निर्विकल्प बनावनार दुष्कृतगर्हा अने सुकृतानुमोदनना शुभ परिणाम छे अने तेमां शुद्धात्मानुँ प्रतिबिंब पाड़नार अरिहंतादि चारनुँ स्मरण अने शरण छे।

स्मरण ध्यानादि वडे थाय छे अने शरणगमन आज्ञापालनाना अध्यवसाय वडे थाय छे। आज्ञापालननो अध्यवसाय निर्विकल्प चिन्मात्र समाधिने आपनारो छे। अने निर्विकल्प चिन्मात्र समाधि अर्थात् शुद्धात्मानी साथे एकतानी अनुभूतिने अंग्रेजीमां Self Identification (सेल्फ आइडेन्टीफिकेशन) स्वरूपनी अनुभूति पण कहे छे।

ए रीते परंपराए दुष्कृत गर्हा अने सुकृतानुमोदननुँ अने साक्षात् श्री अरिहंतादि चारना शरणगमननुँ फल होवाथी ते त्रणेने जीवनुँ तथाभव्यत्व, मुक्तिगमन योग्यत्व पकावनार तरीके शास्त्रमां ओलखाववामां आवेल छे, ते यथार्थ छे।

दुर्लभ एवा मानव जीवनमां ते त्रणे साधनोनो भव्यत्व पकाववाना उपाय तरीके आश्रय लेवो ए प्रत्येक मुमुक्षु आत्मानुं परम कर्त्तव्य छे।

# महामंत्रनी अनुप्रेक्षा

लेखक पू० पंन्यासजी महाराज श्री भद्रंकरविजयजी गणिवर

[ २ ]

### मननुं बल मंत्रथी विकसे छे

नमस्कार मनुष्यनी पोतानी पुंजी छे । नमवुँ ए ज मानवमन अने बुद्धिनुं तात्त्विक फळ छे । नमः ए दैवी गुण अने आध्यात्मिक संपत्ति छे ।

बीजाना गुण ग्रहण करवानी शक्ति (Receptivity) नमस्कारमां रहेली छे । शरीरने मन करतां वधु महत्त्व न मलवुं जोईए । शरीर ए गाडी छे अने मन ए घोडो छे । मनरूपी घोडो शरीररूपी गाडीनी आगळ जोडवो जोईए ।

मन वडे ज तत्त्वनी प्राप्ति थाय छे । शाश्वत सुख अने साची शांति अंतरमांथी मेलववानी छे । हाथीनुँ शरीर मोटुँ अने वजनदार छे परन्तु कामी छे । सिंहनुँ शरीर नानुँ अने हलकुँ होवा छतां कामनो विजेता छे, तेथी हाथीने पण सिंह जीती जाय छे । मानवीनुँ मन सिंह करतां पण बळवान होवाथी सिंहने पण वश करीने पांजरामां पूरे छे ।

मननुँ बळ मंत्रथी विकसे छे । मंत्रमां सौथी श्रेष्ठ मंत्र नमस्कार मंत्र छे । तेथी अंतरना शत्रु काम, क्रोध अने लोभ, राग, द्वेष अने मोह त्रणे जीताय छे ।

नमस्कार मंत्रमां पापनी घृणा छे अने पापीनी दया छे । पापनी घृणा आत्मबळ ने वधारे छे, नम्रता अने निर्भयता लावे छे । पापीनी घृणा आत्मबळने घटाडे छे, अहंकार अने कठोरता लावे छे, साचो नमस्कार प्रेम अने आदर वधारे छे, स्वार्थ अने कठोरतानो त्याग करावे छे ।

जेटलो अहंकार तेटलुं सत्यनुं पालन ओछुं । जेटलुं सत्यनुं पालन ओछुं तेटलुं जितेन्द्रियपणुं ओछुं तथा काम, क्रोध अने लोभनुं बल वधारे । नमस्कारथी वाणीनी कठोरता, मननी कृपणता अने बुद्धिनी कृतघ्नता नाश पामे छे, कोमलता, उदारता अने कृतज्ञता विकसित थाय छे ।

### नमस्कार वडे मनोमय कोषनी शुद्धि

नमस्कारमां न्याय छे, सत्य छे, दान छे अने सेवानो भाव रहेलो छे । न्यायमां क्षात्रवट छे । सत्य अने तेना बहुमानमां ब्रह्मज्ञान छे । दान अने दयामां श्री अने वाणिज्यनी सार्थकता

छे । सेवा अने शुश्रूषामां संतोष गुणनी सीमा छे, नमस्कार वडे क्षत्रियोनुं क्षात्रवट, ब्राह्मणोनुं ब्रह्मज्ञान, वैश्योनो दानगुण अने शुद्रोनो सेवागुण एक साथे सार्थक थाय छे ।

समर्पण, प्रेम, परोपकार अने सेवाभाव ए मानव मनना अने विकसित बुद्धिना सहज गुण छे ।

मनुष्य जन्मने श्रेष्ठ बनावनारी कोई चीज होय तो ते पवित्र बुद्धि छे । जीव, देह अने प्राण तो प्राणी मात्रमां छे, पण विकसित मन अने विकसित बुद्धि तो मात्र मनुष्यमां ज छे। बधुं होय पण सद्बुद्धि न होय तो बधानो दुरुपयोग थईने दुर्गति थाय छे । बीजुं कांई न होय पण सद्बुद्धि होय तो तेना प्रभावे बधुं आवी मळे छे ।

मानव मनमां अहंकार अने आसक्ति ए बे मोटा दोष छे । बीजाना गुण जोवाथी अने पोताना दोष जोवाथी अहंकार अने आसक्ति जाय छे । नमस्कार ए बीजाना गुण ग्रहण करवानी अने पोतानामां रहेला दोषो दूर करवानी क्रिया छे । नमस्कारथी सद्-बुद्धिनो विकास थाय छे अने सद्बुद्धिनो विकास थवाथी सद्गति हस्तामलकवत् बने छे ।

नमस्काररूपी वज्र अहंकाररूपी पर्वतनो नाश करे छे । नमस्कार मानवना मनोमय कोषने शुद्ध करे छे । अहंकारनुं स्थान मस्तक छे । मनोमय कोष शुद्ध थवाथी अहंकार आपोआप विलय पामे छे ।

नमस्कारमां कर्म, उपासना, अने ज्ञान ए त्रणेनो सुमेळ छे । कर्मनुं फळ सुख, उपा-सनानुं फळ शान्ति अने ज्ञाननुं फळ प्रभुप्राप्ति छे । नमस्कारना प्रभावे आ जन्ममां सुख-शांति अने जन्मान्तरमां परमात्मपदनी प्राप्ति सुलभ बने छे । कर्मफळमां विश्वासात्मक बुद्धि ते सद्बुद्धि छे । सद्बुद्धि शांतिदायक छे । नमस्कारथी ते विकास पामे छे । अने तेना प्रभावे हृदयमां प्रकाश प्रकटे छे । ज्ञान-विज्ञाननुं स्थान बुद्धि छे अने शांति-आनंदनुं स्थान हृदय छे । बुद्धिनो विकास अने हृदयमां प्रकाश ए नमस्कारनुं असाधारण फळ छे ।

## बुद्धिनी निर्मलता अने सूक्ष्मता

मानव जन्म दुर्लभ छे, तेथी पण दुर्लभ पवित्र अने तीव्र बुद्धि छे । नमस्कार शुभ कर्म होवाथी तेना वड़े बुद्धि तीक्ष्ण बने छे । नमस्कारमां भक्तिनी प्रधानता होवाथी बुद्धि विशाल अने पवित्र बने छे । नमस्कारमां सम्यग्ज्ञान होवाथी बुद्धि सूक्ष्म पण बने छे ।

बुद्धिने सूक्ष्म, शुद्ध अने तीक्ष्ण बनाववानुं सामर्थ्य आ रीते नमस्कारमां रहेलुं छे । परमपदनी प्राप्ति माटे बुद्धिना ते त्रणे गुणोनी आवश्यकता छे । सूक्ष्म बुद्धि विना नमस्कारना गुणो जाणी शकाता नथी। शुद्ध बुद्धि विना नमस्कार्य प्रत्ये प्रेम प्रगटी शकतो

नथी अने तीक्ष्ण बुद्धि विना नमस्कारना गुणोनुँ स्मरण चित्तरूपी भूमिमां सुदृढ करी शकातुँ नथी ।

नमस्कार कर्तामां रहेलो न्याय, नमस्कार्य तत्त्वमां रहेली दया, नमस्कार क्रियामां रहेलुँ सत्य बुद्धिने सूक्ष्म, शुद्ध अने स्थिर करी आपे छे । ए रीते बुद्धिने सूक्ष्म, शुद्ध अने स्थिर करवानुँ सामर्थ्य नमस्कारमां रहेलुँ छे ।

नमस्कारमां अहंकार विरुद्ध नम्रता छे, प्रमाद विरुद्ध पुरुषार्थ छे अने हृदयनी कठोरता विरुद्ध कोमळता छे । नमस्कारथी एक बाजु मलिन वासना, बीजी बाजु चित्तनी चंचळता दूर थवानी साथे ज्ञाननुँ घोर आवरण जे अहंकार ते टळी जाय छे । नमस्कारन क्रिया श्रद्धा, विश्वास अने एकाग्रता वधारे छे । श्रद्धाथी तीव्रता, विश्वासथी सूक्ष्मात अने एकाग्रताथी बुद्धिमां स्थिरतागुण वधे छे ।

नमस्कारथी साधकनुँ मन परम तत्त्वमां लागे छे अने बदलामां परम तत्त्व तरफथी बुद्धि प्रकाशित थाय छे । ते प्रकाशथी बुद्धिना दोष मंदता, संकुचितता, संशययुक्तता, मिथ्याभिमानितादि अनेक दोषो एक साथे नाश पामे छे ।

## नमस्कार मंत्र ए सिद्ध मंत्र छे

नमस्कार एक मंत्र छे अने मंत्रनो प्रभाव मन पर पडे छे । मनथी मानवानुं अने बुद्धिथी जाणवानुं काम थाय छे । मंत्रथी मन अने बुद्धि बंने परम तत्त्व ने समर्पित थई जाय छे । श्रद्धानुं स्थान मन छे अने विश्वासनुं स्थान बुद्धि छे । ए बंने प्रभुने समर्पित थई जाय छे, त्यारे ते बंनेना दोषो बळीने भस्मीभूत थई जाय छे ।

स्वार्थांधताना कारणे बुद्धि मंद थई जाय छे, कामांधताना कारणे बुद्धि कुबुद्धि बनी जाय छे, लोभांधताना कारणे बुद्धि दुर्बुद्धि बनी जाय छे, क्रोधांधताना कारणे बुद्धि संशयी बनी जाय छे, मानांधताना कारणे बुद्धि मिथ्या बनी जाय छे, कृपणांधताना कारणे बुद्धि अतिशय संकुचित बनी जाय छे । नमस्काररूपी विद्युत चित्तरूपी बेटरीमां ज्यारे प्रगट थाय छे, त्यारे स्वार्थथी मांडीने काम, क्रोध, लोभ, मान, माया, दर्प आदि सघळा दोषो दग्ध थई जाय छे अने चित्तरत्न चारे दिशाएथी निर्मलपणे प्रकाशी उठे छे । समता, क्षमा, संतोष, नम्रता, उदारता, निःस्वार्थता आदि गुणो तेमां प्रगटी नीकळे छे ।

शब्द ए नमस्कारनुं शरीर छे, अर्थ ए नमस्कारनो प्राण छे अने भाव ए नमस्कारनो आत्मा छे । नमस्कारनो भाव ज्यारे चित्तने स्पर्शे छे, त्यारे मानवने मळेल आत्मविकास माटेनो अमूल्य अवसर धन्य बने छे । नमस्कारथी आरंभ थयेल भक्ति अंते ज्यारे समर्पणमां पूर्ण थाय छे त्यारे मानवी पोताने प्राप्त थयेल जन्मनी सार्थकता अनुभवे छे ।

नमस्कार मंत्र ए सिद्ध मंत्र छे । ए मंत्रनुँ स्मरण करवा मात्रथी आत्मामां जीवराशि ऊपर स्नेह परिणाम जागृत थाय छे । ए माटे स्वतंत्र अनुष्ठान के पुरश्चरणादि विधिनी पण जरूर पडती नथी । तेमां मुख्य कारण पंच परमेष्ठि भगवंतोनो अनुग्रहकारक सहज स्वभाव छे, तथा प्रथम परमेष्ठि अरिहंत भगवंतोनो "जीव मात्रनुँ आध्यात्मिक कल्याण थाओ" एवो सिद्ध संकल्प छे ।

## अभेदमां अभय अने भेदमां भय

गुण बहुमाननो परिणाम अचिन्त्य शक्तियुक्त कह्यो छे । निश्चयथी बहुमाननो परिणाम अने व्यवहारथी बहुमाननो सर्वोत्कृष्ट विषय, बेऊ मळीने कार्य सिद्धि थाय छे ।

गुणाधिकनुँ स्मरण करवाथी रक्षा थाय छे, तेमां वस्तु स्वभावनो नियम कार्य करे छे । ध्याता अंतरात्मा ज्यारे ध्येय परमात्मानुं ध्यान करे छे, त्यारे चित्तमां ध्याता-ध्येय-ध्यान ए त्रणेनी एकता रूपी समापत्ति थाय छे, तेथी क्लिष्ट कर्मनो विगम थाय छे अने अंतरात्माने अद्भूत शांति मळे छे, तेनुं ज नाम मंत्रथी रक्षा गणाय छे ।

परना सुकृतनी अनुमोदनारूप सुकृत अखंडित शुभ भावनुँ कारण छे। परम तत्त्व प्रत्ये समर्पण भाव एक बाजु नम्रता अने बीजी बाजु निर्भयता लावे छे अने ए बेना परिणामे निश्चिन्तता अनुभवाय छे ।

अभेदमां अभय छे अने भेदमां भय छे । नमस्कारना प्रथम पदमां 'अरिहं' शब्द छे, ते अभेदवाचक छे, तेथी तेने करातो नमस्कार अभयकारक छे। अभयप्रद अभेदवाचक 'अरिहं' पदनुँ पुनः पुनः स्मरण त्राण करनारूं, अनर्थने हरनारूं छे तथा आत्मज्ञानरूपी प्रकाशने करनारूं होवाथी सौ कोई विवेकीने अवश्य आश्रय लेवा लायक छे ।

## नमस्कार मंत्र ए महा क्रिया योग छे

पंच मंगलरूप नमस्कार मंत्र ए महाक्रिया योग छे, केमके तेमां बंने प्रकारना तप, पांचे प्रकारनो स्वाध्याय अने सर्वोत्कृष्ट तत्त्वोनुँ प्रणिधान रहेलुँ छे ।

बाह्य आभ्यंतर तप ए कर्म रोगनी चिकित्सारूप बने छे । पांचे प्रकारनो स्वाध्याय ए महामोहरूपी विषने उतारवा माटे मंत्र समान बनी रहे छे। अने परम पंचपरमेष्ठिनुँ प्रणिधान भवभयनुँ निवारण करवा माटे परम शरणरूप बने छे ।

नमस्काररूप पंचमंगलनी क्रिया ए अभ्यंतर तप, स्वाध्याय अने ईश्वर प्रणिधानरूप महाक्रियायोग छे, एनुँ स्मरण अविद्यादि क्लेशोनो नाश करे छे अने चित्तनी अखंड समाधि-रूप फलने उत्पन्न करे छे । क्लेशनो नाश दुर्गतिनो क्षय करे छे । अने समाधिभावना सद्-गतिनुं सर्जन करे छे ।

नमस्कारमां 'नमो' पद पूजा अर्थमां छे अने 'पूजा' द्रव्यभाव संकोच अर्थमां छे। द्रव्य संकोच कर-शिरः-पादादिनु नियमन छे अने भाव संकोच ए मननो विशुद्ध व्यापार छे।

बीजी रीते नमो ए स्तुति, स्मृति अने ध्यानपरक तथा दर्शन, स्पर्शन अने प्राप्तिपरक पण छे। श्रुति वडे नामग्रहण, स्मृति वडे अर्थभावन अने ध्यान वडे एकाग्र चिंतन थाय छे। तथा दर्शन वडे साक्षात्करण, स्पर्शन वडे विश्रांतिगमन अने प्राप्ति वडे स्वसंवेद्य अनुभवन पण थाय छे। नामग्रहण आदि वडे द्रव्यपूजा अने अर्थभावन, एगाग्रचिन्तन, तथा साक्षात्करणादि वडे भावपूजा थाय छे।

जेम जल वडे दाहनु शमन, तृषानु निवारण अने पंकनु शोषण थाय छे, तेम नमो पदना अर्थनी पुनः पुनः भावना वडे कषायना दाहनु शमन थाय छे। विषयनी तृषानु निवारण थाय छे, अने कर्मनो पंक शोषाई जाय छे, जेम अन्न वडे क्षुधानी शान्ति, शरीरनी तुष्टि अने बलनी पुष्टि थाय छे, तेम नमो पद वडे विषय क्षुधानु शमन, आत्माना संतोषादि गुणोनी तुष्टि तथा आत्माना बल-वीर्य-पराक्रमादि गुणोनी पुष्टि थाय छे।

## ऋणमुक्तिनुं मुख्य साधन नमस्कार

मानवजीवननु साचु ध्येय ऋणमुक्ति छे। ऋणमुक्तिनु मुख्य साधन नमस्कार छे। नमस्कार ए विवेकज्ञाननु फळ छे अने विवेकज्ञान ए समाहित चित्तनु परिणाम छे। परमेष्ठि स्मरणथी चित्तसमाधिवाळु बने छे। "साधक समाहित चित्तवाळा बनो" एवो संकल्प सर्व परमेष्ठि भगवंतोनो छे। तेथी तेमनु स्मरण अने नामग्रहण साधकना चित्तने समाधिवाळु करे छे। समाधिवाळा चित्तमां विवेक स्फुरे छे अने विवेकी चित्तमां ऋणमुक्तिनी भावना प्रगटे छे। ऋणमुक्तिनी भावनामांथी प्रकटेली नमस्कृति अवश्य ऋणमुक्ति-साचा अर्थमां कर्ममुक्तिने अपावे छे।

नमस्कार मंत्र वडे पंचमंगल महाश्रुतस्कंधरूप श्रुतज्ञाननु आराधन थाय छे। तेमां थती पंच परमेष्ठिनी स्तुति वडे सम्यग् दर्शन गुणनु आराधन थाय छे, अने त्रिकरण योगे थती नमन क्रिया वडे चारित्र गुणनु आराधन थाय छे।

ज्ञान गुण पाप-पुण्यने समजावे छे, दर्शनगुण पापनी गर्हा अने पुण्यनी अनुमोदना करावे छे अने चारित्रगुण पापनो परिहार तथा धर्मनु सेवन करावे छे। ज्ञानथी धर्म मंगळ समजाय छे। दर्शनथी धर्म मंगळ सद्दहाय छे। अने चारित्रथी धर्म मंगळ जीवनमां जीवाय छे।

गुणोमां उपादेयपणानी बुद्धि ए साची श्रद्धा छे। उपादेयपणानी बुद्धि गुणो प्रत्ये उपेक्षा बुद्धिनो नाश करे छे। पंचपरमेष्ठिओ गुणोना भंडार होवाथी तेमनो नमस्कार गुणोमां उपादेयपणानी बुद्धिने पुष्ट करे छे। पंचपरमेष्ठिओए पांच विषयोने तज्या छे, चार कषायोने जीत्या छे, तेओ पांच महाव्रतो अने पांच आचारोथी संपन्न छे, आठ प्रवचन-

माता अने अढार हजार शीलांग रथना धोरी छे। तेमने नमस्कार करवाथी तेमनामां रहेला बधा गुणोने नमस्कार थाय छे, गुणो प्रत्ये अनुकूलतानी बुद्धि अने दोषो प्रत्ये प्रतिकूलपणानी सन्मति जागे छे।

## राग द्वेष अने मोहनो क्षय

नवपद युक्त नवकारथी नवमुं पापस्थान लोभ अने अढारमुं पापस्थान मिथ्यात्वशल्य नाश पामे छे। नवकार ए दुन्यवी लोभनो शत्रु छे केमके एमां जेने नमस्कार करवामां आवे छे, ते पांचे परमेष्ठि भगवंतो संसार सुखने तृणवत् समजी तेनो त्याग करनारा छे मने मोक्षसुख ने प्राप्त करवा माटे परम पुरषार्थ करनारा छे। नवकार जेम सांसारिक सुखनी वासना अने तृष्णानो त्याग करावे छे, तेम मोक्षसुखनी अभिलाषा अने तेने माटे ज सर्व प्रकारनो प्रयत्न करता शीखवे छे।

नवकार ए पापमां पापबुद्धि अने धर्ममां धर्मबुद्धि शीखवनार होवाथी मिथ्यात्वशल्य नामना पापस्थानकनो छेद उडावे छे अने शुध्ध देव, गुरु तथा धर्म उपर प्रेम जगाडी सम्यक्त्व रत्नने निर्मळ बनावे छे। नवकारथी भवनो विराग जागे छे ते लोभ कषायने हणी नाखे छे अने नवकारथी भगवद्-बहुमान जागे छे ते मिथ्यात्वशल्यने दूर करी आपे छे।

राग दोषनो प्रतिकार ज्ञानगुण वडे थाय छे। ज्ञानी पुरुष निष्पक्ष होवाथी पोतामां रहेलां दुष्कृत्योने जोई शके छे। निरन्तर तेनी निंदागर्हा करे छे। अने ते द्वारा पोताना आत्माने दुष्कृत्योथी उगारी ले छे।

द्वेष दोषनो प्रतिकार दर्शन गुणवडे थाय छे। सम्यग् दर्शन गुणने धारण करनार पुण्यात्मा नमस्कारमां रहेला अरिहंतादिना गुणोने, सत्कर्मोने अने बिश्वव्यापी उपकारोने जोई शके छे, तेथी तेने विषे प्रमोदने धारण करे छे, सत्कमो अने गुणोनी अनुमोदना तथा प्रशंसा द्वारा पोताना आत्माने सन्मार्गे वाळी शके छे।

ज्ञान-दर्शन गुणनी साथे ज्यारे चारित्र गुण भळे छे, त्यारे मोह दोषनो मूळथी क्षय थाय छे। मोह जेवाथी पापमां निष्पापतानी अने धर्ममां अकर्तव्यतानी बुद्धि दूर थाय छे। ते दूर थवाथी पापमां प्रवर्तन अने धर्ममां प्रमाद-बेदरकारी अटकी जाय छे। पापनुं परिवर्जन अने धर्मनुं सेवन अप्रमत्तपणे थाय छे। ते आत्मा चरित्र धर्मरूपी महाराजना राज्यनो वफादार सेवक बने छे अने मोक्ष साम्राज्यना सुखनो अनुभव करे छे।

नवकारमां सम्यग् ज्ञान, सम्यग् दर्शन अने सम्यक् चारित्र ए त्रणे गुणोनी आराधना रहेली होवाथी दुष्कृत गर्हा, सुकृतानुमोदना अने प्रभु आज्ञानुं पालन प्रतिदिन वधतुँ जाय छे, तेथी मुक्ति सुखना अधिकारी थवाय छे।

## निर्वेद अने संवेग रस

नवकारमां निर्वेद अने संवेग रसनुं पोषण थाय छे। निगोदादिमां रहेला जीवोना दुःखनो विचार करीने चित्तमां संसार प्रत्य उद्वेग धारण करवो ते निर्वेद रस छे अने सिद्धिगतिमां रहेला सिद्ध भगवंतादिना सुखने जाईने आनंदनो अनुभव थवो ते संवेगरस छे। दुःखी जीवोनी दया अने सुखी जीवोना प्रमोदवडे राग, द्वेष अने मोह ए त्रणे दोषोनो निग्रह थाय छे।

बधा दुःखी आत्माना दुःख करतां नरकना नारकीनुं दुःख वधी जाय छे, तेथी पण अधिक दुःख निगोदमां रहेलुं छे। बधा दुःखी आत्माओना सुख करतां अनुत्तरना देवोनुं सुख चड़ी जाय छे तेथी पण एक सिद्धना आत्मानुं सुख अनंत गुण अधिक छे। एक निगो-दनो जीव जे दुःख भोगवे छे, ते दुःखनी आगळ निगोद सिवायना सर्व दुःखी जीवोनुं दुःख एकत्र थाय तो पण कांई वीसातमां नथी। एक सिद्धना जोवनुं सुख देव अने मनुष्यना त्रणे काळना सुखनो अनंतवार गुणाकार के वर्ग करवामां आवे तो पण तेनी सरखामणीमां घणुं वधारे छे।

पोताथी अधिक दुःखीना दुःखने दूर करवानी बुद्धिरूप दयाना परिणामथी पोतानुं दुःख अने तेथी आवेली दीनता नष्ट थाय छे। पोताथी अधिक सुखीनुं सुख जोइने तेमां हर्ष के प्रमोदभाव धारण करवाथी पोताना सुखनो मिथ्या गर्व के दर्प गळी जाय छे।

दीनता के दर्प, भय के द्वेष, खेद के उद्वेग आदि चित्तना दोषोनुं निवारण करवा माटे गुणाधिकनी भक्ति अने दुःखाधिकनी दया ए सरळ अने सर्वोत्तम उपाय छे, तेने ज शास्त्रनी परिभाषामां संवेग-निर्वेद गणाव्या छे। नवकारमां ते बंने प्रकारना रसो पोषाता होवाथी जीवनी मानसिक अशांति अने असमाधि तेना स्मरणथी दूर थाय छे।

## सेवन कारण पहेली भूमिका-अभय अद्वेष अखेद

नमस्कार मंत्रनी साधनाथी शुद्ध आत्माओ साथे कथंचित् अभेदनी साधना थाय छे। ज्यां अभेद त्यां अभय ए नियम छे। भेदथी भय अने अभेदथी अभय अनुभव सिद्ध छे। भय ए चित्तनी चंचलतारूप बहिरात्मदशारूप आत्मानो परिणाम छे। अभेदना भावनथी ते चंचलता दोष नाश पामे छे अने अंतरात्मदशारूप निश्चलता गुण उत्पन्न थाय छे।

अभेदना भावनथी अभयनी जेम अद्वेष पण सधाय छे। द्वेष अरोचक भावरूप छे, ते अभेदना भावनथी चाल्यो जाय छे। अभेदना भावनथी जेम भय अने द्वेष टळी जाय छे, तेम खेद पण नाश पामे छे। खेद ए प्रवृत्तिमां थाक रूप छे। ज्यां भेद त्यां खेद अने ज्यां अभेद त्यां अखेद आपोआप आवे छे। नमस्कार मंत्रना प्रभावे जेम अभेद बुद्धि दृढ थती जाय छे तमे भय, द्वेष अने खदे दोष चाल्या जाय छे अने तेना स्थाने अभय, अद्वेष अने अखेद गुण आवे छे।

भय द्वेष अने खेद जे आत्माना तात्त्विक स्वरूपना अज्ञानथी उत्पन्न थता हता ते आत्मानुं शुद्ध अने तात्त्विक स्वरूप नुं सम्यग् ज्ञान थतांनी साथे दूर थई जाय छे। नमस्कार मंत्रमां रहेला पांचे परमेष्ठिओ शुद्ध स्वरूपने पामेला होवाथी तेमनो नमस्कार ज्यारे चित्तमां परिणाम पामे छे, त्यारे आत्मामां सर्वनी साथे आत्मपणाथी तुल्यतानुं ज्ञान तथा स्वस्वरूपथी शुद्धतानुं ज्ञान आविर्भाव पामे छे अने ते आविर्भाव पामतांनी साथे ज भय, द्वेष अने खेद चाल्या जाय छे।

नमस्कारमंत्र वैराग्य अने अभ्यास स्वरूप छे। वैराग्य ए निर्भ्रान्त ज्ञाननुं फळ छे अने अभ्यास ए चित्तनी प्रशान्तवाहितानुं नाम छे। चित्त ज्यारे प्रशमभावने पामे छे, विश्वमैत्रीवाळु बने छे, जे चित्तमां वैर विरोधनो एक अंश पण रहेतो नथी त्यारे ते अभ्यास-रूप गणाय छे। वैराग्य ज्ञानरूप छे अने अभ्यास प्रयत्नरूप छे। ज्ञाननी पराकाष्ठा ते वैराग्य अने समतानी पराकाष्टा ते अभ्यास। ज्ञान अने समता ज्यारे पराकाष्ठाए पहोंचे छे, त्यारे मोक्ष सुलभ बने छे।

## नमस्कार मंत्र दोषनी प्रतिपक्ष भावना स्वरूप छे

श्रीनमस्कार मंत्र दोषनी प्रतिपक्ष भावना स्वरूप पण छे। योगशास्त्रमां कह्युं छे के—

यो यः स्याद्बाधको दोष स्तस्य तस्य प्रतिक्रियाम्।
चिन्तयेद्दोषमुक्तेषु, प्रमोदं यतिषु व्रजन् ॥१॥

—यो.शा. प्र. ३. श्लो.—१३६

स्वोपज्ञ टीकाकार महर्षि आ श्लोकना विवरणमां फरमावे छे के—

'सुकरं हि दोषमुक्त-मुनिदर्शनेन प्रमोदात् आत्मन्यपि दोषमोक्षणम्।'

जे दोष पोताने बाधक लागे ते दोषने दूर करवानो इलाज ते दोषथी मुक्त थयेला मुनिओना गुणोने विषे प्रमोदभाव धारण करवो ते छे।

दोषमुक्त यतिओना गुणोने विषे प्रमोद भावने धारण करतो एवो जीव ते ते दोषोथी स्वयमेव मुक्त बनी जाय छे। पंच परमेष्ठि नमस्कार मंत्रनुं स्मरण परमेष्ठि पदे बिराज-मान महामुनिओना गुणोने विषे बहुमान भाव उत्पन्न करे छे, तेथी स्मरण करनारना अंतः-करणमां रहेला ते ते दोषो स्वयमेव उपशांतिने पामे छे।

काम दोषनो प्रतिकार स्थूलभद्र मुनिनुं ध्यान छे। क्रोध दोषनो प्रतिकार गजसुकुमाल मुनिनुं ध्यान छे। लोभ दोषनो प्रतिकार शालिभद्र अने धन्य कुमारमां रहेला तप, सत्य, संतोष आदि गुणोनुं ध्यान छे। ए रीते मानने जीतनार बाहुबलि अने ईन्द्रभूति, मोहने जीतनार जबू स्वामी अने वजूकुँवर, मद-मान अने मायाने जीतनार मल्लीना, नेमनाथ अने भरत चक्रवर्ती आदि महान आत्माओनुं ध्यान ते ते दोषोने जीतावनार थाय छे।

श्रीनमस्कार महामंत्रमां त्रणे काळना अने सर्व स्थळोना महापुरूषो के जेमणे मद, मान, माया, लोभ, क्रोध, काम अने मोह आदि दोषो उपर विजय मेळव्यो छे, ते सर्वनुं ध्यान थतुं होवाथी ध्याताना ते ते दोषो काळक्रमे समूलपणे विनश्वर थाय छे। ए रीते नमस्कार मंत्र दोषोनी प्रतिपक्ष भावनारूप बनीने गुणकारी थाय छे।

ए ज अर्थने जणावनार नीचेनो एक श्लोक अने तेनी भावना नमस्कारनीज अर्थ भावना स्वरूप बनी जाय छे।

"धन्यास्ते वन्दनीयास्ते, तैस्त्रैलोक्यं पवित्रितम्।
यैरेव भुवन-क्लेशी, काममल्लो विनिर्जितः ॥१॥"

—धर्मबिन्दु टीका

ते पुरूषो धन्य छे, ते पुरुषो वंदनीय छे अने ते पुरुषोए त्रणे लोकने पवित्र कर्यां छे, के जेओए कामरूपी मल्लने जीती लीधो छे।

ए ज रीते क्रोधरूपी मल्ल, लोभरूपी मल्ल, मोहरूपी मल्ल, मानरूपी मल्ल, अने बीजा पण आकरा दोषरूपी मल्लो जेणे जेणे जीती लीधा छे, ते ते पुरुषो पण धन्य, वंद्य अने त्रैलोक्यपूज्य छे, एवी भावना करी शकाय छे। अने ते बधी भावनाओ श्रीनमस्कार मंत्रना स्मरण समये थई शके छे।

## ईष्टनो प्रसाद अने पूर्णतानी प्राप्ति

मंत्र जपमां नित्य नवो अर्थ प्राप्त थाय छे शब्द तेना ते ज रहे छे अने अर्थ नित्य नूतन प्राप्त थाय छे, धान्य तेनुं ते छे, छतां नित्य तेमां नवो स्वाद क्षुधाना प्रमाणमां अनुभवाय छे। तेज वात तृषातुरने जळमां अने प्राण धारण करनार जीवने पवनमां अनुभवाय छे।

तृषा तथा क्षुधा ने शमाववानी अने प्राणने टकाववानी ताकात ज्यांसुधी जळ, अन्न अने पवनमां रहेली छे, त्यां सुधी तेनी उपयोगिता अने नित्य नूतनता मानवी मनमां टकी रहे छे। नाम मंत्रनो जाप पण आत्मानी क्षुधा-तृषा ने शमावनार छे अने आत्माना बळ-वीर्यने वधारनार छे, तेथी तेनी उपयोगिता अने नित्य नूतनता स्वयमेव अनुभवाय छे।

नमस्कार मन्त्रनो जाप एक बाजु ईष्टनुं स्मरण चिंतन अने भावन करावे छे अने बीजी बाजु नित्य नूतन अर्थनी भावना जगाडे छे, तेथी ते मन्त्रने मात्र अन्न, जळ अने पवन तुल्य ज नहि किन्तु पारसमणि अने चिंतामणि कल्पवृक्ष अने कामकुम्भ करतां पण वधारे मुल्यवान मान्यो छे।

मानवी मनमां नरकनुं स्वर्ग अने स्वर्गनुं नरक उभुं करवानी ताकात छे। उत्तम मन्त्र वडे ते नरकनुं स्वर्ग रची शके छे। श्रद्धा अने विश्वासपूर्वक उत्तम मन्त्रनो जप करनारा सर्वदा सुरक्षित छे। नाम अने नमस्कार मंत्र वडे ईष्टनो प्रसाद अने पूर्णतानी प्राप्ति थाय

छे। ईष्टनुं नाम सर्व मुश्केलीओमांथी जीवने पार उतारनारूं सर्वोत्तम साधन छे। ईष्टनो नमस्कार सर्व पापवृत्ति अने पाप प्रवृत्तिनो समूल विनाश करे छे।

## ईष्ट तत्त्वनी अचिन्त्य शक्ति

धर्म मात्रनुं ध्येय आत्मज्ञान छे। मंत्रना ध्यान मात्रथी ते सिद्ध थाय छे। मंत्रनुं रटण एक बाजु हृदयनो मेल, ईर्षा-असूयादिने साफ करवानुं कार्य करे छे। बीजी बाजु तन, मन, धननी आधि, व्याधि अने उपाधिओने टाळी आपे छे।

शरीरनो व्याधि असाध्य होय अने कदाच न टले तो पण मननी शांति अने बाह्य व्याधि मात्रने समताथी सहन करवानी शक्ति तो ते आपे ज छे। ते केवी रीते आपे छे, ए प्रश्न अस्थाने छे। केटलाक प्रश्न अने तेना उत्तर बुद्धिथी के बुद्धिने आपी शकाय तेवा होता नथी। हृदयनी वात हृदय ज जाणी शके छे। श्रद्धानी वात श्रद्धा ज समजी शके छे। परमात्मतत्त्व अने तेनी शक्ति न माननारने मन पोतानो 'अहं' ए ज परमात्मानुं स्थान ले छे। सर्व समर्थनुं शरण लीधा विना अहं कदी टळतो नथी। अने अहं टळतो नथी त्यांसुधी शांतिनो अनुभव आकाश कुसुमवत् छे।

पू० उपाध्याय श्रीयशोविजयजी महाराजश्रीए 'अध्यात्मसारग्रन्थ'ना अनुभवाधिकारमां कह्युं छे के :–

"शान्ते मनसि ज्योतिः, प्रकाशते शान्तमात्मनः सहजम्।
भस्मीभवत्यविद्या, मोहध्वान्तं विलयमेति ॥१॥"

शान्त चित्तमां आत्मानो सहज शुद्ध स्वभाव प्रकाशित थाय छे, ते वखते अनादिकालीन अविद्या-मिथ्यात्वमोहरूप अंधकार नाश पामे छे।

परमात्मा अने तेना नामनो लाभ बधाने नहि पण सदाचारी, श्रद्धावान अने भक्त हृदयने ज मळे छे। परमात्मानी अचिन्त्यशक्ति उपर मनुष्यने ज्यारे पूरे पूरी श्रद्धा बेसे छे, त्यारे तेनी साते धातुओनुं रूपांतर थाय छे। तेथी परमात्मानुं नाम ए भक्त माटे ब्रह्मचर्यनी दशमी वाड पण छे, नव वाड करतां पण तेनुं सामर्थ्य अधिक छे।

## मंत्रयोगनी सिद्धि

मंत्र ए शब्दोनो समूह छे, जेनो कोई अर्थ नीकळतो होय छे। आ शब्दोना अर्थ ने साकार थवुं ए ज मंत्रने सिद्ध थवुं गणाय छे। शब्दथी वायु पर आघात थाय छे, ज्यारे कोई शब्द बोलाय छे, त्यारे अनंत एवा वायुरूपी महासागरमां तरंग पेदा थाय छे। तरंगथी गति, गतिथी गरमी अने गरमीथी स्वास्थ्य सुधरे छे। प्राणायामनो पण ए ज उद्देश छे। अने ते उद्देश मंत्र जापथी सिद्ध थाय छे।

मंत्रनो जाप हृदयमांथी दूषित भावनाओने बहार काढी अन्तःकरणने शुद्ध करे छे। मंत्र जाप वडे गरमी वधवाथी मस्तिष्कनी गुप्त समृद्धिनो कोष खुली जाय छे अने ए द्वारा धार्युं कार्यसिद्ध थाय छे।

शब्द रचनानी शक्ति अत्यन्त प्रबळ होय छे। जे कार्य वर्षोमां नथी थई शकतुं, ते कार्य योग्य शब्द रचना द्वारा थोडी ज क्षणोमां थई शके छे। नमस्कार मन्त्र ए कारणथी मोटो मंत्र गणाय छे अने मोटामां मोटा असाध्य-दुःसाध्य कार्यो पण एनाथी सिद्ध थतां जोवाय छे।

'उत्साहान्निश्चयात् धैर्यात्, संतोषात्तत्त्वदर्शनात्।
मुनेर्जनपदत्यागात्' षड्भिर्योगः प्रसिध्यति॥'

बीजा योगनी जेम मंत्रयोगनी सिद्धि पण उत्साहथी, निश्चयथी, धैर्यथी, संतोषथी, तत्त्व-दर्शनथी अने लोकसंपर्कना त्यागथी थई शके छे।

## अमूर्त अने मूर्त वच्चेनो सेतु

नमो ए धर्मवृक्षनुं मूळ छे, धर्म नगरनुं द्वार छे, धर्म प्रासादनो पायो छे, धर्मरत्ननुं निधान छे, धर्म जगतनो आधार छे अने धर्म रसनुं भाजन छे। नमस्कार रूपी मूळ विना धर्मवृक्ष सूकाय छे। नमस्कार रूपी द्वार विना धर्म नगरमां प्रवेश अशक्य छे। नमस्कार रूपी पाया विना धर्म प्रासाद टकी शकतो नथी। नमस्कार रूपी निधान विना धर्मरत्नोनुं रक्षण थतुं नथी। नमस्कार रूपी आधार विना धर्म जगत् निराधार छे। नमस्काररूपी भाजन विना धर्मरस टकी शकतो नथी अने धर्मनारसनो स्वाद चाखी शकातो नथी।

'विनय-मूलो धम्मो।' धर्मनुं मूळ विनय छे। नमस्कार ए विनयनो ज एक प्रकार छे। गुणानुराग ए धर्म द्वार छे अने नमस्कार गुणानुरागनी क्रिया छे। श्रद्धा ए धर्म-महेलनो पायो छे, नमस्कार ए श्रद्धा अने रुचिनुं ज बीजुं नाम छे। मूल गुणो अने उत्तर गुणो ए रत्नो छे, नमस्कार तेनुं मूल्यांकन छे। चतुर्विध संघ अने मार्गानुसारी जीवो ए धर्मरूपी जगत छे, तेमनो आधार नमस्कार भाव छे। समता भाव, वैराग्य भाव, उपशम-भाव ए धर्मनो रस छे। ते रसास्वाद माटेनुं भाजन पात्र के आधार नमस्कार छे।

विनय, भक्ति, श्रद्धा, रुचि, आर्द्रता, निरभिमानिता वगेरे नमस्कार भावना ज पर्याय-वाचक विभिन्न शब्दो छे। तेथी नमस्कार भाव एज धर्मनुं मूल, द्वार, पीठ, निधान, आधार अने भाजन छे। अमूर्त अने मूर्त वच्चे एक मात्र पुल, सेतु के संधि होय तो ते नमस्कार छे।

## नवकारमां सर्व संग्रह

नवकारमां चौद 'न' कार छे, (प्राकृत भाषामां 'न' अने 'ण' बन्ने विकल्पे आवे छे)

ते चौद पूर्वोने जणावे छे, अने नवकार चौद पूर्वरूपी श्रुतज्ञाननो सार छे अेवी प्रतीति करावे छे। नवकारमां बार 'अ' कार छे, ते बार अंगोने जणावे छे। नव 'ण' कार छे, ते नवनिधानने सूचवे छे।

पांच 'न' कार पांच ज्ञानने आठ 'स' कार आठ सिद्धिने, नव 'म' कार चार मंगळ अने पांच महाव्रतोने, त्रण 'ल' कार त्रण लोकने, त्रण 'ह' कार आदि मध्य अने अंत्य मंगळने, बे 'च' कार देश अने सर्व चारित्रने, बे 'क' कार बे प्रकारना घाती-अघाती कर्मोने, पांच 'प' कार पांच परमेष्ठिने, त्रण 'र' कार (ज्ञान, दर्शन, चारित्ररूपी) त्रण रत्नोने, त्रण 'य' कार (मन, वचन, कायाना) त्रण योगो अने तेना निग्रह ने, बे 'ग' कार (गुरु अने परमगुरु अेम) बे प्रकारना गुरुओने, बे 'ए' कार सात राज उर्ध्व अने सात राज अधो एवो चौद राज लोकने सूचवे छे।

मूळ मंत्रना चोवीस गुरू अक्षरो चोवीस तीर्थंकरोरूपी परम गुरूओने अने अगीआर लघु अक्षरो वर्तमान तीर्थपतिना अगीआर गणधर भगवंतोरूपी गुरुओने पण जणावनारा छे।

## प्राणशक्ति अने मनस्तत्त्व

नमस्काररूपी क्रिया द्वारा श्वासनुं मनस्तत्वमां रूपान्तर थई जाय छे। जेम जेम नमस्कारना जापनी संख्या वधती जाय छे। तेम तेम आध्यात्मिक उन्नति थतांनी साथे साधक श्वासप्रश्वासने मननी ज क्रिया रूपे जाणी शके छे। तेथी मनना संकल्प विकल्पो शमी जाय छे।

मनने सीधे सीधी रीते प्राणशक्ति द्वारा ज संयममां लेती क्रिया-प्रणालि अनन्तने पहोंचवानो सहेलामां सहेलो, खूब ज असर कारक अने संपूर्णरीते वैज्ञानिक रस्तो छे। नमस्कारनी क्रिया अने जपद्वारा आ मार्गनी सरळ पणे सिद्धि थती जाय छे, तेथी जाप द्वारा थती नमस्कारनी क्रियानो मार्ग अनन्त एवा परमात्मस्वरूपने पामवानो झडपी, सुनिश्चित अने अनेक महापुरुषो वडे अनुभवीने प्रकाशेलो राजमार्ग छे। तुलसीदासजी नुं पण कथन छे के :—

नाम लिया उसने सब कुछ लिया,
ए सब शास्त्रका भेद;
नाम लिये बिना नरक में पडे,
पढ पढ पुरान अरु वेद।

मंत्रना शब्दोमां थतो प्राणनो विनियोग कोई एक अर्थमां ज पुराई न रहेतां शास्त्र निर्दिष्ट सर्व अर्थोमां व्यापि जाय छे, शरीर, प्राण, इन्द्रियो, मन, बुद्धि अने प्रज्ञा पर्यंत सर्व

करणो शुद्धिने अनुभवे छे। अने आध्यात्मिक आनन्दनी अनुभूति पर्यंत जीवात्माने लई जाय छे। मंत्रना शब्दो वडे मन-बुद्धि आदिनुं प्राणतत्त्वमां रूपांतर थाय छे। अने प्राण तत्त्व सीधेसीधी आत्मानुभूति करावे छे। प्राणतत्त्व आत्माना वीर्यगुणनी साथे निकटनो संबंध धरावे छे।

शब्दना बे अर्थ होय छे, एक वाच्यार्थ अने बीजो लक्ष्यार्थ। वाच्यार्थनो संबंध शब्द कोष साथे छे। लक्ष्यार्थनो संबंध साक्षात् जीवन साथे छे। पंचमंगलनो लक्ष्यार्थ प्राण तत्त्वनी शुद्धि द्वारा साक्षात् जीवनशुद्धि करावनारो थाय छे।.

## कर्मनो निरनुबंध क्षय

चित्तमां अरति, उद्वेग, कंटाळो जणाय त्यारे जाणवुं के मोहनीय कर्मनो उदय अने तेनी साथे अशुभ कर्मनो विपाक जाग्यो छे। तेने टाळवानो उपाय शास्त्रकारो ए पंच मंगल ने कह्यो छे। एकाग्रतापूर्वक पंच मंगलनो जाप शांत चित्ते करवाथी अशुभ कर्म टळी जई शुभ बनी जाय छे। तेनो अर्थ ए छे के उदयमां आवेलुं कर्म अवश्य भोगववुं पडे छे, तेने ज्ञानी ज्ञानथी, समताथी अने अज्ञानी अज्ञानथी, आर्तरौद्र ध्यानथी वेदे छे। ज्ञानीने नवीन बंध थतो नथी, अज्ञानीने थाय छे।

सत्तामांथी एटले संचितमांथी उदयमां आववा सन्मुख थयेला कर्ममां वर्तमानना शुभाशुभ भावथी फेरफार थई शके छे। पंचमंगलना जाप अने स्मरणमां ज्ञानीना ज्ञान गुणनी, साधुना संयम गुणनी, तपस्वीओना तप गुणनी अनुमोदना थाय छे। अने ते ते गुणोनुं मानसिक आसेवन थाय छे, तेथी जे शुभ भाव जागे छे, तेनाथी कर्मनी स्थिति अने अशुभ रस घटी जाय छे अने शुभ रस वधी जाय छे। तथा उदयागत कर्म समताभावे वेदन थई जतुं होवाथी तेनो निरनुबंध क्षय थई जाय छे।

पंच मंगलथी भावधर्मनुं आराधन थाय छे केमके तेमां रत्नत्रयधरोने विषे भक्ति प्रकटे छे। तेमनी आज्ञा पालन करवानो उत्साह जागे छे। सर्वना शुभनी ज एक चिन्तानो भाव प्रगटे छे अने अशुभ संसार प्रत्ये निर्वेदनी भावना जन्मे छे। कह्युं छे के—

'रत्नत्रयधरेष्वेका, भक्तिस्तत्कार्यकर्म च।
शुभैकचिन्तासंसार-जुगुप्सा चेति भावना॥

आ भाव धर्म दान, शील, तप आदि द्रव्य धर्मनी वृद्धि करे छे। अने ते द्रव्य धर्मनी वृद्धि पाछी भाव धर्मनी वृद्धि करे छे। एम उत्तरोत्तर द्रव्य-भाव धर्मनी वृद्धि तेनी पराकाष्ठाने पामी सर्व कर्म रहित मोक्षनुं कारण बने छे।

नवकार मंत्रना पदोमां गुण-गुणिनी उपासना उपरांत शब्द द्वारा शुभ स्पंदनो उत्पन्न

करवानी जबरदस्त शक्ति छे। तेथी तेने सर्व मंगळोमां पहेलुँ मंगळ अने सर्व कल्याणोमां उत्कृष्ट कल्याण कह्युं छे।

चारे निक्षेपा वडे थती पांचे परमेष्ठिओनी भक्ति नवकार मंत्रमां रहेली होवाथी सर्व प्रकारना शुभ, शिव अने भद्र तथा पवित्र निर्मळ अने प्रशस्त भावो पेदा करवानुँ सामर्थ्य तेमां रहेलुँ छे।

अनिर्णीत वस्तुनो नामादि द्वारा निर्णय करावे, शब्द द्वारा अर्थनो अने अर्थ द्वारा शब्दनो निश्चित बोध करावे तथा अनभिमत अर्थनो त्याग अने अभिमत अर्थनो स्वीकार कराववामां उपयोगी थाय ते निक्षेप कहेवाय छे।

नवकार मंत्रनां पदो नाम, स्थपना द्रव्य अने भाव ए चारे निक्षेपोनी साथे संबंध धरावनारा होवाथी समग्र विश्वनी सुभ वस्तुओ साथे संबंध करावे छे। ए द्वारा अशुभ कर्मनो क्षय अने शुभ कर्मनो बंध करावी परंपराए मुक्ति सुखने मेळवी आपे छे। तेथी नवकार मंत्र ए सर्व सुखोमां उत्कृष्ट सुख, सर्व मंगलोमां उत्कृष्ट मंगल पण कहेवाय छे।

## मोक्ष मार्गमां पुष्टावलंबन

नवकार मंत्र ए जीवने पोतानी उन्नति साधवामां पुष्टावलंबन छे। अलक्ष्यने साधवा माटे लक्ष्यनुं अवलंब लेवुं ते सालंबन ध्यान छे। आलंबन वडे ध्येयमां उपयोगनी एकता थाय छे।

उपयोग एटले बोधरूप व्यापार अने एकता एटले सजातीय ज्ञाननी धारा। निमित्त कारणो बे प्रकारनां छे। एक पुष्ट अने बीजां अपुष्ट। पुष्ट निमित्तनुं लक्षण ते छे के जे कार्य सिद्ध करवानुं होय ते कार्य अथवा साध्य जेमां विद्यमान होय ते पुष्ट निमित्त छे। मोक्ष मार्गमां साध्य सिद्धत्व छे। ते श्री अरिहंत सिद्धादि परमेष्ठिओमां छे, तेथी तेमनुं निमित्त ए पुष्ट निमित्त छे, तेमनुं आलंबन ए पुष्ट आलंबन छे।

पाणीमां सुगंधरूपी कार्य उत्पन्न करवुं होय तो पुष्पो ए पुष्ट निमित्त छे, कारण के पुष्पमां सुगंध रहेली छे। पुष्ट निमित्तोनुं आलंबन स्मरण, विचिन्तन अने ध्यान वडे लई शकाय छे।

पुष्ट निमित्तोना स्मरणने शास्त्रोमां मोक्ष मार्गनो प्राण कह्यो छे। स्मरण ए सर्वसिद्धियोने आपवामां अचिन्त्य चिन्तामणि समान गणाय छे। निमित्तोनी स्मृतिरूपी चिन्तामणि रत्न प्रशस्त ध्यानादि भावोने प्राप्त करावी प्रशस्त फळोने अभिव्यक्त करे छे।

पुष्ट निमितोना स्मरण वडे इन्द्रियोनो बाह्य विषयोथी प्रत्याहार थाय छे। ए रीते चित्तथी विशेष प्रकारे स्थिरतापूर्वक चिन्तन ते विचिन्तन छे। चित्तनो विजातीय वृत्तिथी

अस्पृष्ट सजातीय वृत्तिनो एक सरखो प्रवाह ते ध्यान छे । तेने प्रत्ययनी एकतानता पण कहे छे ।

स्मरण, चिंतन अने ध्यान ए साधनानुं जीवित, प्राण अने वीर्य छे । पुष्ट निमित्तोना आवलम्बनथी ते प्राप्य छे । तेथी पुष्ट निमित्तो साधनाना प्राण गणाय छे ।

श्रीसिद्धसेनसूरिजी फरमावे के :–

'पुष्टहेतुर्जिनेन्द्रोऽयम्, मोक्ष-सद्भाव-साधने ।'

मोक्षरूपी कार्यनी सिद्धि माटे श्री जिनेन्द्र भगवान अने उपलक्षणथी पांचे परमेष्ठिओ पुष्ट निमित्त छे । तेथी श्रीनमस्कार मंत्र सर्व साधकोने पुष्ट आलंबनरूप थईने साध्यनी सिद्धि करावे छे ।

### देहनुं द्रव्य स्वास्थ्य अने आत्मानुं भाव स्वास्थ्य

पंचमंगल महाश्रुतस्कंधरूप होवाथी सम्यग् ज्ञान स्वरूप छे । पंच परमेष्ठिनी स्तुतिरूप होवाथी सम्यग् दर्शन स्वरूप छे । तथा सामायिकनी क्रियाना अंगरूप अने मन, वचन, कायानी प्रशस्त क्रियारूप होवाथी कथंचित् चारित्र स्वरूप पण छे । ज्ञानमां प्रधानता मननी, स्तुतिमां प्रधानता वचननी अने क्रियामां प्रधानता कायानी रहेली छे ।

आयुर्वेद मुजब वात, पित्त अने कफनी विषमता ते रोग अने समानता ते आरोग्य छे । ज्यां मन त्यां प्राण अने ज्यां प्राण त्यां मन ए न्याये सम्यग् ज्ञान वात वैषम्यने शमावे छे । ज्यां दर्शन, स्तवन, भक्ति आदि होय त्यां मधुर परिणाम होय छे, अने ते पित्त प्रकोपने शमावे छे । ज्यां कायानी सम्यक् क्रिया होय त्यां गति छे, अने ज्यां गति त्यां उष्णता होय ज । उष्णता कफना प्रकोपने शमावे छे । ए रीते श्री पंच मंगळमां शरीरनुं अस्वास्थ्य निपजावनार त्रिदोषने शमाववानी शक्ति छे ।

बीजी रीते विचारतां राग ए ज्ञान गुणनो घातक छे, द्वेष ए दर्शन गुणनो घातक छे अने मोह ए चारित्र गुणनो घातक छे । तेथी विपरीत पंच मंगळमां ज्ञान छे, दर्शन छे, चारित्र छे तथा मननी, वचननी, कायानी प्रशस्त क्रिया छे । तेथी पंचमंगलमां देहने दूषित करनार वात, पित्त अने कफ दोषने शमाववानी शक्ति छे, तेम आत्माने दूषित करनार राग, द्वेष अने मोहने शमाववानी पण शक्ति छे ।

विकृत ज्ञान ए राग छे,, विकृत श्रद्धा ए द्वेष छे अने विकृत वर्तन ए मोह छे । रागी दोषने जोतो नथी, द्वेषी गुणने जोतो नथी अने मोही जाणवा छतां ऊंधु वर्तन करे छे । गुण अने द्वेषनुं यथार्थ ज्ञान करवा माटे राग अने द्वेषने जीतवा जोईए तथा यथार्थ वर्तन करवा मोहने जीतवो जोईए ।

ज्यां ज्यां वर्तनमां दोष जणाय त्यां त्यां ज्ञान दूषित ज होय, एवो नियम नथी । ज्ञान

यथार्थ होवा छतां वर्तन दूषित थवामां कारण प्रमादशीलता, दुःसंग अने अनादि असदभ्यास छे। ते कारणे रागादि दोषोनो निग्रह करवा माटे एक बाजु यथार्थ ज्ञान अने बीजी बाजु यथार्थ वर्तननो अभ्यास जरूरी छे।

ज्ञान मनमां, स्तुति-स्तव वचनमां अने प्रवृत्ति कायावडे थाय छे। कफ दोष कायानी क्रियानी साथे संबंध राखे छे। पित्त दोष वचननी क्रियानी साथे संबंध राखे छे अने वात दोष मननी क्रियानी साथे संबंध राखे छे। राग, द्वेष अने मोह ए त्रण दोषो पण अनुक्रमे मन, वचन कायानी क्रियानी साथे संबंध धरावे छे। रागनी अभिव्यक्ति मुख्यत्वे मनमां, द्वेषनी अभिव्यक्ति मुख्यत्वे वचनमां अने मोहनी अभिव्यक्ति मुख्यत्वे क्रिया द्वारा थाय छे।

पंचमंगल ज्ञान, दर्शन चारित्र स्वरूप होवाथी तथा तेमां मन, वचन, काया त्रणेनी प्रशस्त क्रिया होवाथी आत्माने दूषित करनार राग, द्वेष अने मोह तथा शरीरने दूषित करनार वात, पित्त अने कफनो निग्रह करवानी शक्ति तेमां रहेली छे। तेथी श्री पंचमंगलनुं आराधन आत्मानुं भावस्वास्थ्य अने देहनुं द्रव्यस्वास्थ्य उभयने आपवानी एक साथे शक्ति धरावे छे।

## प्रथम पदनो अर्थ भावनापूर्वक जाप

समग्र नवकारनी जेम नवकारना प्रथम पदना जापथी मन-वचन-कायाना योगो अने आत्माना ज्ञान-दर्शन-चारित्र गुणोनी शुद्धि थाय छे। देहनी त्रण धातुओ वात, पित्त अने कफ तथा आत्माना त्रण दोषो राग-द्वेष-अने मोह अनुक्रमे, त्रण योगनी अने त्रण गुणनी शुद्धि वडे दूर थाय छे।

'नमो' पद वडे मनोयोग अने ज्ञानगुणनी, 'अरिहं' पद वडे वचन योग अने दर्शनगुणनी तथा 'ताणं' पद वडे काययोग अने चारित्रगुणनी शुद्धि थाय छे। त्रण योगनी शुद्धि वडे वात, पित्त अने कफना विकरो तथा त्रण गुणनी शुद्धि वडे राग, द्वेष अने मोहना दोषो नाश पामे छे। तेथी श्रीनवकार मंत्रना प्रथम पदना जाप वडे शरीर अने आत्मा ऊभयनी शुद्धि थाय छे।

शुभ मनोयोगथी वात विकार जाय छे, शुभ वचनयोगथी पित्त विकार जाय छे। अने शुभ काययोगथी कफ विकार जाय छे। सम्यग् ज्ञान वडे राग दोष जाय छे, सम्यग् दर्शन वडे द्वेष दोष जाय छे अने सम्यक् चारित्र वडे मोह दोष जाय छे।

मननी शुद्धि 'नमो' पद अने तेना अर्थनी भावना वडे थाय छे। वचननी शुद्धि 'अरिहं' पद अने तेना अर्थनी भावना वडे थाय छे। कायानी शुद्धि 'ताणं' पद अने तेना अर्थनी भावना वडे थाय छे।

नमो पद मंगल सूचक छे। अरिहं पद उत्तमतानुँ सूचक छे। अने ताणं पद शरण अर्थने सूचवे छे, मंगल उत्तम, अने शरणने जणावनार प्रथम पदनी अर्थ भावना अनुक्रमे ज्ञान, दर्शन अने चारित्रनी शुद्धि करे छे।

साचुं ज्ञान दुष्कृतवान एवा पोताना आत्मानी गर्हा करावे छे, साचुं दर्शन सुकृतवान एवा अरिहंतादिनी स्तुति करावे छे अने साचुं चारित्र आज्ञा पालनना भावनो विकास करे छे। दुष्कृत प्रत्येनो राग, सुकृत प्रत्येनो द्वेष अने आज्ञापालन प्रत्येनो प्रमाद सम्यग् ज्ञान, दर्शन अने चारित्र गुणना विकासथी नाश पामे छे। अने ए त्रणे गुणोनो विकास प्रथम पदनी अर्थ भावनापूर्वक थता तेना जाप वडे सुसाध्य बने छे।

## नवकार-चौदपूर्व- अष्ट प्रवचनमाता

महामंत्रनो मुख्य विषय योगशास्त्रमां वर्णवेल लक्षणोवाली मनोगुप्ति छे। त्यां कह्युं छे के––

'विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम्।
आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता॥'

आर्त-रौद्रध्याननो त्याग, धर्मध्यानमां स्थिरता अने आत्मारामवालुं शुक्लध्यान जेमां होय तेने ज्ञानी पुरूषोए मनोगुप्ति कही छे।

नवकार मंत्रना जापथी ते त्रणे कार्यो ओछा वधतां अंशे सिद्ध थतां देखाय छे। तेथी मनोगुप्तिनी जेम नवकारने पण चौद पूर्वनो सार कह्यो छे।

चौद पूर्वनो सार जेम नवकार मंत्र छे, तेम अष्टप्रवचनमाता पण छे। अष्टप्रवचन-मातामां पण मनोगुप्ति प्रधान छे। बाकीनी गुप्ति अने समितियो मनोगुप्तिने सिद्ध करवा माटे ज कहेली छे। बीजी रीते चौद पूर्वनो अभ्यास करीने पण छेवटे अष्टप्रवचनमाताना परिपूर्ण पालन स्वरूप पंच परमेष्ठि पदने ज प्राप्त करवानुं छे।

महामंत्रनो जाप अने चिन्तवन पांचे परमेष्ठि उपर प्रीति अने भक्ति जगाडे छे तथा ए स्वरूप पामवानी तालावेली उत्पन्न करे छे, अने अंते ते स्वरूप पमाडीने विरमे छे। तेथी नवकार, चौदपूर्व अने अष्ट प्रवचन माता एक ज कार्यनो सिद्धि करनार होवाथी समानार्थक–एक प्रयोजनात्मक अने परस्पर पूरक बनी जाय छे।

## तत्त्वरुचि - तत्वबोध - तत्त्व परिणति

नवकारना प्रथम पदनी अर्थ भावना अनेक रीते विचारी शकाय छे।

नमो पदथी तत्त्व रुचि, अरिहं पदथी तत्त्वबोध अने ताणं पदथी तत्त्व परिणति लई

शकाय छे । नमो पद आत्मतत्त्वनी रुचि जगाड़े छे, अरिहं पद शुद्ध आत्मतत्त्वनो बोध करावे छे अने ताणं पद आत्मतत्त्वनी परिणति उभी करे छे ।

श्री विमलनाथ प्रभुना स्तवनमां पू० उपाध्याय श्रीयशोविजयजी महाराज फरमावे छे के :–

'तत्त्व प्रीति कर पाणी पाए
विमलालोके आंजीजी,
लोयण गुरु परमान्न दिए तव
भ्रम नांखे सवि भांजीजी ।'

परमात्मानुं ध्यान तत्त्व प्रीतिकर पाणी छे, तत्त्वबोधकर निर्मळ नेत्रांजन छे अने सर्व-रोगहर परमान्न भोजन छे । नवकारना प्रथम पदमां थतुं अरिहंत परमात्मानुं ध्यान ते त्रणे कार्योने करे छे ।

नमो पदथी मिथ्यात्वनो त्याग, अरिहं पदथी अज्ञाननो त्याग अने ताणं पदथी अविरतिनो त्याग थायछे । नमनीयने न नमवुं ते मिथ्यात्व छे । आत्माना शुद्ध स्वरूपने न जाणवुं ते अज्ञान छे । अने आचरवा लायकने न आचरवुं ते अविरति छे । नवकारना प्रथम पदना आराधनथी नमनीयने नमन, ज्ञातव्यनुं ज्ञान अने करणीयनुं करण थतुं होवाथी त्रणे दोषोनुं निवारण थई जाय छे ।

### बहिरात्मभाव–अंतरात्मभाव–परमात्मभाव

नवकारना प्रथम पदथी बहिरात्मभावनो त्याग, अंतरात्मभावनो स्वीकार अने परमात्मभावनो आदर थाय छे । श्री आनन्दघनजी महाराज सुमतिनाथ भगवानना स्तवनमां फरमावे छे के:–

'बहिरातम तजी अंतर आतमा-
रूप थई थिर भाव, सुज्ञानी;
परमातमनुँ हो आतम भाववुं,
आतम अरपण दाव, सुज्ञानी;
सुमति चरण कज आतम अरपणा–'

सुमतिनाथ भगवानना चरण कमळमां आत्मानुं अर्पण करवानो दाव ते छे, के बहि-रात्मभावनो त्याग करी, अंतरात्मभावमां स्थिर थई, पोतानो आत्मा तत्त्वथी परमात्मा छे, एवा भावमां रमण करवुं ।

नमो पद वडे बहिरात्मभावनो त्याग अने अंतरात्मभावनो स्वीकार थाय छे तथा अरिहं

अने ताणं पद वडे आत्मानुं परमात्म स्वरूपे भावन अने तेना परिणामे रक्षण थाय छे त्रणे भावोनुं पृथक् पृथग् वर्णन करतां तेओश्री फरमावे छे के:—

'आतम बुद्धे हो कायादिक ग्रह्यो,
बहिरातम अघरूप, सुज्ञानी;
कायादिकनो हो साखीधर रह्यो,
अंतर आतमरूप, सुज्ञानी, सुमति चरण।
ज्ञानानंदे हो पूरण पावनो
वरजित सकल उपाधि, सुज्ञानी;
अतीन्द्रिय गुण गण मणि आगरू,
ईम परमातम साध, सुज्ञानी, सुमति चरण।

काया, वचन, मन, आदिने एकांत आत्मबुद्धिथी ग्रहण करनार बहिरात्मभाव छे, अने ते पापरूप छे। ते ज कायादिनो साक्षी भाव अंतरात्म स्वरूप छे। परमातमस्वरूप ज्ञानानंदथी पूर्ण छे, सर्व बाह्य उपाधिथी रहित छे, अतीन्द्रिय गुण समूहरूप मणिओनी खाण छे, तेनी साधना करवी जोईए।

नवकारना प्रथम पदनी साधना बहिरात्मभावने छोडावी, अंतरात्मभावमां स्थिर करी, परमात्मभावनी भावना करावे छे, तेथी पुनः पुनः करवा योग्य छे। कह्युं छे के:—

'बाह्यात्मनमपास्य, प्रसत्तिभाजाऽन्तरात्मना योगी।
सततं परमात्मनं, विचिन्तयेत्तन्मयत्वाय॥

—योगशास्त्र, प्र० १२ श्लो० ६

बाह्यात्मभावनो त्याग करी, प्रसन्न एवा अन्तरात्मभाववडे, परमात्मतत्त्वनुं चिंतन, तन्मय थवा माटे योगी निरन्तर करे।

प्रथम पदनो जाप अने तेना अर्थनुं चिन्तन योगीओनी आ भावनानो अभ्यास करावनार थाय छे।

### गति चतुष्टयथी मुक्ति अने अनंत चतुष्टयनी प्राप्ति

नवकारनुं प्रथम पद 'नमो' सद्विचारनुं प्रेरक छे। अरिहं पद सद्विवेकनुं प्रेरक छे। अने ताणं पद सद्वर्तननुं प्रेरक छे। सद्विचार, सद्विवेक अने सद्वर्तन ए ज निश्चयथी रत्नत्रयी छे।

व्यक्तिनिष्ठ अहं मिथ्यादर्शन, मिथ्याज्ञान अने मिथ्याचारित्रथी युक्त छे। ते ज अहं ज्यारे समष्टिनिष्ठ बने छे, त्यारे सम्यग्-दर्शन-ज्ञान-चारित्र युक्त बने छे।

व्यवहारथी संसारी जीव मात्र कर्मबद्ध छे अने ते कारणे जन्म मरण कर्या करे छे। निश्चयनयथी जीव मात्र अनंत चतुष्टयवान छे, अष्ट कर्मथी भिन्न छे, एवी श्रद्धा, ज्ञान अने तदनुरूप वर्तन थाय छे, त्यारे अहं पोते ज अर्हं रूप बनी जन्म मरणरूप चार गतिनो अंत करे छे।

नवकारना प्रथम पदनुं आराधन, चिन्तन अने मनन जीवने मिथ्या रत्नत्रयथी मुक्त करी सम्यग् रत्नत्रयथी युक्त करे छे, अने परिणामे अनंत चतुष्टयथी युक्त करी गति चतुष्टयथी मुक्त बनावे छे।

नवकारनुं प्रथमपद पररूपेण नास्तित्वरूप शून्यतानुं बोधक छे, स्वरूपेण अस्तित्वरूप पूर्णतानुं बोधक छे अने उभयरूपे युगपद अवाच्यत्वरूप स्वसंवेद्यत्वनुं बोधक छे। तेथी शून्यता, पूर्णता अने एकतानी भावना करावी जीवने भक्ति, वैराग्य अने ज्ञानथीं परिपूर्ण बनावे छे।

पूर्णतानो बोध भक्ति प्रेरक छे, शून्यतानो बोध वैराग्य प्रेरक छे अने एकतानो बोध तत्त्वज्ञानननो प्रेरक छे।

चतुर्थ गुणस्थानके भक्तिनी प्रधानता, छट्ठा गुणस्थानके वैराग्यनी प्रधानता अने ते उपरना गुणस्थानकोए तत्त्वज्ञाननी मुख्यता मानेली छे। प्रथम पद आ रीते सर्व गुणस्थानकोने योग्य साधनानी सामग्री पूरी पाडे छे, तेथी तेने सिद्धान्तना सार रूप कहेल छे।

## इच्छायोग-शास्त्रयोग-सामर्थ्ययोग

नवकारना प्रथम पदमां इच्छायोग, शास्त्रयोग अने सामर्थ्ययोग ए त्रणे प्रकारना योगनो समावेश थयेलो छे। नमो पद इच्छायोगनुं प्रतीक छे। अरिहं पद शास्त्रयोगनुं प्रतीक छे अने ताणं पद सामर्थ्ययोगनुं प्रतीक छे।

इच्छायोग प्रमादी एवा ज्ञानीनी विकल क्रिया छे। शास्त्रयोग अप्रमादी एवा ज्ञानीनी अविकल क्रिया छे अने सामर्थ्ययोग ए एथी पण विशेष अप्रमत्तभावने धारण करनारनी शास्त्रातिक्रान्त प्रवृत्ति छे।

'नमो' पद शास्त्रोक्त क्रियानी इच्छा दर्शावे छे तेथी प्रार्थना स्वरूप छे। 'अरिहं' पद शास्त्रोक्त क्रियानुं स्वरूप बतावे छे तेथी स्तुति स्वरूप छे अने 'ताणं' पद शास्त्रोक्त मार्गे चालीने तेनुं पूर्ण फळ बतावे छे तेथी उपासना स्वरूप छे। नवकारना प्रथम पदमां आ रीते सदनुष्ठाननी प्रार्थनारूप इच्छायोग, सदनुष्ठाननी स्तुतिरूप शास्त्रयोग अने सदनुष्ठाननी उपासनारूप सामर्थ्ययोग गुंथायेलो होवाथी त्रणे प्रकारना योगीओने उत्तम आलंबन पूरुं पाडे छे।

इच्छायोगथी योगावंचकतानी प्राप्ति, शास्त्रयोगथी क्रियावंचकतानी प्राप्ति अने सामर्थ्ययोगथी फलावंचकतानी प्राप्ति थाय छे। त्रणे प्रकारना अवंचक योग प्रथम पदना आराधकने अनुक्रमे प्राप्त थाय छे।

कारणमां कार्यनो उपचार करीने प्रथम पदनी आराधनाने अहीं इच्छायोग, शास्त्रयोग अने सामर्थ्ययोगनां नाम घटे छे अने तेना फल रूपे सदगुरुनी प्राप्तिरूपी योगावंचकता, तेमनी आज्ञाना पालनरूपी क्रियावंचकता अने तेना फलस्वरूप परम पदनी प्राप्तिरूपी फलावंचकता पण घटे छे।

## हेतु, स्वरूप अने अनुबंधथी शुद्ध लक्षणवालुं धर्मानुष्ठान

धर्मनो हेतु सदनुष्ठाननुं सेवन, धर्मनुं स्वरूप परिणामनी विशुद्धि अने धर्मनुं फल आलोक परलोकनां सुजदायक फलो तथा मुक्ति न मले त्यां सुधी पुनः पुनः सद्धर्मनी प्राप्तिरूप अनुबध छे, ए त्रणे वस्तुओनी प्राप्ति नमस्कार मंत्र अने तेना प्रथम पदना आराधकने प्राप्त थाय छे तेथी ते हेतु, स्वरूपअने अनुबंधथी शुद्ध लक्षणवालुं धर्मानुष्ठान बने छे।

शास्त्रोमां धर्मनुं स्वरूप नीचे मुजब कह्युं छे:—

'वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम्।
मैत्र्यादिभावसंयुक्तं, तद्धर्म इति कीर्त्यते ॥'

पूर्वापर अविरुद्ध एवा वचनने अनुसरीने मैत्र्यादि भावयुक्त यथोक्त अनुष्टानने धर्म कहेल छे। नवकारनी आराधना अविरुद्ध वचनानुसारी छे, सर्व प्रकरना गुणस्थानकोए रहेला जीवोने तेमनी योग्यतानुसार विकास करनारी छे तथा मैत्री प्रमोदादि भावोथी सहित छे, तेथी यथोक्त धर्मानुष्ठान बने छे। अने तेनुं फल आ लोकमां अर्थ, काम, आरोग्य, अभिरति अने परलोकमां मुक्ति, ते न मले त्यां सुधी सद्गति उत्तमकुलमां जन्म अने सद्बोधनी प्राप्ति वगेरे अवश्य मले छे।

बीजी रीते नमो ए धर्मनुं बीज छे, केमके तेमां सद्धर्म अने तेने धारण करनारा सत्पुरुषोनी प्रशंसादि रहेला छे, धर्मचिन्तादि तेमां अंकुरा छे अने परंपराए निर्वाणरूप परमफल रहेलुं छे तेथी तेनुं आराधन अत्यंत आदरणीय छे। ते माटे कह्युं छे के।

'वपनं धर्म बीजस्य, सत्प्रशंसादितद्गतम्।
तच्चिन्ताद्यंकुरादिस्यात्, फलसिद्धिस्तुनिर्वृत्तिः ॥

'नमो अरिहंताणं।' ए पदना आराधनमां धर्मबीजनुं वपन, धर्मचिन्तादि अंकुरादि अने फलसिद्धिरूपी निर्वाण पर्यंतना सुख रहेलां छे।

## आगम-अनुमान-ध्यानाभ्यास

नमो पदथी धर्मनुं श्रवण, अरिहं पदथी धर्मनुं चिन्तन अने ताणं पदथी धर्मनी भावना थाय छे। श्रुत, चिन्ता अने भावनाने अनुक्रमे उदक, पय अने अमृत तुल्य कह्यां छे। उदकमां तृषाने छीपाववानी ताकात छे, तेथी अधिक पय मां अर्थात् दूधमां छे अने तेथी पण अधिक अमृतमां छे।

धर्मनुं श्रवण विषयनी जे तृषाने छीपावे छे, तेथी अधिक तृषाने धर्मनी चिन्तवना आदि छीपावे छे। अने तेथी पण अधिक धर्मनी भावना-ध्यान-निदिध्यासनादि छीपावे छे। विषयनी तृषा अने क्षुधाने तृप्त करवानी ताकात प्रथम पदनी अर्थभावनामां रहेली छे, केमके तेना त्रणे पदोवडे धर्मनां श्रवण-मनन निदिध्यासनादि त्रणे कार्यो सिद्ध थाय छे। धर्मनी अने योगनी सिद्धि माटे जे त्रण उपायो शास्त्रकारोए दर्शाव्या छे, ते त्रणेनी आराधना प्रथम पदनी आराधनथी थाय छे। ते माटे योगाचार्योए कह्युं छे केः—

'आगमेनानुमानेन, ध्यानाभ्यासरसेन च।
त्रिधा प्रकल्पयन् प्रज्ञां, लमते योगमुत्तमम् ॥

आगम, अनुमान अने ध्यानाभ्यासनो रस ए त्रणे उपायोथी प्रज्ञाने ज्यारे समर्थ बनाववामां आवे छे, त्यारे उत्तम एवा योगनी अथवा उत्तम प्रकारे योगनी एटले मोक्ष मार्गनी प्राप्ति थाय छे।

योग वडे जे मोक्षनी साधना करवानी होय छे, ते योग अने मोक्ष ए बन्नेनी प्रथम श्रध्धा आगमना श्रवण वडे थाय छे। पछी अनुमान, युक्ति आदिना विचार वडे प्रतीति थाय छे अने छेल्ले ध्यान-निदिध्यासन वडे स्पर्शना-प्राप्ति थाय छे।

आगम, अनुमान, ध्यान अथवा श्रुत, चिन्ता अने भावना ए अनुक्रमे श्रवण, मनन अने निदिध्यासनना ज पर्यायवाचक शब्दो छे। अने ते त्रणे अंगोनी आराधना प्रथम पदनी अर्थभावनायुक्त आराधना वडे थाय छे।

## धर्मकाय, कर्मकाय अने तत्त्वकाय अवस्था

तीर्थंकरोनी धर्मकाय, कर्मकाय अने तत्त्वकाय एम त्रण अवस्था होय छे। तेने शास्त्रनी परिभाषामां अनुक्रमे पिंडस्थ, पदस्थ अने रूपातीत नामथी संबोधवामां आवे छे।

धर्मकाय अथवा पिंडस्थ अवस्था प्रभुनी सम्यक्त्व प्राप्ति अनंतर थती धर्म साधनाने कहेवामां आवे छे। यावत् छेल्ला भवनी अंदर पण ज्यां सुधी घातीकर्मनो क्षय थतो नथी, त्यां सुधी तेमनी जन्मावस्था, राज्यावस्था अने चारित्र ग्रहण कर्या बाद केवलज्ञान न थाय त्यां सुधीनी छद्मावस्थानी आराधना ए धर्मकाय अवस्था कही छे। त्यार बाद घातीकर्मनो

क्षय अने कैवल्यनी प्राप्ति थया बाद धर्मतीर्थनी स्थापना, निरन्तर धर्मोपदेशादि वडे परोपकारनी प्रवृत्ति ते कर्मकाय अवस्था छे। अने योग निरोधरूप शैलेशीकरणने तत्त्वकाय अवस्था कही छे।

ए त्रणे अवस्थानुं ध्यान अने आराधन नवकारना प्रथम पदनी आराधनाथी थाय छे। तेमां नमो पद धर्मकाय अवस्थानुं प्रतीक बने छे। अरिहं पद कर्मकाय अवस्थानुं प्रतीक बने छे अने ताणं पद तत्त्वकाय अवस्थानुं प्रतीक बने छे।

ए रीते प्रभुनी पिंडस्थ, पदस्थ अने रूपातीत अवस्थाओनी आराधनानुं साधन नवकारना प्रथम पद वडे थतुं होवाथी प्रथम पदनो जाप, ध्यान अने अर्थचिन्तन पुनः पुनः करवा लायक छे।

## अमृत अनुष्ठान

प्रथम पद वडे परमात्मानी स्तुति, परमात्मानुं स्मरण अने परमात्मानुं ध्यान सरलताथी थइ शके छे। नामग्रहण वडे स्तुति, अर्थभावन वडे स्मरण अने एकाग्रचिन्तन वडे ध्यान थइ शके छे।

श्रद्धा वडे, मेधा वडे, धृति वडे, धारणा वडे अने अनुप्रेक्षा वडे थती प्रभुनी स्तुति, स्मृति अने ध्यान अनुक्रमे बोधि, समाधि अने सिद्धिनुं कारण बने छे।

'नमो अरिहंताणं।' ए पद योगनी इच्छा योगनीप्रवृत्ति, योगनुंस्थैर्य अने योगनी सिद्धि करावे छे। एटलुंज नहि पण प्रीति-भक्ति-वचन अने असंग ए चारे प्रकारना अनुष्ठाननी प्राप्ति करावी निर्विघ्नपणे जीवोने मोक्षमां लई जाय छे।

योगना पांच अंगो स्थान, वर्ण, अर्थ, आलंबन अने अनालंबन तथा आगमोक्त योगनी आठ अवस्था तच्चित्त, तन्मन, तल्लेश्य, तदध्यवसाय, तत्तीव्रअध्यवसाय, तदर्थोपयुक्त, तदर्पितकरण अने तद्भावनाभावित पर्यंतनी अवस्था प्रथम पदना आलंबन वड़े सिद्ध करी शकाय छे।

द्रव्य क्रियाने भाव क्रिया बनावनार अने तद्हेतु अनुष्ठानने अमृत अनुष्ठान बनावनार जे चित्त वृत्तिओने शास्त्रकारोए फरमावी छे, ते सौनुं आराधन प्रथम पदना अवलंबन वडे थई शके छे।

अर्थनुं आलोचन, गुणनो राग अने भावनी वृद्धि ए त्रण गुण द्रव्यक्रियाने भावक्रिया बनावे छे। तथा तद्गत चित्त, शास्त्रोक्त विधान, भावनी वृद्धि, भवनो भय, विस्मय, पुलक अने प्रधान प्रमोद ते तद्हेतु अनुष्ठानने अमृत अनुष्ठान बनावे छे। ते माटे कह्युं छे के :—

तद्गत चित्तने समय विधान,
भावनी वृद्धि भय भव अति घणो जी;
विस्मय पुलक प्रमोद प्रधान,
लक्षण ए छे अमृत क्रिया तणो जी ।

## भाव प्राणायामनुं कार्य

नमो पद बाह्य भावनो रेचक करावे छे, आंतर भावनो पूरक करावे छे अने परमात्मभावनो कुंभक करावे छे, तेथी ते भाव प्राणायामनुं कार्य पण करे छे ।

भाव प्राणायाम ज्ञानावरणनो क्षय तथा योगना उपरना ध्यानादि अंगोनी सिद्धि करावनार होवाथी मात्र शरीर स्वास्थ्यने सुधारनार द्रव्य प्राणायामनी अपेक्षाए उत्कृष्ट छे । अने तेनुं आराधन प्रथम पदना आलंबनथी सुन्दर रीते थतुं होवाथी प्रथम पद अत्यंत उपादेय छे ।

आगमोमां नमस्कार पदनो अर्थ नीचे मुजब कह्यो छे :—

'मणसा गुणपरिणामो, वाया गुणभासणं च पंचण्हं ।
कायेण संपणामो, एस पयत्थो नमुक्कारो ।।'

मनथी पंच परमेष्ठिना गुणोनुं परिणमन, वाणीथी पंच परमेष्ठिना गुणोनुं भाषण तथा कायाथी पंच परमेष्ठि भगवंतोने सम्यक् प्रणाम करवो, ते नमस्कार पदनो अर्थ छे ।

नमो पद वडे मनमां गुणोनुं परिणमन थाय छे, अरिहं पद वडे गुणोनुं भाषण थाय छे अने ताणं पद वडे कायानुं प्रणमन थाय छे । अथवा त्रणे पदो मळीने परमेष्ठि भगवंतोना गुणोनुं परिणमन, भाषण अने प्रणमन करावे छे । तेथी मन, वचन, कायाना त्रणे योगोनुं सार्थक्य थाय छे ।

## भव्यत्व परिपाकना त्रण उपाय अने छ अभ्यंतर तप

नवकारना प्रथम पदना जाप अने ध्यान वडे भव्यत्व परिपाकना त्रणे उपायो अनुक्रमे दुष्कृतगर्हा, सुकृतानुमोदन अने शरणगमन एकी साथे सधाय छे । अने अभ्यंतर तपना छए प्रकारो, अनुक्रमे प्रायश्चित्त, विनय, वैयावच्च, स्वाध्याय, ध्यान अने कायोत्सर्गनुं पण एक साथे सेवन थाय छे ।

नमो पद दुष्कृतनी गर्हा करावे छे, अरिहं पद सुकृतनी अनुमोदना करावे छे अने ताणं पद शरण गमननी क्रिया करावे छे ।

ए ज रीते नमो पद वडे पापनुँ प्रायश्चित्त अने गुणोनो विनय थाय छे । अरिहं पद

वडे भावथी वैयावच्च अने स्वाध्याय थाय छे अने ताणं पद वडे परमात्मानुं ध्यान अने देहात्मभावनुं विसर्जन थाय छे।

दुष्कृत गर्हादि वडे जीवनी मुक्तिगमन योग्यता परिपक्व थाय छे तथा प्रायश्चित्त-विनयादि तप वडे क्लिष्ट कर्मोनो विगम तथा भाव निर्जरा थाय छे।

## समापत्ति, आपत्ति अने संपत्ति

नवकारना प्रथम पदमां ध्याता, ध्येय अने ध्यान तथा ते त्रणेनी एकतारूप समापत्ति सधाय छे। तेथी तीर्थंकर नाम कर्मना उपार्जनरूप आपत्ति अने तेना विपाकोदयरूप संपत्तिनी पण प्राप्ति थाय छे।

नमो ए ध्यातानी शुद्धि सूचवे छे अरिहं ए ध्येयनी शुद्धि सूचवे छे अने ताणं ए ध्याननी शुद्धि सूचवे छे। ए त्रणेनी शुद्धि वडे त्रणेनी एकतारूप समापत्ति अने तेना परिणामे आपत्ति अर्थात् तीर्थंकर नामकर्मनुं उपार्जन तथा बाह्यांतर संपत्ति प्राप्त थाय छे।

ज्ञानसार ग्रन्थना ध्यानाष्टकमां कह्युं छे के :—

'ध्याता ध्येयं तथाध्यानं,
त्रयं यस्यैकतां गतम्।
मुनेरनन्यचित्तस्य,
तस्य दुःखं न विद्यते ॥१॥
ध्याताऽन्तरात्मा ध्येयस्तु,
परमात्मा प्रकीर्तितः।
ध्यानं चैकाग्र्यसंवित्तिः,
समापत्तिस्तदेकता ॥२॥
आपत्तिश्च ततः पुण्य-
तीर्थकृत् कर्मबन्धतः।
तद्भावाभिमुखत्वेन,
संपत्तिश्चक्रमाद्भवेत् ॥३॥
इत्थं ध्यानफलाद्युक्तं,
विंशतिस्थानकाद्यपि।
कष्टमात्रं त्वभव्याना-
मपि नो दुर्लभं भवे ॥४॥'

ध्याननुं फळ समापत्ति, आपत्ति (तीर्थंकर नाम कर्मनुं उपार्जन) अने संपत्ति (तीर्थं-

कर नाम कर्मनो विपाकोदय) रूप होवाथी विंशतिस्थानक तप आदिनुं आराधन सफळ मान्युँ छे । जेने ते फळ थतुं नथी ते अभव्योनुं आराधन कष्ट मात्र फळवाळुं छे अने ते तो आ भवचक्रमां अभव्योने पण दुर्लभ नथी ।

नवकारना प्रथम पदनुं भावथी थतुं आराधन आ रीते समापत्ति आदि भेद वडे सफळ थतुं होवाथी अत्यंत उपादेय छे ।

## धर्मध्यान अने शुक्लध्यान

शास्त्रोमां आज्ञाविचय, अपायविचय, विपाकविचय अने संस्थानविचयादि चार प्रकारनुं धर्मध्यान कह्युं छे । ते धर्मध्यान नवकारना प्रथम पदना नमो पदनी अर्थ भावना वडे साधी शकाय छे ।

नमस्कारमां प्रभुनी आज्ञानो विचार छे, रागादि दोषोनी अपायकारकता अने ज्ञानावरणीयादि अष्टविध कर्मना विपाकनी विरसतानो पण विचार छे । तथा चौद राजलोक रूप विस्तारवाळा आकाश प्रदेशोमां धर्मस्थाननी प्राप्तिनी अत्यंत दुर्लभताना विचाररूपी संस्थानविचय ध्यान पण तेमां रहेलुं छे ।

अरिहं पदमां शुक्ल ध्यानना प्रथम बे भेद पृथक्त्ववितर्क-सविचार अने एकत्ववितर्क-अविचार तथा ताणं पदमां शुक्ल ध्यानना छेल्ला बे भेद सूक्ष्मक्रिया-अप्रतिपाति अने व्युपरतक्रिया-अनिवृत्तिनो विचार रहेलो छे ।

ए रीते अर्थ भावनापूर्वक प्रथम पदनो जाप धर्मध्यानना चारे पाया तथा शुक्लध्यानना चारे पायानो एक आथे संग्रह करावनार होई अति उज्ज्वळ लेश्याने पेदा करावनारो थाय छे, तेथी सात्मार्थी जीवोने अत्यंत उपादेय छे अने पुनः पुनः करवा लायक छे ।

## तप, स्वाध्याय अने ईश्वर प्रणिधान

योगशतकमां कह्युं छे के :–

सरणं भए उवाओ,
रोगे किरिया विसम्मि मंतो य ।
ए ए वि पावकम्मो–
वक्कमभेया उ तत्तेणं ॥१॥

सरणं गुरु य इत्थं,
किरिया उ तवो त्ति कम्मरोगम्मि ।
मंतो पुण सज्झाओ,
मोहविसविणासणो पवरो ॥२॥

बीजाथी भय उत्पन्न थाय त्यारे तेनो उपाय जेम समर्थनुं शरण छे, कुष्ठादि व्याधि उत्पन्न थाय त्यारे तेनो उपाय जेम योग्य चिकित्सा छे तथा स्थावरजंगमरूप विषनो ज्यारे उपद्रव थाय त्यारे तेनुं निवारण जेम देवाधिष्ठित अक्षर न्यास रूपे मंत्र छे, तेम भयमोहनीयादि पापकर्मोनो उपक्रम अर्थात् विनाश करवाना उपाय पण शरण वगेरेने ज कहेलां छे।

शरण्य गुरुवर्ग छे। कर्म रोगनी चिकित्सा बाह्य-आभ्यंतर तप छे अने मोह विषनो विनाश करवामां समर्थ मंत्र पांच प्रकारनो स्वाध्याय छे।

पातंजल योगसूत्रमां पण कह्युं छे के :–

तपःस्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः।
समाधिभावनार्थःक्लेशतनूकरणार्थश्च ॥ (२–१–२)

तप, स्वाध्याय अने ईश्वर प्रणिधान ए क्रिया योग छे। ते वडे क्लेशनी अल्पता अने समाधिनी प्राप्ति थाय छे।

नवकारनुं प्रथम पद 'नमो अरिहंताणं।' पद समाधिनी भावना अने अविद्यादि क्लेशोनुं निवारण करेछे। नमो पद वडे कर्मरोगनी चिकित्सारूप बाह्य-आभ्यंतर तप, अरिहं पद वडे स्वाध्याय अने ताणं पद वडे ईश्वर प्रणिधान–एकाग्रचित्ते परमात्म स्मरण थाय छे। प्रथम पदना विधिपूर्वक जाप वडे श्रद्धा वधे छे, वीर्य-उत्साह वधे छे, स्मृति-समाधि अने प्रज्ञा वधे छे तथा अंते कैवल्यनी प्राप्ति थाय छे।

## अष्टांग योग

योगना आठ अंग यम, निमय, आसन, प्राणायाम, प्रत्याहार, धारणा, ध्यान, अने समाधि कहेलां छे। ते प्रत्येक अंगनी साधना विधियुक्त नवकार मंत्रने गणनारने सधाय छे।

नवकार मंत्रने गणनार अहिंसक बने छे, सत्यवादी थाय छे, अचौर्य, ब्रह्मचर्य अने अपरिग्रहव्रतनो पण आराधक थाय छे। नवकार मंत्रना आराधकने बाह्यांतर शौच अने संतोष तथा पूर्वे कह्या मुजब तप, स्वाध्याय अने ईश्वर प्रणिधानरूप नियमोनी साधना थाय छे। नवकार मंत्रने गणनार स्थिर सुखआसननी अने बाह्यआभ्यंतर प्राणायामनी साधना करनारो पण थाय छे।

नवकारनो साधक इन्द्रियोनो प्रत्याहार, मननी धारणा अने बुद्धिनी एकाग्रतारूप ध्यान तथा अंतःकरणनी समाधिनो अनुभव करे छे।

नमो पद वडे नादनी अरिहं पद वड़े बिंदुनी अने ताणं पद वडे कलानी साधना थाय छे।

नवकार मंत्र वड़े नास्तिकता, निराशा अने निरुत्साहता नाश पामेछे तथा नम्रता, निर्भयता अने निश्चितता प्राप्त थाय छे।

नवकार मंत्रमां पोतानी कर्मबद्ध अवस्थानो स्वीकार थाय छे। अरिहंतोनी कर्ममुक्त अवस्थानुं ध्यान थाय छे तथा कर्ममुक्तिना उपायो स्वरूप ज्ञान, दर्शन अने चारित्रनुं आराधन थाय छे।

## क्षायिक भावनी प्राप्ति

नवकार मंत्र वडे औदयिक भावोनो त्याग, क्षायोपशमिक भावोनो आदर अने परिणामे क्षायिक भावनी प्राप्ति थाय छे।

नवकार मंत्रना आराधकने मधुरपरिणामनी प्राप्तिरूप साम भाव, तुला परिणामनी आराधनारूप समभाव अने क्षीर खंड युक्त अत्यंत मधुर परिणामनी आराधनारूप सम्मभावनी परिणतिनो लाभ थाय छे।

नवकारनी आराधना वडे चिंतामणि, कल्पवृक्ष अने कामकुंभथी पण अधिक एवा श्रद्धेय, ध्येय अने शरणनी प्राप्ति थाय छे।

नमो पद वडे क्रोधनो दाह शमे छे, अरिहं पद वडे विषयनी तृषा जाय छे अने ताणं पद वडे कर्मनो पंक शोषाय छे। दाह शमवाथी शांति थाय छे, तृषा जवाथी तुष्टि थाय छे अने पंक शोषावाथी पुष्टि थाय छे, तेथी आ मंत्रने तीर्थ जळनी अने परमान्ननी उपमाओ यथार्थपणे घटे छे। नमो ए उपशम छे, अरिहं ए विवेक छे अने ताण ए संवर छे।

परमान्ननुं भोजन जेम क्षुधानुं निवारण करे छे तथा चित्तने तुष्टि अने देहने पुष्टि करे छे, तेम आ मंत्रनुं आराधन पण विषय क्षुधानुं निवारण करनार होवाथी मनने शांति, चित्तने तुष्टि अने आत्माने पुष्टि करे छे।

नवकार मंत्रमां कृतज्ञता अने परोपकार, व्यवहार अने निश्चय, अध्यात्म अने योग, ध्यान अने समाधि, दान अने पूजन, शुभ विकल्प अने निर्विकल्प, योगारंभ अने योगसिद्धि, सत्त्वशुद्धि सत्त्वातीतता, पुरुषार्थ अने सिद्धि, सेवक अने सेव्य, करुणापात्र अने करुणावंत वगेरे साधनानी सघळी सामग्री रहेली छे। ईच्छा ज्ञान अने क्रियानो सुंदर सुमेळ होवाथी आत्मशक्तिना विकास माटे परिपूर्ण सामर्थ्य तेमां रहेलुं छे। ते कारणे शास्त्रोमां कह्युं छे के :—

एसो अणाइ कालो,
अणाइ जीवो य अणाइ जिणधम्मो ।
तइयाविते पढंता,
एसुच्चिय जिण नमुक्कारो ।।

काल अनादि छे, जीव अनादि छे अने जिनधर्म पण अनादि छे, तेथी आ नमस्कार अनादि काळथी भणातो आव्यो छे अने अनंत काळ सुधी भणाशे अने ए भणनार तथा भणावनारनुँ अनंत कल्याण करशे ।

भौतिकवाद ना आ युगमां अध्यात्मवादना अमीपान करवामाटे श्री नमस्कार महामंत्र समान कोइ उत्तम साधन नथी, कोई निर्मळ अने सरल मंत्र नथी, आ महामंत्र कुविकल्पोथी मननुं रक्षण करे छे, खोटा विचारो थी मननुं रक्षण करवुं ए एक महत्वनी वस्तु छे । वर्तमान युगमां धन सत्ता के वैभवनुं रक्षण करवा माटे देहबल के आरोग्यनुं रक्षण करवा माटे अनेक साधनो योजायां छे, अने योजाय छे, पण संकल्प विकल्प थी मननुं रक्षण करवा माटे एक पण समर्थ साधन शोधयानुं सांभल्युं नथी, ते माटे नवकार मंत्र एक समर्थ साधन छे, पूर्व महर्षिओए मनना रक्षण माटे अनेक प्रकार ना मंत्र योजेला छे, आवा सर्व मंत्रोमां श्री नमस्कार महामंत्रनुं स्थान श्री जैन शासनमां मोखरे छे ।

# अनाहतनुं स्वरूप

ले० अभ्यासी

### अनाहतनुं ज्ञान आत्म साधनामां हेतु छे

परमोपकारी शास्त्रकार भगवंतोए शास्त्रोमां अनाहतनुं स्वरूप यंत्र, मंत्र, ध्यान अने योगनी दृष्टिए विस्तारथी बतावेलुं छे। तेनुं ज्ञान मेळववाथी आत्मसाधनामां आगळ वधवा माटेनी अलौकिक दृष्टि प्राप्त थाय छे।

### मंत्र दृष्टिए अनाहत

भिन्न भिन्न यंत्रोमां भिन्न भिन्न आकृतिवाला अनाहतनुं आलेखन करेलुं छे। तेनुं गूढ रहस्य तो ते विषयना विशेष अनुभवी महात्माओ पासेथी ज जाणी शकाय।

### अनाहतना भिन्न भिन्न आकारो

ॐ घटित, ह्रीँ घटित, शुद्ध गोलाकाररेखाद्वयं, लंबगोलाकारे रेखाद्वयं, चतुष्कोणाकारे रेखाद्वयं, अनेक रेखारूप, अर्धचंद्राकार विगेरे।

प्रकटप्रभावी पूर्वोद्धृत श्रीसिद्धचक्र महायंत्रमां त्रण स्थले अनाहतनुं आलेखन करवामां आवेलुं छे।

१. प्रथम वलयनी कर्णिकामां (केन्द्रस्थाने) आवेल 'अर्हँ' चारे बाजुथी ॐ ह्रीँ सहित अनाहतथी वेष्टित छे।

२. द्वितीय वलयमां स्वरादि आठ वर्गो अनाहतथी वेष्टित छे।

३. तृतीय वलयमां तो ॐ सहित आठ अनाहतोनी स्वतंत्र स्थापना करी तेने आराध्य देवरूप मानी पूजन करवानुं बताव्युं छे।

आ रीते यंत्रना केन्द्रस्थानमां रहेल अर्हँ अने स्वरादिना ध्यानथी अनुक्रमे 'अनाहत' नादनी जागृति थाय छे, तथा अनाहत ध्यान करनारने अडतालीश प्रकारनी महान लब्धिओ प्रगटे छे। जिन, केवलज्ञानी, मनःपर्यवज्ञानी अवधिज्ञानी, श्रुतकेवली, दशपूर्वधर वगेरे महर्षिओ पण अनाहतना ध्यानथी ज ते ते लब्धिओने प्राप्त करे छे। आ गुप्त रहस्य तृतीय वलयना लब्धि पदोना मध्यमां आठ अनाहतनी स्थापना द्वारा बतावेल छे।

## अनाहत शुं छे ?

अनाहतनुं आलेखन श्रीसिद्धचक्र महायंत्रना आराध्य विभागमां (जे अत्यंत महत्त्वनो होवाथी अमृतमंडल कहेवाय छे) थयेल होवाथी ते पण अरिहंत पदोनी जेम पूजनीय छे। जो 'अनाहत' कोई अधिष्ठायक देव होत, तो तेनुं पूजन तथा आलेखन अधिष्ठायक देवोना वलयमां थवुं जोईतुं हतुं, पण ते रीते थयेल नथी माटे 'अनाहत' ए श्रुतज्ञान अने तपरूप छे, एम मानवामां कोईपण प्रकारनो विरोध जणातो नथी। नीचेनी बाबतोथी आ वात वधारे स्पष्ट थशे।

१. यंत्रमां 'अनाहत' सूचक जे आकृतिनुं आलेखन छे, ए श्रुतज्ञान छे।

२. मंत्र ('ह') रूपे 'अनाहत' नुं स्मरण तथा ध्यान ए स्वाध्याय अने ध्यानरूप तप छे।

३. अनक्षरताने प्राप्त थयेलुं 'अनाहत' नादनुं ध्यान ए निरालंबन ध्यानरूप छे, माटे ते अभ्यंतर तप अने भाव चारित्ररूप छे। आ प्रमाणे सूक्ष्म बुद्धिथी विचारणा करतां समजी शकाय छे के 'अनाहत' ए ज्ञान अने क्रियारूप छे, माटे मुमुक्षु आत्माने ते परम आराध्य छे।

४. 'अर्हं' ए समग्र जिनशासनना सारभूत नवपदोनुं बीज अने नवकार महामंत्रनां प्रथम पदमां रहेला अरिहंत परमात्मानो वाचक छे। वळी स्वरो अने व्यंजनो ए समग्र श्रुतसागरनां मूळ छे। तेमनी साथे ज 'अनाहत' नुं आलेखन थयुं छे, ते तेना महत्त्वने बताववा माटे ज छे। आ महान रहस्य साधक आत्माने अनुभवथी ज जणाशे।

## मंत्र, ध्यान अने योगनी दृष्टिए अनाहत

कलिकालसर्वज्ञ श्री हेमचंद्राचार्य भगवाने योगशास्त्रमां 'अनाहत' नादनुं स्वरूप आ प्रमाणे बताव्युं छेः–'अर्हं' नां ध्यान पछी तेमांथी रेफ-नाद-बिन्दु अने कला रहित उज्ज्वल वर्णवाला 'ह' नुं ध्यान करवुं, ते सिद्ध थया पछी अर्धकलाना आकारने पामेलो अने अनक्षरताने प्राप्त थयेलो 'ह' अक्षर चिंतववो, सूर्य समान तेजस्वी अने सूक्ष्म एवा ते अनाहत देवनुं एकाग्रताथी ध्यान करवुं जोइए। अनुक्रमे सतत ध्यानाभ्यासथी सूक्ष्म-सूक्ष्मस्वरूप चिंतवतां मात्र वालनां अग्रभाग जेटलुं सूक्ष्म 'अनाहत' नुं ध्यान करवुं। अने ते पछी "समग्र विश्व जाणे ज्योतिर्मय छे", एम विचारवुं।

आ प्रमाणे आकारने छोडी निराकारनुं आलंबन लेवुं, पछी ते लक्ष्यमांथी पण मनने धीमे धीमे खसेडी अलक्ष्यमां स्थिर करवुं। अलक्ष्यमां मननी स्थिरता थतांनी साथे ज अंतरमां इन्द्रियातीत (इन्द्रियने अगोचर), अलौकिक एवी अक्षय ज्योति प्रगटे छे अने ते वखते

आत्माने परमशांतिनो अनुभव थाय छे। आ रीते 'अनाहत' नादना अभ्यास वडे लक्ष्यमांथी अलक्ष्यमां जइ शकाय छे। अलक्ष्यमां निश्चल मनवाला मुनिओने सर्व प्रकारनी लब्धिओ प्रगटे छे।

ज्ञानार्णवनां २८मा प्रकरणमां पदस्थ ध्यानना अधिकारमां पण 'अनाहत' संबंधी हकीकत उपर प्रमाणे ज बतावी छे। त्यां पण 'अर्हं' ना ध्याननी प्रक्रिया बताव्या पछी ज 'अनाहत' नुं स्वरूप विस्तारथी बताव्युं छे। तेमज 'अनाहत' नुं शिव (एतत्तत्त्वं शिवाख्यं वा) एवुं बीजुं नाम पण बताव्युं छे। ते उपरथी समजी शकाय छे के अनाहत-नादनुं ध्यान ए जीवमांथी शिव थवानी महान रहस्यात्मक प्रक्रिया छे।

## योगनी दृष्टिए अनाहत

'अनाहत' नाद ए प्रशस्त ध्यानना सतत अभ्यास द्वारा प्रगटेली एक महान आत्मशक्ति छे, माटे ते आत्मसाक्षात्कारनो द्योतक छे। योगसाधनामां तेनी विशिष्ट महत्ता छे। अनाहतनादना प्रारंभथी साधकने आत्मदर्शन थवानी पूर्ण श्रद्धा प्रगटे छे। तेनो मंगल प्रारंभ सविकल्प ध्यानना सतत अभ्यासथी थाय छे। अने ते वखते ध्याता, ध्येय अने ध्याननी एकता सिद्ध थाय छे। तेनी मधुर ध्वनिनां श्रवणथी आत्मा आनंदमां तरबोल बनी जाय छे। कह्युं छे केः—

"तुज मुज अंतर अंतर भांजशे, वाजशे मंगलतूर ;
जीव सरोवर अतिशय वाधशे, आनंदघन रसपूर।"

योगप्रदीपमां 'अनाहत' नादनुं स्पष्ट स्वरूप आ प्रमाणे बताव्युं छेः—

"परमानन्दास्पदं सूक्ष्मं, लक्ष्यं स्वानुभवात् परं।
अधस्तात् द्वादशांतस्य ध्यायेन्नादमनाहतम् ॥"

गाथार्थ—परमानंदनुं स्थान, अत्यंत सूक्ष्म, स्वानुभवगम्य, अनुपम एवा अनाहतनादनुं ध्यान ब्रह्मरंध्रनी नीचे हंमेशां करवुं। श्लोक—११५।

अविच्छिन्न तेलनी धारा जेवा, मोटा घंटना रणकार जेवा, प्रणवनाद (अनाहतनाद) ना लयने जे जाणे छे, अनुभवे छे, ते खरेखरो योगनो जाणकार छे। श्लोक—११६।

अनाहतनादने घंटनाद साथे सरखाववानुं कारण ए छे के जेम धीमे धीमे शांत थतो घंटनो नाद अंतमां अत्यंत मधुर बने छे, तेम 'अनाहत' नाद पण धीमे धीमे शांत थतो अने अंते अत्यंत मधुर बनतो आत्माने अमृत रसनो आस्वाद करावे छे। श्लोक—११७।

आ त्रण श्लोको संक्षेपथी 'अनाहत' नादनुं स्वरूप, उद्गमस्थान, तैलधारा तथा

घंटानादनां दृष्टांत द्वारा तेनो अस्खलित गतिए चालतो प्रवाह अने ते प्रवाहमां लयलीन बनेलो आत्मा खरेखर योगनो अनुभवी छे, एम बतावेल छे।

सर्व जीवोना हृदयमां स्थित थयेलो ते अनाहतनाद अव्यक्तपणे-गुप्तरीते चालतो ज (संचरतो ज) होय छे। तेथी प्रगट रीते संभळातो नाद ए अनाहत नाद नथी (श्लोक–११८)।

ते नाद सर्व देह व्यापी होवा छतां नासिकानां अग्रभाग उपर व्यवस्थित होय छे। तेम ज ते नाद सर्व प्राणीओने देखातो नथी पण ध्यानना अभ्यासीओने ज ते लक्ष्यमां आवी शके छे। धर्मध्यानना सतत अभ्यास पछी ज अनाहतनादनो प्रारंभ थाय छे। तेथी ध्यानना प्राथमिक अभ्यासीने के मंद अभ्यासीने नादनुँ स्वरूप प्रत्यक्ष न थाय ते संभवित छे। अनाहत नादना अनहद आनंद ने अनुभववा माटे गुरुगमथी सतत अभ्यास करवो जोइए, ते आ श्लोकनुँ तात्पर्य छे।

शब्दध्वनिथी रहित, विकल्परूप तरंग विनानुँ अने समभावमां स्थिर थएलुं चित्त, ज्यारे सहज अवस्थाने पामे छे, त्यारे ते चित्तवडे अनाहतनादनो प्रारंभ थाय छे। (श्लो०–१२०)

पदस्थ (अक्षर) पिंडस्थ, रुपस्थ ध्यानमां अक्षर के आकृतिनुँ आलंबन लेवुँ पडे छे, माटे तेने सालंबन ध्यान कहेवामां आवे छे। सालंबन ध्यानमां सविकल्प दशा होय छे अने ते अनेक प्रकारे थई शके छे। योगशास्त्रादि ग्रंथोमां बतावेला सालंबन ध्यानना प्रकारो-मांथी कोइपण प्रकारनो सतत अभ्यास करवामां आवे, तो सालंबन ध्याननी परिपक्व अवस्थामां तेना फळरूपे अनाहत नादनो प्रारंभ थाय छे। अक्षरमांथी अनाहत-नादरुप अनक्षरता प्रगटे छे। स्थूल आकृतिनां बदले अत्यंत सूक्ष्म अनाहतनादनुँ ज आलंबन होय छे। तेथी (ते अर्थमां) तेने अनक्षर ध्यान के निरालंबन ध्यान कहेवामां वांधो नथी। जे वखते चित्त समभावमां झीलतुं होइने सहज अवस्थाने पामे छे, ते वखते अनाहतनादनो प्रारंभ थाय छे।

अनाहतनादनुँ ध्यान नित्य नियमित करवाथी अनुक्रमे ते निर्मळ बनतुँ जाय छे। अने ज्यारे साधक योगीने अभ्यासवडे अनाहतनादनुँ ध्यान शुद्ध थाय, त्यारे ते निराकार एवा ब्रह्मरंध्रमां मनने स्थापित करे छे। (श्लो०–१२१)

आ प्रमाणे परोपकारी पूर्वाचार्योए स्वानुभवपूर्वक आत्मासाक्षात्कार करवानी चावीओ बतावेली छे। प्राथमिक अवस्थामां स्थूल आलंबन द्वारा ध्यानाभ्यासनो प्रारंभ करवो जोइए। ते सिद्ध थतां सूक्ष्म, क्ष्मतर आलंबन लेवुं जोइए। तेना सतत अभ्यासथी 'अनाहत' नादनो आविर्भाव थाय छे, अने अनाहतनादनी सिद्धि थतां द्वादशांत ब्रह्मरंध्रमां प्रवेश थई शके छे।

ब्रह्मरंध्रमां प्रवेश निराकार परमात्मस्वरूपना चिंतनथी थाय छे। माटे ते वखते बहिरात्मभाव अने अंतरात्मभावने गौण करी पोताना आत्माने परमात्मस्वरूप मानी तेनुं ज ध्यान योगी पुरुषो करे छे। (श्लोक—१२८)

## अनाहत नवपदोनुं अंग छे

श्री सर्वज्ञ सर्वदर्शी अनंत उपकारी जिनेश्वर भगवंते बतावेल मोक्ष मार्गमां सर्वप्रकारना योगोनो समावेश थयेलो छे। कह्युं छे के:—

"योग असंख्य जिन कह्यां, नवपद मुख्य ते जाणो रे ;
एह तणे अवलंबने, आतम ध्यान प्रमाणो रे ।।"

आ रीते जैन दर्शनमां विस्तारथी योगोना असंख्य प्रकार बताववामां आव्या छे। छतां संक्षेपथी[1] एक, बे, त्रण, चार, पांच, छ अने नव आदि प्रकारो भिन्न भिन्न अपेक्षाए दर्शाव्या छे। तेमां पण नवपदनी आराधनामां समग्र जिनशासननी आराधनानो समावेश थई जाय छे। केमके नवपदमय श्रीसिद्धचक्रमां बे प्रकारनी रत्नत्रयी (देव, गुरु, धर्मरूप अने सम्यग्-दर्शन, ज्ञान, चारित्ररूप) रहेली छे। अर्थात् विश्वमां एवो कोई योग के योगनुं अंग नथी के जेनो नवपदमां समावेश न थतो होय।

आ रीते विचारतां अनाहत पण नवपदोनुं अंग छे, नवपदना अनुभवी आराधकने तेनो साक्षात् अनुभव थई शकशे।

प्रत्यक्ष-प्रभावी एवा श्रीसिद्धचक्र बृहद्यंत्रमां त्रणवार आलेखन थयेल अनाहतनुं अद्भुत रहस्य समजवा शक्य प्रयास करीए तो आजे पण महायंत्रमां रहेला योगना अनुपम गुप्त रहस्योनो आछो ख्याल जरूर आवी शके।

महायंत्रमां प्रथमवलयनी कर्णिकामां आवेला 'ऽर्हं' पदने 'ॐ ह्रीं' स्वर अने 'अनाहत' वडे वेष्टित करवामां आव्युं छे, तेनुं गुप्त रहस्य शुं छे? ते प्रथम विचारीए।

ॐ ह्रीं स्फुटानाहतमूलमंत्रं, स्वरैः पटीतं ....

---

1. एक प्रकार-सम्यग् आचार। बे प्रकार—सर्व विरति-देश विरति अथवा ज्ञान क्रिया। त्रण प्रकार-सम्यग् ज्ञान, दर्शन, चारित्र। चार प्रकार-ज्ञान-दर्शन-चारित्र-तप, अथवा दान, शील, तप, भाव। पांच प्रकार—पांच महाव्रत। छ प्रकार—पांच महाव्रत अने छट्ठुं रात्रि भोजन त्याग। नवप्रकार—नवपद।

'ॐ ह्रीँ अर्हँ' ए सिद्धचक्रनो मूल मंत्र छे, जो के श्रीसिद्धचक्रजीना मंडलना मध्य-स्थानमां श्री अरिहंत परमात्मानी मूर्तिनी स्थापना होय छे, परंतु अहीं यंत्रमां मूर्तिने बदले ऽर्हँ नुँ आलेखन करवानुँ कारण ए छे, के ध्यान दशामां मूर्ति करतां अक्षरनुँ आलम्बन सूक्ष्म मानवामां आव्युँ छे, बीजुं 'ऽर्हँ' ए अरिहंतनुं मंत्रात्मक शरीर छे, तेथी ते वखते ध्यान दशामां तेनुँ आलंबन सूक्ष्म अने अत्यंत महत्त्वभर्युँ छे।

ॐ ह्रीँ अने स्वरादि सहित 'अर्हँ'नां ध्याननी विशिष्ट प्रक्रिया योगशास्त्रना ८ मा प्रकाशमां (श्लोक ६–१७ सुधी) कलिकालसर्वज्ञ श्री हेमचंद्राचार्यजी ए बतावेली छे। तेनुँ विस्तृत विवरण वांचतां वांचको सरळताथी समजी शकशे के, आ यंत्रना केन्द्रस्थानमां ज ध्याननी एक स्वतंत्र महान प्रक्रिया बताववामां आवी छे।

ध्यानमां प्रथम स्थूल आलंबन लीधा पछी सूक्ष्ममां आववुँ पडे छे। तेथी अहीं प्रथम स्वर सहित 'ॐ ह्रीँ अर्हँ'नुँ ध्यान कर्या पछी मात्र 'अर्हँ'नुँ ध्यान करवानुँ बतावी अने 'अर्हँ' ना ध्यानने पण ह्रस्व, दीर्घ, प्लुत, सूक्ष्म अने अतिसूक्ष्म बनावतां जवुँ, छेवटे ए ध्यान सुसूक्ष्मध्वनिरूपे बनी जाय छे अने आ सूक्ष्मध्वनि ए ज अनाहतनाद कहेवाय छे।

## अनाहतनी स्थूल शरीर पर थती असर

अर्हँ अने स्वरादिना ध्यानथी अनाहतनाद अनक्षरध्यानरूपे प्रगटे छे। अने ते नाद नाभि, हृदय, कंठ आदिनी ग्रंथिओने भेदतो ते स्थानोमा मध्यमांथी पसार थई उर्ध्वगामी बने छे।[1]

आज भावने श्री चिदानंदजी महाराज आ प्रमाणे कहे छे—"अनाहतनादनां नित्य नियमित अभ्यासद्वारा सुषुम्णा नाडिमां प्रवेश थाय छे अने वंकनालमां रहेला षट्चक्रोनुँ अनुक्रमे भेदन थई दशमद्वारमां (ब्रह्मद्वारमां) पण सरळताथी प्रवेश थई शके छे।[2]"

अर्हँ आदिने 'अनाहत' थी वेष्टित करवानुं तात्पर्य एज जणाय छे के, अर्हँ आदिनुं ध्यान ज्यां सुधी अनाहतनाद न प्रगटे त्यां सुधी नित्य नियमित धैर्यपूर्वक करतां रहेवुं

---

१. ग्रन्थीन् विदारयन् नाभि-कंठहृद्घंटिकादिकान्।
सुसूक्ष्मध्वनिना मध्य-मार्गयायी स्मरेत् ततः ॥

२. सोहं सोहं सोहं सोहं सोहं सोहं रटना लगीरी,
इंगला पिंगला सुषुमणा, साधके अरुणपतिथी प्रेमपगीरी;
वंकनाल षड्चक्रभेदके दशमद्वार शुभ ज्योति जगीरी ॥

जोइए। परन्तु ज्यारे अनाहतनादनो प्रारम्भ थई गयो होय, ते वखते अर्हं आदि अक्षरोनां ध्यान करवानो आग्रह राखवो न जोइए। केमके अक्षर ध्यान करतां 'अनाहत' ध्याननी शक्ति अनेकगणी अधिक छे।

## अनाहतनी कार्मण शरीर पर थती असर

ब्रह्मद्वारमां आत्मानो उपयोग स्थिर थवाथी आत्म-साक्षात्कारमां प्रतिबंध करनार कर्मरूपी कपाट (द्वार) उघडी जाय छे, अने अनुपम आनन्दनो अनुभव प्रत्यक्ष थतो होवाथी जन्म, जरा अने मरणनी भीति दूर भागी जाय छे। समग्र शरीरमां आनंदमय स्वरूपे व्यापीने रहेल आत्माना प्रत्यक्ष दर्शन थायछे। सच्चिदानंदमय मूर्तिनां प्रेमपूर्वक दर्शन करी चेतना (बुध्धि) आत्मा साथे लयलीन बनी, जाय छे।[1]

तैलधारानी जेम अविच्छिन्नपणे चालता अनाहत नादना प्रवाह वडे अनेक कर्मवर्गणाओनो अने तेथी उत्पन्न थतां तीव्र रागद्वेषनी ग्रंथिनो भेद थई जवाथी सम्यक्त्वनी प्राप्ति थाय छे।

## अनाहतनादनी आत्मा उपर थती असर

अस्खलित गतिए चालतो नदीनो प्रवाह कोईथी पण अटकावी शकातो नथी, तेम अविच्छिन्न गतिए चालतु ध्यान ज्यारे कोई पण प्रकारनां संकल्प विकल्पथी बाधित थतुं नथी, त्यारे ते अनाहत कहेवाय छे। अने ते समये आत्मामां पण समतारसनो धोध वहे छे अने सर्वजीवो उपर समता—शमभाव प्रगटे छे।[2]

परमयोगिराज श्रीआनन्दघनजी महाराजनी अनुभवात्मक वाणीनी सरखामणी करवाथी अनाहतनुं रहस्य सरलताथी समजी शकाय छे। तेओश्री फरमावे छे के छेल्ला पुद्गल परावर्तमां भवपरिणतिनो परिपाक थवाथी 'अर्हं' नुं ध्यान प्रथम त्रण करण (यथाप्रवृत्ति करण, अपूर्णकरण,

---

१. खूलत कपाट घाट निज पायो, जनम जरा भय भीति भगीरी।
काच शकल दे चिंतामणि ले, कुमति कुटिलाकुं सहज ठगीरी।
व्यापक सकल स्वरूप लख्यो इम, जिम नभमां मग लहत खगीरी।
चिदानंद आनंद मूरति निरख प्रेमभर बुद्धि थगीरी।

**—चिदानंदजी महाराज**

२. लब्धे स्वभावे कण्ठस्थ-स्वर्णन्यायाद्भ्रमक्षये।
राग द्वेषानुपस्थानात्, समतास्यादनाहता ॥२४२॥
जगज्जीवेषु नो भाति, द्वैविध्यं कर्मनिर्मितम्।
यदाशुद्धनयस्थित्या, तदासाम्यमनाहतम् ॥२४३॥

**—अध्यात्मसार**

अनिवृत्तिकरण) द्वारा ग्रंथिभेद करी सम्यक्त्व प्रगटावे छे। तेथी मिथ्यात्व अने तीव्र रागद्वेषादि दूषणो दूर थाय छे। अने पछी शास्त्र श्रवणथी दिव्य दृष्टि खूले छे। पाप प्रणाशक सद्गुरुना गाढ परिचयथी अने तेमनी पासे अध्यात्मग्रंथोनां रहस्यो मेलवी तेन उपर नयविक्षेपवडे चिंतन, मनन अने परिशीलन करवाथी ते दिव्यदृष्टि विकसित बनती जाय छे अने अनाहत—अबाधित समता प्रगटे छे।[1]

ध्यान वखते कुंभनी आकृतिवाला आ यंत्रने आपणा शरीरमां स्थापन करवामां आवे तो 'अर्हं' ए पद नाभिनां स्थाने आवे छे। अनाहतनादनु उद्गमस्थान पण नाभिमंडळ ज होवाथी प्रथम त्यां ज ध्यान-करवानुँ सूचन रहस्यभर्युं छे। जैन शास्त्रनी दृष्टिए आत्माना असंख्य प्रदेशोमांथी आठ रुचक प्रदेशो, जे 'गोस्तन' ना आकारे नाभिमां ज रहेला छे। ते प्रदेशो आवरण (कर्म) रहित होवाथी सुख अने आनंदथी पूर्ण छे। ते प्रदेशोमां ध्यान द्वारा प्रवेश करवा माटे ज जाणे नाभि प्रदेशनां स्थाने 'अर्हं' नुं घ्यान करवानुं विधान कर्युं होय, एम अनुमान थाय छे।

ॐ पंचपरमेष्ठि वाचक छे अने ह्रीँ द्वारा चोवीस तीर्थंकरोनुँ ध्यान थई शके छे। स्वरो ए श्रुतज्ञाननु मूळ छे। आ त्रणेनी साथे अर्हंनां ध्याननुँ विधान ए सूचवे छे के पांचे परमेष्ठि भगवंतोनी भक्ति तथा श्रुतज्ञानना अभ्यास साथे करेलुँ अर्हंनुं ध्यान ज अनाहत-नाद उत्पन्न करी बाह्य आभ्यंतर ग्रंथीओने भेदी, आत्मदर्शन कराववा समर्थ बने छे। परंतु तेमनी भक्ति तथा बहुमान विना अनाहतनादनी उत्पत्ति के आत्मदर्शन सिद्ध न थई शके।

आ गुप्त रहस्यने वधारे स्पष्ट करवा माटे ज केन्द्रनी चारे बाजु आठ पांखडीओमां सिद्ध, आचार्य, उपाघ्याय, साधु, दर्शन, ज्ञान, चारित्र, अने तप पदनुं आलेखन करवामां आव्युँ छे।

ए नवे पदोनुं अद्भूत माहात्म्य वर्तमान आगमोमां विस्तारथी वर्णवेलुँ छे।

सिद्धचक्रना प्रथम वलयमां रहेला नवपदोनी भक्ति अने ध्यान साधकने श्रुतनो पार-गामी बनावे छे। ए जणाववा माटे अने नवपदोनुँ भक्तिपूर्वक घ्यान करवा इच्छता साधके श्रुतज्ञाननो पण आदर अने बहुमानपूर्वक अभ्यास करवो जोइए, ए जणाववा

१. चरमावर्ते हो चरमकरणतथा रे, भवपरिणति परिपाक;
दोषटले वली दृष्टि खूले भली रे, प्राप्ति प्रवचन वाक।
परिचय पातकघातक साधुशुं रे, अकुशल अपचय चेत;
ग्रंथ अध्यात्म श्रवण मनन करी रे, परिशीलन नय हेत।
—श्रीआनंदघनजी म० कृत संभवजिन स्तवन

माटे बीजा वलयमां अनाहत सहित अष्टवर्गनुं आलेखन थयेलुं छे। प्रत्येक वर्गने अनाहतथी वेष्टित करवामां पण एज रहस्य जणाय छे, के अक्षरोना आलंबनथी अनाहतनाद प्रगटाववो जोइए। एटले ज्यां सुधी अनाहतनाद उत्पन्न न थाय, त्यां सुधी अक्षरोनुं आलंबन छोडवुं न जोइए। ते माटे कह्युं छे के :—

"शब्द अध्यातम अर्थ सुणीने, निर्विकल्प आदरजो रे ;
शब्द अध्यातम भजना जाणी, हान ग्रहण मति धरजो रे।"
—(आनंदघनजी)

प्रथम वलयमां सम्यग्ज्ञानवडे ज्ञाननुं आलेखन (पूजन) थयुं छे, छतां अहीं जे स्वतंत्र 'अ' वर्गादिनुं आलेखन करवामां आव्युं छे, ते श्रुतज्ञाननी प्रधानता बताववा माटे ज करवामां आव्युं होय एम जणाय छे। श्रुतज्ञान विना अवधि, मनःपर्याय के केवळज्ञान आदि उत्पन्न थई शक्तां नथी। तेम श्रुतज्ञान विना कोईपण प्रकारनुं ध्यान पण थई शकतुं नथी। तेथी आत्मसाक्षात्कार करवा माटे श्रुतज्ञाननुं आराधन (आलेखन) अति आवश्यक छे। कह्युं छे के, मुनि शास्त्र दृष्टिवडे सकल शब्द ब्रह्मने जाणीने आत्माना अनुभववडे स्वसंवेद्य एवा परब्रह्मने (शुद्धस्वरूपने) प्राप्त करे छे।[1]

## अनाहतनाद ए अनुभवदशानी पूर्वभूमिका छे

स्वरादि वर्गने अनाहतथी वेष्टित करवाद्वारा एम सूचव्युं छे, के श्रुतना अभ्यास वडे अनुभवदशा प्राप्त करवी जोइए। केमके अनुभव दशानी प्राप्ति माटेनो एज सरल राजमार्ग छे।

जेम शुष्कज्ञानी ध्यानना अभ्यास विना श्रुतज्ञाननां वास्तविक फळने (समता आनंदने) मेळवी शकतो नथी, तेम श्रुतज्ञाननी सहाय विना शुष्कध्यानी पण अनाहतना अनहद आनंदने के आत्मानुभवना रसास्वादने प्राप्त करी शकतो नथी। आ प्रमाणे स्वरादि अक्षरोने अनाहतथी वेष्टित करवामां आ अपूर्व रहस्य छुपायेलुं छे। उपरांत अक्षरनां (आगमनां) ज्ञान वडे अक्षरनुं ध्यान थई शके छे, अने अक्षरना ध्यान वडे अनक्षरतारूप अनाहत उत्पन्न थाय छे। अने अनाहत वडे अनुभवदशा प्राप्त थाय छे।

स्वरादि अष्टवर्गनी वचमां सप्ताक्षरी मंत्र 'नमो अरिहंताणं' नुं आलेखन पण महत्त्व-भर्युं छे। द्वादशांगीना अर्थथी उपदेशक अरिहंत परमात्मा ज छे, माटे तेमनी भक्ति तो कोईपण अनुष्ठान वखते अवश्य करवी जोईए। अहीं श्रुतज्ञाननी विशिष्ट आराधना माटे

---

१. अधिगत्याखिलं शब्दब्रह्म शास्त्रदृशामुनिः।
स्वसंवेद्यं परं ब्रह्मानुभवेनाधिगच्छति॥
—ज्ञानसार

पण तेमनुँ पूजन-स्मरण-ध्यान अत्यंत भक्तिपूर्वक करवुँ जोईए, अने तोज ते पूर्ण फळ आपवा समर्थ बने छे।

अरिहंतोना परमभक्त ज श्रुतज्ञानना बळे अनाहतनादने प्रगटावी अनुक्रमे आत्मानुभव-दशा प्राप्त करी शके छे। शास्त्र के आगमानुसार वर्तन करवुँ एज अरिहंतनी आज्ञानुँ पालन छे, अने एज तेमनी तात्त्विकी भक्ति छे।

कह्युं छे के :—

शास्त्रने आगळ करवाथी एटले के शास्त्रानुसार विधिपूर्वक बर्तन करवाथी वीतरागनी भक्ति थाय छे। अने तेमनी भक्ति वडे अवश्य सर्व कार्यनी सिद्धि थाय छे।[1]

आ प्रमाणे बीजा वलयमां अक्षरो साथे अरिहंतनुँ ध्यान करवाथी अनाहतनाद अवश्य उत्पन्न थवानुँ सूचव्युँ छे।

हवे त्रीजा वलयमां ॐ सहित अनाहतनुँ स्वतंत्र आलेखन ४८ लब्धिओनी मध्यमां करवामां आव्युं छे। तेनुँ तात्पर्य ए समजाय छे के अर्हँना ध्यानथी के नवपदना ध्यानथी अथवा तो कोईपण अक्षरना ध्यानथी अनाहतनाद प्रगटावी शकाय छे। माटे सुसाधकने जे आलंबन वधु ईष्ट के सरळ लागे, ते पदनुँ अवलंबन ते लई शके छे। ॐ आदि एक पण पदनां सतत चिंतन, मनन अने ध्यानद्वारा पण तत्त्वज्ञाननी प्राप्ति थाय छे।

अहीं पंच-परमेष्ठिवाचक ॐ ना ध्यानवडे अनाहतनादनो आविभाव थाय छे, एम जणाव्युं छे अने अनाहतना आविर्भाव पछी तरत ज उत्तम साधक, आत्मानी परमानंदमयी रसभरी भूमिका प्राप्त करे छे। अनुभवदशामां मग्न बनेला एवा साधकने अनेक प्रकारनी महान लब्धिओ उत्पन्न थाय छे।

४८ लब्धिधारी महर्षिओना पूजननुं विधान एम बतावे छे, के सर्व साधनामां सद्गुरुनी महत्ता प्रधान स्थाने छे। सद्गुरुनी सेवा अने तेमनो आशिर्वाद ज अनाहतनादने प्रगटावी विविध प्रकारनी लब्धिओने प्राप्त करावे छे। आ वलयमां अनाहतनी चारे बाजु जे लब्धिधारी मुनिओनी स्थापना अने ते पछी चोथा वलयमां पण आठ गुरु पादुकानी स्थापना छे, ते एम सूचवे छे के, सर्वकाले गुरुनी परतन्त्रतामां (निश्रामां)ज साधनानी सफलता थाय छे। सद्गुरुनो उपकार क्षणवार पण न भुलावो जोइए। आ जन्ममां अने अन्य जन्मोमां पण अरिहंतादि अनंतानंत गुरुओना उपकार, अनुग्रह अने आशिर्वाद वडे मारी साधना सफल बनी रही छे, तेथी लेश मात्र पण मनमां गर्व न आवे के हुं मारी स्वतंत्र शक्तिथी आगळ वधी रह्यो छुं, एवो नम्र भाव टकी रहेवो जोइये।

---

१. शास्त्रे पुरस्कृते तस्मात्, वीतरागः पुरस्कृतः। पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः॥

—ज्ञानसार

आ प्रमाणे प्रथम वलयमां 'अर्हँ' ने अनाहतथी वेष्टित करवा द्वारा देवतत्त्वनी परम-भक्ति पूर्वकना ध्यानथी अनाहतनादनो अविर्भाव थाय छे, एम बताव्युं। अने बीजा वलयमां स्वरादि वर्गोने अनाहतथी वेष्टित करवा वडे श्रुतधर्मनी भक्ति द्वारा अनाहतध्याननी उत्पत्ति बतावी। अने त्रीजा वलयमां लब्धिधारी, चारित्र सम्पन्न गुरुओनी सेवा द्वारा अनाहतध्यानना विकासद्वारा प्रगटती समतानी प्राप्ति थवानुं बतावीने आ शक्तिने जीवन-भर टकावी राखवा माटे गुरुनी निश्रामां रहेवानुं सूचव्युं छे। आ वलयनुं बीजुं नाम 'गुरुमंडल' राखवामां पण गुरुतत्त्वनी विशिष्ट भक्ति करवानुं सूचन छे।[1]

### अरिहंतनुं ध्यान समकितरूप, ज्ञानरूप अने चारित्ररूप छे

अरिहंत परमात्मानुं ध्यान ज सम्यग्दर्शन, ज्ञान, अने चारित्र छे। 'अर्हँ' ना ध्यानमां सम्यग् रत्नत्रयी समायेली छे। अर्हँनुं ध्यान ज अनुक्रमे अनाहतनादनारूपे अने अनाहतध्यानरूपे तेमज अनाहतसमतारूपे प्रगटे छे, तेथी ते सम्यग्दर्शन, ज्ञान अने चारित्र-रूप छे।

## अध्यात्म अने अनाहतनी सरखामणी

### अध्यात्मनुं लक्षण

आत्माना शुद्ध स्वरूपने प्रगटाववा माटे जे कांइ क्रिया-अनुष्ठान करवामां आवे तेने शास्त्रकारो अध्यात्म कहे छे—

'निज स्वरूप जे किरिया साधे, ते अध्यातम कहिए रे'

अनादि काळथी संसारमां परिभ्रमण करता जीवनो मोह ज्यारे मंद थाय छे, अर्थात् तेनुं बल अल्प बने छे, त्यारे आत्माने अनुलक्षीने जे विशुद्ध धर्मक्रिया थाय, तेज अध्यात्म छे, अने ते सर्व योगोमां व्यापीने रहेलो छे। ते धर्मक्रिया अपुनर्बंधकादि प्रथम गुणस्थानकथी लइ १४ गुणस्थानक सुधी उत्तरोत्तर वधु ने वधु विशुद्ध बनती जाय छे।

सिद्धचक्रना यंत्रमां 'अनाहत'नुं त्रणे वलयोमां थयेलुं आलेखन पण उत्तरोत्तर विशुद्ध बनती आत्मशक्तिनुं ज सूचन करे छे, अर्थात् 'अर्हँ' ना ध्यानथी अनुक्रमे विकास पामती आत्म विशुद्धि एज 'अनाहत' छे। खरेखर ते आत्मविशुद्धिनुं वर्णन करवामां शब्द समर्थ नहीं होवाथी ज अनक्षर एवा 'अनाहत' द्वारा तेनो निर्देश करवामां आवेल छे।

जेम अध्यात्मना नाम, स्थापना, द्रव्य अने भावरूप चार भेद बतावेला छे। तेम अना-हतना पण नाम, स्थापना, द्रव्य अने भाव वडे चार प्रकार जाणी लेवा। नामादि त्रण जो

---

१. अन्येपि ये केचन लब्धिमन्तस्ते सिद्धचक्रे गुरुमंडलस्थाः।

भावअध्यात्म के भावअनाहतने साधनारा होय तोज आदरणीय बने छे। नहिं तो तजवा योग्य छे। कह्युं छे केः–

'नाम अध्यातम ठवण अध्यातम, द्रव्य अध्यातम छंडो रे;
भाव अध्या म निज गुण साधे, तो तेहशुं रढ मंडो रे।'

अहीं अनाहत पण आत्मानां शुद्धस्वरूपने प्रगटववा माटे करातो विशिष्ट ध्यान क्रिया होवाथी ते भावअध्यात्म रूप छे।

## अष्टांग योग अने अनाहत

योगना आठ अंगोमांथी प्रथमना चार (यम, नियम, आसन, अने प्राणायाम) द्रव्ययोग के हठयोग कहेवाय छे, अने प्रत्याहार धारणा, ध्यान अने समाधि ए चार भावयोग के राजयोग कहेवाय छे।

अनाहतनो पण धारणा, ध्यान अने समाधिमां अंतर्भाव थई शके छे।

[1]**धारणा योग**–यंत्रमां आलेखायेल अनाहतमां चित्तने स्थिर बनाववाथी अनाहतनी धारणा थइ शके छे।

[2]**ध्यान योग**–पदस्थ ध्यानरूपे 'अर्हँ' आदिनो जप अंते अनाहतनादमां विश्रान्ति पामे छे, एटले अनाहत ध्यान रूपे परिणमे छे, एटलुं ज नहीं पण पिंडस्थ, रूपस्थ के आज्ञाविचयादि कोई पण सालंबन ध्यान अंते अवश्य 'अनाहत' स्वरूपने धारण करे छे। ज्यारे ध्याता [3]संभेद प्रणिधान द्वारा ध्येय साथे [4]अभेद प्रणिधान साधे छे, त्यारे अनाहतनो आविर्भाव थाय छे।

साधक मंत्रराज 'अर्हं' नां अभिधेयरूप शुद्ध स्फटिक रत्न जेवा निर्मल अरिहंत परमात्मानुं ध्यान करे छे, अने ते ध्यानना आवेशमां 'सोऽहं सोऽहं (तेज हुं) एरीते आंतरिक स्फुरण सहज भावे थाय छे, ते अवस्थाने अनाहतनादननी पूर्वावस्था कही शकाय। ते वखते साधक अरिहंत (ध्येय) साथे निःशंकपणे एकतानो अनुभव करे छे, अर्थात् 'परतत्त्व समापत्ति' रूप अभेद प्रणिधानने सिद्ध करे छे। त्यार पछी राग द्वेषादिथी रहित, सर्वज्ञ, सर्वदर्शी इन्द्रादि देवोथी पूजित समवसरणमां बेसी शुद्ध धर्मनी देशना आपता एवा पोताना आत्माने चिंतवे, आ

---

१. धारणा तु क्वचित् ध्येये, चित्तस्य स्थिरबंधनम् ॥

२. ध्यानं तु विषये तस्मिन्, एकप्रत्ययसंततिः ॥

३. जे ध्यानमां ध्यातानो ध्येय साथे संश्लेषरूप अथवा सम्बन्धरूप भेद छे। अर्थात् वाच्य साथे अभेद साधवानुं स्थान सहस्रार छे, तेमां प्रवेश करवा माटे जे ध्यान करवुं, ते संभेद प्रणिधान छे।

४. जे ध्यानमां स्वयं ध्येयरूप थई ध्येयनी साथे पोताना आत्मानो सर्व प्रकारे अभेद साधवानो होय छे, ते अभेद प्रणिधान छे।

प्रमाणे परमात्मा साथे अभेद भावने पामेलो ध्यानी आत्मा सर्व पापोनो नाश करी परमात्मपणाने प्राप्त करे छे।

## अनाहतनी पूर्वावस्था

अनाहतनी पूर्व अवस्थामां संभेदप्रणिधान द्वारा प्रगट थतां अभेदप्रणिधानमय ध्याननुं स्वरूप विविध ग्रंथोमां आ प्रमाणे बताव्युं छे।

ध्याता प्रथम अरिहंत परमात्मानी मानसिक भावपूजा उत्तमोत्तम द्रव्योनी कल्पना वडे करे छे। (जेमके समतारूपी स्वच्छ गंगाजल वडे प्रभुने स्नान करावी भक्तिरूप केशर वडे अर्चन करी, शुद्धभावरूप पुष्पो चडाववा विगेरे) त्यार पछी परम प्रभुना अनंत गुणोनुं स्मरण करी प्रभु साथे तन्मय बनवा माटे भावना करे छे, के मारा आत्मामां पण तेवा गुणो तिरोभावे (प्रच्छन्नपणे Potentially) रहेलां छे, कारण के सर्व जीवो सत्ताए सिद्ध समान छे। सर्व जीवोनी जाति एक छे। (एगे आया) आत्मानुं सहज निर्मल स्वरूप स्फटिक रत्न समान छे। (जेम निर्मलतारे रत्न स्फटिक तणी, तेम ए जीव स्वभाव;)

आ प्रमाणे अनेक स्याद्वाद सिद्धान्तनां सापेक्ष वचनो द्वारा विचार करतां तेने समजाय छे, के परमात्मा अने मारा आत्मानी कथंचित् समानता छे, माटे अमे बंने एकज छीए। ते परमात्मा ते ज हुं छुं, (सोऽहं)। आ रीते द्विधाभावने (भेदभावने) दूर करी [1]पोताना आत्माने पण परमात्म स्वरूपे चिंतवे छे। अने समरस भावमां विशेष उल्लसित थई तेमां मग्न बनी विचार छे के, [2]खरेखर आजे हुं आनंदना महान साम्राज्यने पाम्यो छुं अने सूर्य समान केवलज्ञानने मेलवी संसार समुद्रथी पार थई परमात्म स्वरूप बन्यो छुं[3] सर्व लोकनां अग्रभागे रहेलो···हुं तो निरंजन देव छुं।

## परमात्म दर्शननुं लक्षण

ज्यारे ऊपर जणाव्या प्रमाणे निरंजन देवना दर्शन थाय छे, त्यारे साधक (ध्याता) ना नयनोमांथी आनंदनो अश्रुप्रवाह वहेवा मांडे छे, समग्र शरीर रोमांचित बनी जाय छे।

---

१. द्वाभ्यामेकं विधायाथ, शुभध्यानेन योगवित्।
   परमात्मस्वरूपं तं, स्वमात्मानं विचिन्तयेत् ॥४७॥

२. सुलब्धानंदसाम्राज्यः, केवल-ज्ञान-भास्करः।
   परमात्म-स्वरूपोऽहं, जातस्त्यक्तभवार्णवः ॥४८॥

३. अहं निरंजनो देवः, सर्वलोकाग्रमाश्रितः।
   इति ध्यानं सदाध्यायेदक्षयस्थानकारणं ॥४९॥

—योग प्रदीप

ध्याता ज्यारे परमात्मा साथे तन्मय बने छे, त्यारे तेने अपूर्व आनंदनो अनुभव थाय छे, आ सत्य अनेक अनुभवी महात्माओना अनुभव वाक्योथी स्पष्ट समजाय छे। [1]'योगी ज्यारे जे वस्तुनुं ध्यान करे छे, त्यारे ते ध्येय साथे तन्मय बनी जाय छे, एटले के ध्येयमय बनी जाय छे, माटे योगीए हंमेशा आत्म विशुद्धि मेळववा वीतरागने ज ध्याववा जोइए, जेथी आत्मा पण वीतराग बनी शके। [2]आ मारो आत्मा तेज निर्मल स्फटिक समान अने सर्व उपाधिओथी रहित परमात्मा छे, एवुँ ज्ञान आत्माने परमपद आपे छे।

योगी अरिहंत परमात्मा साथे ध्याननां सतत अभ्यास वडे तन्मयताने साधी स्वआत्माने पण सर्वज्ञरूपे जूवेछे। एटले जे आ सर्वज्ञ भगवान छे ते हुं पोते ज छुं।

[3]सद्गुरुना परमभक्तिना प्रभावथी साधक ने आ जन्ममां ज श्री तीर्थंकर परमात्मानां दर्शन 'समापत्ति' ध्यान वडे थाय छे अने ते मोक्षनुँ असाधारण कारण गणायुं छे।

## [4]समापत्ति एटले शुं ?

ध्याता ध्येय अने ध्याननी एकताने समापत्ति कहेवाय छे। अेटले परमात्मा आदि ध्येय साथे ध्यान वडे तन्मय बनवुं एज 'समापत्ति' छे अने आ समापत्ति सिद्ध थतां ध्यान-दशामां श्री तीर्थङ्कर परमात्मानां साक्षात् दर्शन थाय छे।

श्रीपाल कथामां श्री अरिहंतादि नवपदोनुं तन्मयपणे ध्यान करवानुं बतावी तेनुं फल जणाव्युं छे, के ध्याता ज्यारे रूपस्थ, पदस्थ पिंडस्थ ध्यानवडे अरिहंतनुं ध्यान करी तेमां तन्मय बने छे, त्यारे ते पोताना आत्माने पण साक्षात् अरिहंत रूपे जूवे छे। रूपातीत स्वभाव वाला केवल ज्ञान, दर्शन अने आनंदयुक्त एवा सिद्ध परमात्मानुं ध्यान करतो आत्मा पोते पण सिद्ध स्वरूपे बने छे, एमां संदेह करवो नहिं [5]आ प्रमाणे नवपदो साथे आत्मानी एकता विचारवी।

---

१. यदाध्यायति यद् योगी, याति तन्मयतां तदा।
ध्यातव्यो वीतरागस्तन् नित्यमात्मविशुद्धये ॥ (योगसार:)

२. शुद्ध-स्फटिक-संकाशो, निश्कलश्चात्मनात्मनि।
परमात्मेति स ज्ञात:, प्रदत्ते परमं पदम् ॥

३. गुरुभक्तिप्रभावेन, तीर्थकृद्दर्शनं मतम्।
समापत्त्यादिभेदेन, निर्वाणैकनिबन्धनम् ॥

४. समापत्तिनुं विशेष स्वरूप षोडशक आदि ग्रंथोमां वर्णवायेलुं छे।

५. अरिहंत पद ध्यातो थको........., रूपातीत स्वभाव जे......... ।

[1]जेम नवपदोनी स्तुति करतां श्रीपाल पोतानां आत्माने नवपदमय जोता हता, तेम कोई पण साधक अरिहंतादिनी साथे तन्मय बने, तो ते पण अरिहंतादिमय बनी शके छे । कह्युं छे के:– 'जिनस्वरूप थई जिन आराधे, ते सहि जिनवर होवेजी' ;

प्रश्न :–अहिं कदाच एम शंका थाय के छद्मस्थ एवा ध्याताने (ध्यान करनारने) अरिहंत के सिद्ध केम कही शकाय ?

उत्तर :–अरिहंत के सिद्धनुं ध्यान करनार ध्याता भावनिक्षेपे आगमथी अरिहंत के सिद्ध कही शकाय, केमके अरिहंत के सिद्धपदनो ज्ञाता तेमां उपयोग वालो होय तो ते आगमथी भावनिक्षेपे अरिहंत के सिद्धज छे ।

परमात्मा-प्रभु साथे रसभरी प्रीति, तेमना स्वरूपमां तन्मय बनवाथी ज थई शके छे । प्रभु साथे तन्मय बनवाथी ज तेमनी पराभक्ति थाय छे । अरिहंतना आलंबनथी जीव आत्मावलंबी (स्वरूपावलंबी) बनी शके छे ।

'जेम जिनवर आलंबने, वधे सधे एकतान हो मित्त ;
तेम तेम आलंबनी ग्रहे, स्वरूप निदान हो मित्त' ।

जीव जेम जेम जिनवरनुं ध्यान करी तेमा एकता साधे छे, तेम तेम ते आत्मावलम्बी बनी पोताना शुद्ध स्वरूपनुं कारण (निदान) मेलवी शके छे, एटले के स्वभावरमणता प्राप्त करे छे । अने स्वभाव रमणता करतो जीव पूर्णानन्दस्वरूप ने प्राप्त करे छे । श्री सिद्धसेन दिवाकरसूरिजी पण 'कल्याणमन्दिर'मां अने 'जिनसहस्र नाम स्तोत्रमां' अभेद ध्याननुं स्वरूप बतावतां कहे छे, के [2]पंडित पुरुषो जिनेश्वरना स्वरूपनुं ध्यान करी स्व-आत्माने पण अभेदभावे ते स्वरूपे ज ध्यावे छे , ते जिनेश्वर बने छे । [3]जिनेश्वर ज दाता अने भोक्ता छे । सर्व जगत पण जिनमयज छे । जिनेश्वर सर्वत्र जय पामे छे । जे जिनेश्वर छे, ते हुं पोतेज छुं । वली अनुभवी योगी श्री आनन्दघनजी म० प्रभु साथे तन्मयता केलवानो उपाय दर्शावे छे, के अरिहंत देवनी द्रव्य पूजा, स्तोत्र पूजा आदि द्वारा[3] चित्तनी

---

१. एम नव पद थुणतो तिहां लीनो, हुओ तन्मय श्रीपाल··· ··· ··· ···

—**श्रीपाल रास**

२. आत्मा मनीषिभिरयं, त्वदभेद बुध्या ।
ध्यातो जिनेन्द्र भवतीह भवत्प्रभावः ।।१७।। —**कल्याण मन्दिर**

३. जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगत् ।
जिनो जयति सर्वत्र, यो जिनः सोऽहमेव च ।। —**जिन सहस्रनामस्तोत्र**

प्रसन्नता प्राप्त करी, [1]कपट रहित थई आत्माने परमात्मामां समर्पित करवो अने आत्म-समर्पण समये बहिरात्मभावने दूर करी अंतरात्मामां स्थिर बनी परमात्म स्वरूप भाववुं एटले के अन्तरात्माने परमात्मरूपे ध्याववुं। [2]जिनेश्वर रूप थइजे जिननी आराधना करे ते अवश्य जिन बने छे।

आत्मा अने परमात्मा बंने शुद्ध नयथी एकज छे। एम विचारता मतिभ्रम दूर थाय छे अने मतिभ्रम दूर थवाथी परम सम्पत्ति अने आनन्दघन रसनी पुष्टि थाय छे।

**अनाहत ए सम्यग् दर्शन, इच्छायोग, अध्यात्मयोग, भावनायोग, प्रीति अने भक्ति आदि अनुष्ठाननो सूचक छे**

श्री सिद्धचक्रनी कर्णिकामां स्वर अने अनाहत सहित अर्हँनुं प्रथम आलेखन ए प्राथमिक अवस्थामां सर्वजीवोने इच्छायोग अने प्रीति-भक्ति आदि अनुष्ठानने सूचवे छे।

अरिहंत परमात्मा प्रत्ये प्रथम प्रीति उत्पन्न थवी जोइए। एमनां नामस्मरण अने मूर्तिदर्शन वडे साधनानो मंगलमय प्रारंभ थाय छे। नाना बाळ जीवोने सर्वप्रथम श्री नमस्कार महामंत्रनुं रटण अने प्रभुदर्शन करवानुं शीखडाववामां आवे छे तेनी पाछल एज रहस्य छे, के तेओने प्रभु प्रत्ये प्रेम पेदा थाय, 'अरिहंते शरणं पवज्जामि' द्वारा प्रथम प्रभुनुं शरण स्वीकारवानुं बतावी पछीज दुष्कृत गर्हा अने सुकृतानुमोदना करवानुं विधान छे।

सम्यक्त्व प्राप्तिनां सर्व कारणोमां अरिहंतनी प्रीति अने भक्तिने प्रधान कारण (पुष्ट हेतु) मानवामां आव्युं छे। बाकीनी सर्व सामग्री गौण मनाइ छे।

निमित्त हेतु जिनराज समता अमृत खाणी,
प्रभु आलंबन सिद्धि नियमा एह वखाणी।

—देवचंदजी कृत अरनाथस्तवन

उपादान आतम सहिरे, पुष्टालंबन देव;
उपादान आतमपणेरे, प्रगट करे प्रभु सेव।

अरिहंतनी प्रीति अने भक्ति ए योगनुं बीज छे, मीत्रा दृष्टिवाला जीवो करतां तारा, बला, अने दीप्रा, दृष्टिवाला जीवोनी अरिहंत प्रत्येनी प्रीति अने भक्ति अत्यंत गाढ होय छे।

श्री अरिहंतादिनी भक्तिना योगे ध्यान शक्ति वधतां ग्रन्थी भेदननुं सामर्थ्य प्रगटे छे, अने सम्यग्दर्शननी प्राप्ति थतां ते प्रीति, भक्ति तात्त्विक बने छे, योग बिन्दु ग्रन्थमां वर्णवायेल

---

१. चित्त प्रसन्ने रे पूजन फल कह्युं रे। —**ऋषभदेव स्तवन**
कपट रहित थई आतम अरपणां०। —**सुमतिनाथ स्तवन**

२. जिन स्वरूप थई जिन आराधे ते सहि जिनवर होवेजी। —**नमिनाथ स्तवन**

इच्छायोग, अध्यात्मयोग अने भावनायोग पण अहिं अवश्य होय छे, अने ध्यानयोग पण अंशे प्रगटे छे। अनुक्रमे नवपदोनी भक्तिपूर्वकना आराधन वडे अने शास्त्रश्रवण द्वारा ध्यानादि योगोनो विकास थतो जाय छे, अने ते अवस्थामां शास्त्रयोग अने वचनानुष्ठान पण घटी शके छे। अने ज्यारे ए ध्यानादि-अनुष्ठान सहज बनी जाय छे, त्यारे असंग-अनुष्ठान तेमज सामर्थ्ययोग पण अवश्य प्रगटे छे।

आ रीते सूक्ष्मदृष्टिथी विचारतां समजी शकाय छे, के प्रथम वलयमां आलेखायेलो अनाहत ए सम्यग्दर्शन, ईच्छायोग, अध्यात्मयोग, भावनायोग, प्रीति अने भक्ति आदि अनुष्ठानोनो सूचक छे।

बीजा वलयमां आलेखायेलो अनाहत देशविरति, सर्वविरति, प्रवृत्तियोग, ध्यानयोग, स्थैर्ययोग, वचन-अनुष्ठान अने शास्त्रयोगनो सूचक छे।

त्रीजा वलयमां अनाहतनुं स्वतन्त्र स्थापन ए अप्रमत्तदशा अने तेनी आगलना गुण-स्थानकोमां थती स्वभावरमणता, सामर्थ्ययोग, समतायोग अने सिद्धियोग आदिनो सूचक छे।

सुज्ञ वाचकोने योगबिन्दु, योगदृष्टिसमुच्चय, गुणस्थानकक्रमारोह आदि ग्रंथोनुं परिशीलन करवाथी उपरोक्त कथननुं रहस्य समजाशे। अनाहत ए उत्सर्ग भावसेवा छे, कारण के ते अपवाद भावसेवारूप अर्हं आदि नवपदोना ध्यानथी प्रगटेली आत्मशक्ति छे। अने ते अनाहत, उत्तरोत्तर गुणनी प्राप्तिनुं कारण होवाथी अपवाद भावसेवा पण छे। कह्युं छे के:—

उत्कृष्ट समकित गुण प्रगटयो, नैगम प्रभुता अंशेजी ;
संग्रह आतम सत्तालंबी, मुनिपद भाव प्रशंसेजी ;
कारण भाव तेह अपवादे, कार्यरूपी उत्सर्गेजी।

अनाहत ए ध्यानथी प्रगटेली आत्मशक्ति होवाथी कार्यरूप, अने उत्तरोत्तर विशुद्ध आत्मशक्तिनो हेतु होवाथी कारणरूप पण छे।

### अनाहत अने समाधि

समाधि ए ध्यान विशेष छे[1]। अनाहत पण विशिष्ट प्रकारनुं ध्यान ज होवाथी तेनो समावेश समाधिमां थई शके छे।

### समाधिनी व्याख्या

ध्याता ध्यान वडे ध्येयस्वरूप बनी जइ पोताने मात्र ध्येयरूपेज अनुभवे ते समाधि छे।[2]

---

१. समाधिः ध्यान विशेषः। (श्रीदशवैकालिक हारि० वृत्ति)

२. समाधिस्तु तदेवार्थमात्राभासनरूपकः। (अभिधान कोष)

अनाहत पण ध्याननी परिपक्व अवस्थामां उत्पन्न थतो होवाथी समाधि रूप छे

अक्षरध्वनिथी रहित, विकल्पना तरंगविनानु, समभावमां स्थित अने सहज अवस्थाने प्राप्त थयेल चित्तमां अनाहत उत्पन्न थाय छे। अनाहतनो ज्यारे ब्रह्मरंध्रमा लय थाय छे, त्यारे अपूर्व आनन्दनो अनुभव अने [1]परतत्वसमापत्ति थाय छे, अने तेने ज समाधि कहेवामां आवे छे।

समाधिना पर्यायवाची नामोना बोधथी स्पष्ट समझाय छे, के अनाहत ए समाधि रूप छे।

राजयोगः समाधिश्च, उन्मनी च मनोन्मनी।
अमरत्वं लयस्तत्त्वं, शून्याशून्यं परं-पदम् ॥३॥

अमनस्कं तथाद्वैतं, निरालंबं निरंजनं।
जीवनमुक्तिश्च सहजा, तुर्या चेत्येकवाचकाः ॥४॥

—हठयोग दीपिका

परमात्मा साथे ध्यातानो अभेद थवो तेज समरसीभाव अने तेज एकीकरण छे, तेने ज उभय लोकमां फलदायी समाधि कहेवामां आवे छे[2]।

श्रीदशवैकालिकना नवमा अध्ययनना ४ था उद्देशामां नीचे प्रमाणे चार प्रकारनी समाधिनु विधान छे–

१. विनयसमाधि। २. श्रुतसमाधि।
३. तपसमाधि। ४. आचारसमाधि।

तेनी व्याख्या श्रीहरिभद्रसूरि म.कृत वृत्तिमां आ प्रमाणे छेः– 'तत्र समाधानं समाधिः परमार्थतः आत्मनो हितं सुखं स्वास्थ्यं वा। परमार्थथी आत्मानु हित, सुख के स्वास्थ्य एज समाधि छे।

१ विनयाद् विनये वा समाधिः विनयसमाधिः।

विनय करवाथी जे आत्महित, आत्मसुख के आत्मस्वास्थ्यनी प्राप्ति थाय तेज विनय-समाधि कहेवाय, तेना चार भेद बतावावामां आव्या छे।

---

१. समापत्ति—ध्यानविशेषरूपा तत्फलभूता वा मनसः समापत्ति अभिधीयते। (षोडषक)

२. सोऽयं समरसीभावस्तदेकीकरणं स्मृतम्।

—तत्त्वार्थ०

२ श्रुतज्ञानना अभ्यासथी जे समाधि प्राप्त थाय ते श्रुतसमाधि ।

श्रुतज्ञाननो अभ्यास शा माटे ?

(क) द्वादशांगीनुं ज्ञान मेलववा माटे ।

(ख) ज्ञानमां एकाग्र बनवा माटे ।

(ग) तत्त्वज्ञानी बनीने शुद्ध धर्ममां स्थिर रही शके ते माटे ।

(घ) पोते शुद्ध स्वभावमां स्थित होवाथी अन्य शिष्यादिकने पण धर्ममां स्थिर बनावी शके ते माटे । एज रीते तपसमाधि अने आचारसमाधिनुं स्वरूप पण चार चार भेद वडे विस्तारथी समजाववामां आव्युं छे । जिज्ञासुए ते ते ग्रन्थमांथी गुरुगमद्वारा जाणवुं ।

श्री सिद्धचक्र महायंत्रनी कर्णिकामां 'अर्हं' नुं ध्यान पण 'अनाहत'मां लय पामे छे, ते अरिहंतनी परमभक्ति रूप विनयनुं फल छे । माटे 'अर्हं' पछी करवामां आवतुं अनाहतनुं वेष्टन विनयसमाधिनो सूचक छे ।

द्वितीय वलयमां स्वरादि साथे जे अनाहतनुं आलेखन छे, ते श्रुतज्ञान वडे जे समाधि दशा प्राप्त थाय छे, ते श्रुतसमाधिनो सूचक छे ।

तृतीय वलयमां तपस्वी अने आचारवंत लब्धिधारी मुनिओ साथे अनाहतनुं आलेखन छे, ते तप, आचार अने समाधिने सूचवे छे । अर्थात् विनय, श्रुत, तप अने आचारना पालनथी ज अनाहत समाधि प्रगटे छे, ए रहस्य श्री दशवैकालिक सूत्र जेवा मूल ग्रन्थमां पूर्वधर महर्षि श्रीशय्यंभवसूरिजीए पण बतावेलुं छे[१] ।

श्रीअरिहंत परमात्मानी भक्तिथी चित्तनी प्रसन्नता प्राप्त थाय छे, चित्तनी प्रसन्नताथी 'समाधि' प्रगटे छे अने समाधि वडे सिद्धिपदनी प्राप्ति थाय छे । चित्तनी प्रसन्नता ए प्रभुपूजानुं अनंतर फल छे[२] । साधक चित्तनी प्रसन्नता प्राप्त करीने कषायोने शांत बनावे छे । अने कषायोनो कारमो उकलाट शमी जवाथी समाधिदशामां ते परमात्माने आत्मसमर्पण करे छे[३] ।

१. इमे खलु ते थेरेहिं भगवंतेहिं चत्तारि विणयसमाहिठाणा पन्नता तं जहा विणयसमाहि, सुयसमाहि, तवसमाहि आचारसमाहि । —श्रीदशवैकलिक मूल

२. अभ्यर्चनादर्हताम्, मनः प्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्यायः ॥१॥ —तत्त्वार्थ-भाष्य-कारिका

३. चित्त प्रसन्ने रे पूजन फल कह्युं रे, पूजा अखंडित एह ।
कपट रहित थइ आतम अरपणां रे, आनंदघन पद रेह ॥ —ऋषभ जिन स्तवन

आत्मसमर्पण ए समाधि रूप ज छे, केमके बहिरात्मदशानो त्याग करीने अंतरात्मस्वरूपमां स्थिर बनी, पोताना आत्माने परमात्मास्वरूपज चिंतववो तेने आत्मार्पण कहेवाय छे[१]।

इन्द्रियोने वश करीने मनने, परमात्ना गुणचिंतनमां के ध्यानमां जोडवाथी ज बुद्धि स्थिर बनी शके छे।

परमात्माना गुणगानथी के ध्यानथी चित्तनी प्रसन्नता प्राप्त थायछे अने चित्तनी प्रसन्नता प्राप्त थतां सर्व दुःखोनो नाश थाय छे तेमज प्रसन्नचित्त वाला पुरुषनी बुद्धि शीघ्र स्थिर थाय छे।

इन्द्रियोनां जय विना मन अस्थिर रहे छे, चित्तनी चपलता थवाथी प्रभुस्तुति के ध्यान थई शकतु नथी, अने ते विना चित्तप्रसन्नता प्राप्त थती नथी, अने चितप्रसन्नता विना शान्ति मलती नथी। अशांत आत्माने सुख के समाधि क्यांथी मली शके? आ उपरथी समजी शकाय छे, के समाधिसुखना अभिलाषीओए प्रथम इन्द्रियोने काबुमां राखी, मनने परमात्मगुणोमां स्थिर बनावी, तेना ध्यानमां लीन बनवुं, जेथी चित्तनी प्रसन्नता वधती जशे, अने अनुक्रमे ध्याता, ध्यान अने ध्येयनी एकता साधी शकाशे, अने ते एकता सिद्ध थतां समाधिसुखनो साक्षात् अनुभव थशे।

जे मनुष्य सर्व कामनाओनो त्याग करी, निस्पृह थई 'अहं अने मम' एटले "हुं अने मारूं" ए भावने छोडे छे, अर्थात् निरहंकारी बने छे, तेज शांतिने-समाधिने मेलवी शके छे।

श्रीगणधर भववंतो पण 'लोगस्स सूत्र'मां तीर्थंकरपरमात्मानी स्तुति द्वारा प्रसन्नतानी मांगणी करीने उत्ताम समाधिदशा प्राप्त थाओ एवी प्रार्थना करे छे। 'तित्थयरा मे पसीयन्तु' (मारा उपर श्रीतीर्थंकर भगवन्तो प्रसन्न थाओ) एवी प्रार्थना द्वारा साधकनुं चित्त प्रसन्न थाय छे, एज प्रभुनी प्रसन्नता छे।

भावआरोग्य, बोधिलाभ ए भावसमाधिनां कारणो छे। तेनाथी उत्ताम समाधिनी प्राप्ति थाय छे। चित्तनी प्रसन्नताथी भावआरोग्यनी प्राप्ति थाय छे। भावआरोग्य वडे बोधिलाभ प्रगटे छे अने बोधिलाभनी प्राप्तिथी समाधि प्रगटे छे।

सामायिक पण समाधि स्वरूप ज छे। समतानो लाभ एज समायिक छे। समाधिदशाने प्राप्त थयेलो आत्मा पण परमात्मा साथे तन्मय बनी समतारसनुं पान करे छे।

---

१. बहिरातम तजी अंतरआतमा-रूप थइ स्थिर भाव; सुज्ञानी।
परमातमनुं हो आतम भाववुं, आतम अरपण दाव, सुज्ञानी॥　　—सुमतिनाथ स्तवन

श्रुतसामायिक, सम्यक्त्वसामायिक, देशविरतिसामायिक पण समाधिनाज प्रकारो छे । श्रीदशवैकालिकसूत्रमां बतावेली विनयसमाधि विगेरेमां आ चारे सामायिक नो समावेश थइ जाय छे । संयम, चारित्र ए पण समधिनां ज पर्यायवाची नामो छे। आत्मा ज्यारे स्वस्वभावमां रमणता करे छे, त्यारे तेने चारित्र कहेवामां आवे छे ।

चारित्र ए समाधिगुणमय होवाथी समाधि ज छे, तेने ज संयम कहेवामां आवे छे ।[1]

परमात्माना ध्यानमां मग्नता, तन्मयता थवी ए पण समाधि ज छे ।

अर्हं आदिना ध्यान वडे अनाहतलय उत्पन्न थवाथी ज परमात्म स्वरूपमां मग्नता के तन्मयता थइ शके छे ।[2]

## श्री ज्ञानसारमां मग्नतानुं लक्षण[3]

पांचे इन्द्रियोनुं दमन करी, मनने स्थिर बनावी, मात्र चिदानंद स्वरूपमां विश्रान्ति करतो योगी मग्न कहेवाय छे । जे योगी ज्ञानसुधाना सिंधु समान परब्रह्म (परमात्म) स्वरूपमां मग्न बने छे, तेने अन्य विषयो हलाहल झेर जेवा लागे छे । स्वभावसुखमां मग्न बनेलो मुनि जगतनां सर्वतत्त्वोनुं यथास्थित स्वरूपे अवलोकन करतो होवाथी, ते पोताने बाह्यभावोनो कर्ता मानतो नथी, पण साक्षी मात्र माने छे ।

श्रीभगवतीसूत्रमां पण संयमपर्यायनी वृद्धि साथे जे आत्मिकसुखनी वृद्धि बतावी छे, ते आवा स्वभावमग्न मुनिने आश्रयीने ज बतावेली छे।

संयमना असंख्यात अध्यवसायस्थानो ए अनुक्रमे विकाश पामती आत्मविशुद्धिना द्योतक छे ।

जेम जेम आत्मविशुद्धि वधे छे, तेम तेम आत्मिकसुख वृद्धि पामतुं जाय छे । ध्याता अंतरात्मा जेम जेम स्वभावमां स्थिति करे छे, तेम तेम तेने समाधिविषयक अनुभवो स्पष्ट-थतां जाय छे[4] ।

---

१. शुद्धातम गुणमें रमे, तजि इन्द्रिय आशंस; थिर समाधि संतोषमां, जयजय संयम वंश ।
समाधि गुणमय चारित्रभलुंजी, सत्तरमुं सुखकार रे; व्रत श्रावकनां बारभेदे कह्यांजी, मुनिना महाव्रत पंचरे । सत्तर ए द्रव्य भावथी जाणीनेजी, यथोचित करे संयम संचरे·········

**विजय लक्ष्मीसूरिकृत वीस स्थानक पूजा**

२. अनाहतलयोत्पन्नसुखं —(योगप्रदीप)

३. जूओ ज्ञानसार अष्टक बीजुं ।

४. यथा यथा समाध्याता, लप्स्यते स्वात्मनि स्थितिम् ।
समाधिप्रत्ययाश्चास्य, स्फुटिस्यति तथा तथा ॥

अनाहतनाद पण घंटानादनी जेम धीमे धीमे प्रशांत अने मधुर बनतो आत्माने अमृत समान सुखनो दिव्य आस्वाद करावे छे।[१]

अविच्छिन्न तैलधारा अने दीर्घघंटाना रणकार जेवा अनाहतनादनां लयने जे जाणे छे (अनुभवे छे) तेज खरेखर योगनो ज्ञाता छे।[२]

आ वातथी स्पष्ट समजाय छे के समाधिदशामां झीलता चारित्रधारी मुनिने 'अनाहत-नादनो' स्पष्ट अनुभव थाय छे, अने तेना सतत अभ्यासथी अनुक्रमे सूक्ष्म-अतिसूक्ष्म बनतुं तेनुं ध्यान, जेम जेम अत्यंत निर्मल बनतुं जाय, तेम तेम शांतरसना दिव्य आस्वादनो वधुने वधु अनुभव थतो जाय छे, अने अंते ज्यारे निराकार एवा ब्रह्मरंध्रमां तेनो (अनाहतनो) लय थइ जाय छे, त्यारे साधकने शुद्धतम स्वरूपनो कांइक अंशे साक्षात् अनुभव थाय छे।

आत्मा जेटले अंशे चारित्रमोहनो उपशम के क्षयोपशम करे छे, तेटला अंशे तेने अप्रमत्तादशामां परमानंदनो अनुभव थइ शके छे, ए शास्त्रसिद्ध हकीकत छे।

श्रीसिद्धचक्रयंत्रना त्रीजा वलयमां लब्धिधारी मुनिओ साथे अनाहतनुं आलेखन छे, ते लब्धिधारी मुनिओ, अनाहत अने चारित्र–(भाव समाधिरूप) नी एकता सूचवे छे, ते हकीकत नीचेना शास्त्रपाठोथी स्पष्ट थशे।

आत्मस्वभावमां स्थिरता एज चरित्र छे। जेम जेम स्वभावमां स्थिरता वधती जाय छे, तेम तेम गुणनी वृध्धि थाय छे। श्रीसिध्धभगवंतोमां पण स्थिरतारूप चरित्र मानवामां आव्यु छे[३]।

आत्म स्वभावमां स्थिर थवुं अने अन्यने स्थिर वनाववा ए भावसमाधि छे।

कोइ पण दीन दुःखीने जोई अनुकम्पा उत्पन्न थवी ते द्रव्यसमाधि छे।[४]

सारणादिकना प्रयोगथी शिष्यादिक ने चारित्रधर्ममां स्थिर करवा ते भावसमाधि छे[५]। श्रीसुत्रकृतांगना दशमा अध्ययनमां कह्युं छे, के जे धर्मध्यानादि वडे आत्मा मोक्षमां अथवा सम्यग्दर्शनादि मोक्षमार्गमां स्थिर बने छे, ते धर्मध्यानदि ज समाधि छे।[६] अथवा मोक्ष के मोक्षमार्ग प्रत्ये जे धर्मवडे योग्य कराय ते धर्म समाधि छे।

---

१. घंटानादो यथा प्रान्ते, प्रशाम्यन् मधुरो भवेत्।
अनाहतनादो······तथा शान्तो विभाव्यताम्॥

२. तैलधारामिवाच्छिन्नं, दीर्घघंटानिनादवत्।
लयं प्रणवनादस्य, यस्तं वेत्ति स योगवित्॥

३. चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपि इष्यते। —ज्ञानसार, तृतीय अष्टक

४. अनुकंपा दीनादिकनी जे करेजी, ते कहिए द्रव्य समाधि।

५. सारणादिक करी धर्ममां स्थिर करेजी, ते लहीए भाव समाधि।

६. समाधि-सम्यगाधीयते–व्यवस्थाप्यते मोक्षं तन्मार्गं वा प्रति येनात्मा धर्मध्यानादिना स समाधिः-धर्मध्यानादिकः। अथवा येन धर्मेण योग्यः क्रियते असौ धर्मः स समाधिः।

अनाहत ए धर्मध्यान रूप छे। तेना वडे आत्मा सम्यग्दर्शनात्मक स्वस्वरूपमां स्थिर बने छे, माटे ते भाव समाधि छे।

## चारित्र अने समाधिनो प्राप्ति

जे साधु दर्शन, ज्ञान, चारित्र अने तपरूप भावसमाधिमां स्थित बने, ते चारित्रमां स्थित होय छे अने जे चारित्रमां स्थित रहे छे, ते समाधिमां स्थिर बने छे, एम बंने परस्पर एक बीजानी पुष्टि करनारां छे[१]।

**दर्शन समाधिमां** स्थित साधक, जिनेश्वरनां वचनोथी भाक्ति हृदयवालो होवाथी कुमतना कुतर्कोथी भ्रमित थतो नथी।

**ज्ञान समाधिमां** स्थित साधु जेम जेम अतिशय रसपूर्वक श्रुतनो अभ्यास करे छे, तेम तेम भावसमाधिमां अत्यंत स्थिर बनतो जाय छे, संवेग अने श्रध्धानी वृध्धि थवाथी अपूर्व आनंदनो अनुभव करे छे।

**चारित्र समाधिमां** स्थित साधु विषयसुखनी निस्पृहताना बले पोतानी पासे कांइ पण न होवा छतां दिव्यसुखनो मधुर आस्वाद माणे छे।

**तप समाधिमां** स्थित साधु घोरतप तपवा छतां तेने मनमां जरा पण खेद उत्पन्न थतो नथी, क्षुधा, तृषा आदि परिषहोनी यातनाओ पण तेने उद्वेग पमाडती नथी। एटलुं नहीं पण ध्यान आदि अभ्यंतर तपमां मस्त बनेलो ते मुनि सिध्ध भगवंतोनी जेम सुख-दुःखथी बाधित थतो नथी।

आ प्रमाणे चारे समाधिमां लीन बनेलो मुनि सम्यक् चारित्रना पालनमां सुस्थिर बनतो जाय छे।

द्वितीयअंगमां बतावेलुं आ समाधिनुं स्वरूप अनाहतना रहस्यभर्या स्वरूप ने समजवामां सहायक बने छे।

## अनाहत पण भावसमाधि रूप छे

अनाहतना लयमां स्थिर बनेलो साधु चारित्रमां स्थिर बने अने चारित्रमां स्थिर बनेलो

---

१. भावसमाहि चउव्विह, दंसण नाणे तवे चरित्ते य।
चउसुवि समाहियप्पा, सम्मं चरणठ्ठिओ साहू ॥१०६॥

—सूत्रकृतांग अध्ययन–१० निर्युक्ति गाथा.

**टीका—**

यः सम्यक्चरणे व्यवस्थितः स चतुर्विध समाहितात्मा भवति, यो वा भावसमाधिसमहितात्मा भवति स सम्यक्चरणे व्यवस्थितो द्रष्टव्यः ॥

साधु अनाहतमां स्थिरता पामी शके छे। आ रीते बंनेनी परस्पर व्याप्ति बताववा माटे ज श्रीसिध्धचक्र यंत्रना[1] तृतीयवलयमां आठे दिशाओमां अनाहतनुं स्थापन चारित्रधारी विशिष्ट लब्धिसम्पन्न मर्हाषिना मध्यमां थयेलुं छे, एम स्पष्ट समजाय छे।

तेमज प्रथमवलयमां 'अर्हं' साथे अनाहतनुं स्थापन ए दर्शनसमाधिनु सूचक छे। एटले के 'अर्हं'ना ध्यान वडे सम्यग्दर्शन प्राप्त थाय छे। अने प्राप्त थयेल सम्यग्दर्शन निर्मल बने छे, तेथी दर्शनसमाधि सिद्ध थाय छे। सम्यग्दृष्टि आत्मा अनाहतमां स्थिर बनी शके छे।

बीजा वलयमां स्वरादि साथे अनाहननुं स्थापना ए ज्ञानसमाधिने सूचवे छे।

त्रीजा वलयमां लब्धिवंत चरित्रधारी मर्हाषिओ साथे करवामां आवेलुं अनाहतनुं स्थापन ए चारित्रसमाधि अने तपसमाधिने सूचवे छे।

### समाधिनो भगवद्गीता साथे समन्वय

भगवद्गीतामां कह्युं छे के:—

इन्द्रिय संसर्गथी भ्रममां पडेली बुद्धि ज्यारे शास्त्रना विविध प्रकारनां वाक्यो श्रवणकरी, स्थिर थशे त्यारे ज सर्व प्रकारनी योगस्थिति साध्य थशे[2]।

### समाधिमां रहेलो योगी ज स्थितप्रज्ञ कहेवाय

ज्यारे मानवी मनमां रहेली सर्व कामनाओने तजीने आत्म समाधिवडे आत्मामांज संतुष्ट बने छे, त्यारे ते स्थितप्रज्ञ कहेवाय छे।[3]

सुख-दुःखमां पण समभाव राखनारो, राग, भय, अने क्रोध रहित मुनिनेज स्थिथप्रज्ञ कहेवामां आवे छे।[4]

सर्वविषयो प्रत्येनुं ममत्व विराम पामवाथी जेने शुभाशुभ विषयो प्राप्त थवा छतां हर्ष के शोक थतो नथी, तेनी ज प्रज्ञा स्थिर बने छे।[5]

काचबानी जेम पोतानी इच्छानुसार मनुष्य ज्यारे पोतानी इन्द्रियोने विषयोमांथी संहारी ले छे, (पाछी खेंची ले छे) त्यारे तेनी बुद्धि स्थिर थइ जाणवी।[6]

---

१. अनाहतव्याप्तदिगष्टके यत्, सलब्धिसिद्धार्षिपदावलीनाम्।
२. श्रुतिविप्रतिपन्ना ते, यदा स्थास्यति निश्चला:। समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यति ॥५३॥
३. प्रजहाति यदा कामान्, सर्वान् पार्थ मनोगतान्। आत्मन्येवात्मना तुष्टः, स्थितप्रज्ञस्तदोच्यते ॥५५॥
४. दुःखेष्वनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः। वीतरागभयक्रोधः, स्थितधीर्मुनिरुच्यते ॥५६॥
५. यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम्। नाभिनंदति न द्वेष्टि, तस्य प्रज्ञा प्रतिष्ठता ॥५७॥
६. यदा संहरते चायं, कुर्मोऽङ्गानि इव सर्वशः। इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५८॥